Registered Under R.N.I. No. GUJGUJ/2023/84401

વિશ્વ ઉમિયાધામ – જાસપુર, અમદાવાદ
(ISO 9001:2015 - Approval No. 00044220)

# UMA SRUSHTI
# ઉમાસૃષ્ટિ

₹ ૫૦-૦૦
₹ 50-00

Vishv UMIYA Foundation

આસ્થા, એકતા અને શક્તિનું ધામ

૦૧ ઓગષ્ટ, ૨૦૨૫
Published on - 01 August 2025

એક વૈશ્વિક વિચારધારા

તંત્રી–ડૉ. પ્રભુદાસ આઈ. પટેલ
Editor-Dr. Prabhudas I. Patel



# વિશ્વ ઉમિયાધામ સામાજિક સશક્તિકરણ કેન્દ્ર

**૧૦૦ વીઘા જમીન એક હજાર કરોડનો સામાજિક પ્રોજેક્ટ**

**"આસ્થા - એકતા અને ઊર્જાનું ધામ"**



- સ્કીલ યુનિવર્સિટી
- છાત્રાલય
- સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ
- અદ્યતન હોસ્પિટલ
- ઉમાસૃષ્ટિ
- મેટ્રીમોનિયલ સર્વિસીસ
- ઉમાછત્ર
- સમાધાન પંચ
- કાનૂની માર્ગદર્શન
- ઉમા લગ્ન સંસ્કાર
- મેડિકલ સહાય
- નિઃશુલ્ક શિક્ષણ સહાય
- ગુજરાતી વિદ્યાર્થીઓને કેનેડામાં મદદ

## વિશ્વ ઉમિયાધામ - અમદાવાદમાં નિર્માણ થનાર - મંદિરની વિશેષતા - સુવિધાઓ

★ જગતજનની શ્રી ઉમિયા માતાજીનું વિશ્વનું સૌથી મોટું અને ૫૦૪ ફૂટ ઊંચુ મંદિર

★ જગત જનની મા ઉમિયાનું આસન જમીનથી ૫૧ ફૂટ ઊંચુ રહેશે.

★ દેવોના દેવ મહાદેવનું પારાનું વિશાળ શિવલિંગ, ગણપતિ દાદા તથા કાળભૈરવ મંદિરનું નિર્માણ.

★ અત્યાધુનિક ટેક્નિકલ પદ્ધતિથી મંદિરનું બાંધકામ તથા ધજા બદલવા માટે હાઈડ્રો મિકેનીકલ સિસ્ટમ.

★ ૩૦૦ ફૂટની ઊંચાઈ પર વ્યૂ ગેલેરી કે જ્યાંથી આજુબાજુના સમગ્ર વિસ્તારને નિહાળી શકાશે.

★ જગતજનની મા ઉમિયાના દર્શન માટે એસ્કેલેટર તથા વ્યૂ ગેલેરી સુધી લીફ્ટની વ્યવસ્થા.

★ મંદિરના મુખ્ય ખંડમાં એક સાથે પાંચ હજાર ભક્તો મા ઉમિયાના દર્શન કરી શકે તેવી સુવિધા.

★ મંદિરના ગ્રાઉન્ડ ફ્લોર ઉપર બે કરતાં વધુ વાતાનુકૂલીન સત્સંગ હોલનું નિર્માણ.

★ વિકલાંગ અને વૃદ્ધોને મા ઉમિયાના મંદિર ગર્ભગૃહ સુધી જવા માટે ટ્રાવેલેટર / એસ્કેલેટરની સુવિધા.

★ યાત્રીઓ તથા દર્શનાર્થીઓ માટે રહેવા - જમવાની ઉત્તમ વ્યવસ્થા તેમજ શોપિંગ માટે હાઈપર માર્કેટની વ્યવસ્થા.

★ વિશ્વમાં પ્રથમ વાર સ્પેશિયલ લાઈટિંગ ઈફેક્ટ દ્વારા આઠમ, પૂનમ, અગિયારસ અને રાષ્ટ્રીય તહેવારોના દિવસે અલગ-અલગ પ્રકારની રોશનીથી મંદિર ઝળહળતું થશે જેથી અમદાવાદના રહીશોને જે તે તિથિની જાણકારી મળશે.

★ સંપૂર્ણ વાસ્તુશાસ્ત્ર અને હિન્દુધર્મ મુજબ ગર્ભગૃહનું બાંધકામ.

★ સોનાના કળશથી મંદિરની ભવ્યતાનું નિર્માણ.

★ અદ્યતન ભોજનાલય તથા પ્લાસ્ટિક ઝોન ફ્રી પરિસર.

★ પાટીદાર ઇતિહાસનું ભવ્ય મ્યૂઝિયમ.

★ મંદિર પરિસરમાં વિશાળ બેઝમેન્ટ પાર્કિંગ.

★ મંદિર પરિસરની આજુબાજુ જળાશયનું આયોજન.

★ સંપૂર્ણ ગ્રીન અને એનર્જી એફિસિયન્ટ મંદિર પરિસર.

★ બાળકો માટે ચિલ્ડ્રન પાર્કની વ્યવસ્થા.

Mayflower
WOMEN'S HOSPITAL

**20+ વર્ષથી સ્ત્રી આરોગ્યમાં નિષ્ણાત**

# મેફ્લાવર વુમન્સ હોસ્પિટલ

મેફ્લાવર વુમન્સ હોસ્પિટલ, અમદાવાદની અગ્રણી મહિલાઓ માટેની વિશેષ હોસ્પિટલ છે, જ્યાં અમે એન્ડોમેટ્રિઓસિસ, ગર્ભાશય, આઈવીએફ, અને સ્ત્રી સ્વાસ્થ્ય માટે અદ્યતન સારવાર પ્રદાન કરીએ છીએ.

## ફર્ટિલિટી ક્લિનિક

IVF, IUI અને માતૃત્વ માટે નવી આશા



## એન્ડોમેટ્રિયોસિસ ક્લિનિક

એન્ડોમેટ્રિઓસિસ માટે વિશિષ્ટ સારવાર અને ઝડપી રાહત



## એસ્થેટિક ક્લિનિક

સ્કિન અને હેર માટે એડવાન્સ બ્યુટી ટ્રીટમેન્ટ





ડૉ. સંજય પટેલ,
એન્ડોમેટ્રિયોસિસ નિષ્ણાત



ડૉ. સ્મિત પટેલ,
એન્ડોમેટ્રિયોસિસ નિષ્ણાત



ડૉ. જયા પટેલ,
ફર્ટિલિટી નિષ્ણાત



ડૉ. રવિના પટેલ,
સ્ત્રીરોગવિજ્ઞાન નિષ્ણાત

#1 મેફ્લાવર હાઉસ, હેલ્મેટ ક્રોસ રોડ, ડ્રાઈવ-ઇન, અમદાવાદ
#2 2જો માળ, સત્યમેવ એલિટ, આંબલી, જંકશન, સરદાર પટેલ રીંગ રોડ, બોપલ, અમદાવાદ

+91 79274 95001

# ઉમાસૃષ્ટિ

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન – વિશ્વ ઉમિયાધામ

આસ્થા, એકતા અને શક્તિનું ધામ — એક વૈશ્વિક વિચારધારા

**ઓગષ્ટ ૦૧, ૨૦૨૫**
**વર્ષ :** ૦૪, **અંક :** ૨૮
**સળંગ અંક :** ૩૯
**માલિક :** વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન

Vishv UMIYA Foundation

**August 01, 2025**
**Year :** 04, **Ank :** 28
**Owner :** Vishv Umiya Foundation





**પ્રમુખ :** આર. પી. પટેલ
**President :** R. P. Patel



**મેનેજિંગ એડિટર :** ડો. પ્રભુદાસ પટેલ
**Managing Editor:** Dr. Prabhudas I. Patel

**પરામર્શકશ્રી**
**Consultant**





પદ્મશ્રી-ડો. કુમારપાળ દેસાઇ — પદ્મશ્રી-દેવેન્દ્ર પટેલ
Padmashri-Dr. Kumarpal Desai — Padmashri-Devendra Patel

| **સંપાદક મંડળ:** | **Editor Board :** |
|---|---|
| ડો. હર્ષદ પટેલ | Dr. Harshad Patel |
| ડો. અશોક પટેલ | Dr. Ashok Patel |
| ડો. ઉત્પલ પટેલ | Dr. Utpal Patel |
| ડો. રૂપલ પટેલ | Dr. Rupal Patel |

**સહસંપાદક :** ધવલ માકડિયા **Co-Editor :** Dhaval Makadia
**કલાનિર્દેશક :** રાજુ પ્રજાપતિ **Art Director :** Raju Prajapati



**લવાજમ :**
દેશમાં : આજીવન (૧૦ વર્ષ) રૂ. ૩૫૦૦
પાંચ વર્ષ : રૂ. ૨૦૦૦
વિદેશમાં : આજીવન (૧૦ વર્ષ) ૫૦૦ ડોલર
પાંચ વર્ષ : ૩૦૦ ડોલર

**Subscription Amount :**
For India : Life Time ( 10 Year) Rs. 3,500
5 Year : Rs. 2,000
For USA : Life Time (10 Year) 500 $
5 Year : 300 $

**ઈ-મેઇલ/e-mail:** editorumasrushti@gmail.com

**રજિ. ઓફિસ :**
વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - વિશ્વ ઉમિયાધામ, વૈષ્ણોદેવી મંદિરની સામે, એસ.જી.હાઇવે, જાસપુર રોડ, તા. કલોલ, જી.ગાંધીનગર, ગુજરાત-૩૮૨૭૨૧

**Regd. Office :**
Vishv Umiya Foundation - Vishv Umiyadham,
Opp. Vaishnodevi Temple, S.G. Highway, Jaspur Road,
Ta. Kalol, Dist. Gandhinagar, Gujarat-382721
www.vishvumiyafoundation.org
E-mail: info@vishvumiyafoundation.org
www.facebook.com/VishvUmiyaFoundation
Phone: +91 72020 80333 / 222

**મુદ્રક અને પ્રકાશક :**
**મુદ્રક :** અનિલ ડી. ગોંડલિયા - કેવલ ઓફસેટ, બી/૮, જે. કે. એસ્ટેટ, દૂધેશ્વર, અમદાવાદ. **પ્રકાશક :** ડો. પ્રભુદાસ આઇ. પટેલે વિશ્વ ઉમિયાધામ - જાસપુર, કલોલ, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ.

**Printer & Publishers :**
**Printed by** Anil D. Gondaliya - Keval Offset, B/8, J. K. Estate, Dhudeshwar, Ahmedabad & **Published by** Dr. Prabhudas I. Patel at Vishv Umiyadham Jaspur, Kalol, Gandhinagar


વિશ્વ ઉમિયાધામ
જાસપુર - અમદાવાદ
આસ્થા - એકતા અને ઊર્જાનું ધામ

# અનુક્રમણિકા

ISO 9001


| ક્રમ | લેખનું શીર્ષક | લેખક | પાના નં. |
|---|---|---|---|
| ૧. | વેદોનો દિવ્ય સંદેશ | પ્રહ્લાદભાઈ પટેલ (કામેશ્વર) | ૦૫ |
| ૨. | મંદિર નિર્માણમાં મારી ઈંટ 'મા' ના મંદિરે | પ્રમુખશ્રીની કલમે | ૦૬ |
| ૩. | શ્રી રામચરિતમાનસ કથાસાર | ડો. પ્રભુદાસભાઈ પટેલ | ૦૮ |
| ૪. | ભક્ત નરસિંહનો અધ્યાત્મ પથ | શ્રી ભાણદેવજી | ૦૯ |
| ૫. | શ્રદ્ધા અને અશ્રદ્ધા વિશે ભગવદ્‌ગીતાના વિચારો | ડો. અમૃત કાંજિયા | ૧૨ |
| ૬. | વેદોમાં પાપ અને પાપીઓનું મેનેજમેન્ટ | પ્રો. ડો. હર્ષદેવ માધવ | ૧૬ |
| ૭. | શ્રી કૃષ્ણ જન્માષ્ટમી લોકનાયક ભગવાન શ્રી કૃષ્ણની જન્મ જયંતી | પ્રો. ડો. જે. એમ. પનારા | ૧૭ |
| ૮. | ધોરણ-૮ ભણેલા લેખકને જ્યારે જ્ઞાનપીઠ એવોર્ડ મળ્યો | પદ્મશ્રી દેવેન્દ્ર પટેલ | ૨૦ |
| ૯. | ચાલો જાણીએ આપણા સ્વતંત્રતા પર્વ વિશે | ડો. નરભેરામ રાંકજા | ૨૧ |
| ૧૦. | નાના બાળકોને તથા માતાપિતાને શીખવવાની પદ્ધતિઓ | ગુલાબભાઈ જાની | ૨૩ |
| ૧૧. | સ્ત્રીનું હૈયું એટલે પ્રેમથી છલોછલ ભરેલ અમૃત પ્યાલી | પ્રાગજીભાઈ પટેલ | ૨૫ |
| ૧૨. | પતિની પ્રેરણામૂર્તિ - પત્ની | શ્રીમતી ગીતા ઉનડકટ | ૨૬ |
| ૧૩. | જિંદગી છે સપનાંની લહેજત ! | પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ | ૨૮ |
| ૧૪. | જો કોઈ ગરીબરકી આંખો સે બચાં હોતે હૈ વોહ લબ્ઝ કિતાબોંમેં કહાં હોતે હૈ? | પ્રફુલ્લ કાનાબાર | ૩૦ |
| ૧૫. | પ્રકૃતિ, તને અમારું પ્રોમિસ છે કે... | કૌશિક મહેતા | ૩૧ |
| ૧૬. | શૌર્ય અને સ્વાર્પણની ભૂમિ રાજસ્થાન | પ્રા. ડો. યશવંત કે. ગોસ્વામી | ૩૪ |
| ૧૭. | વર્તમાન પીડા | સ્વામી વિવેકાનંદ | ૩૬ |
| ૧૮. | લિવરની વાત : આશાથી આરોગ્ય સુધી | ડો. દિવાકર જૈન | ૩૮ |
| ૧૯. | સગર્ભાઅવસ્થા અને સ્તનપાન દરમ્યાન માતા અને આરોગ્ય | ડો. જિતેન્દ્ર અઢિયા | ૪૦ |
| ૨૦. | ખેતીમાં બહેનોનું બળુકું યોગદાન | હીરજી ભીંગરાડિયા | ૪૨ |
| ૨૧. | લોકોપયોગી માર્ગદર્શન | એચ. એસ. પટેલ- I.A.S.Rtd. | ૪૪ |
| ૨૨. | વાદળાં સુધરી ગ્યાં હાં...... | ગિરા પિનાકીન ભટ્ટ | ૪૫ |
| ૨૩. | પ્રવૃત્તિ અહેવાલ | શૈલેષભાઈ પટેલ | ૪૬ |
| ૨૪. | સમાચાર | ડો. રૂપલબેન પટેલ | ૪૮ |


⌘ ⌘ ⌘


**Printed by** Anil D. Gondaliya and Published by Dr. Prabhudas I. Patel **on behalf of** Vishv Umiya Foundation **and Printed at** Keval Offset, B/8, J. K. Estate, Dhudeshwar, Ahmedabad **and Published at** Vishv Umiyadham - Jaspur, Kalol, Gandhinagar, **Editor -** Dr. Prabhudas I. Patel



**પ્રહ્લાદભાઈ પટેલ (કામેશ્વર)**
લેખક ધાર્મિક સાહિત્ય સંપાદક,
શિક્ષણકાર અને ઊંચા ગજાના દાતા છે

# વેદોનો દિવ્ય સંદેશ

**न वि जानामि यदिवेदमस्मि निण्यः सन्नद्धो मनसा चरामि ।**
**यदा मागन्प्रथमजा ऋतस्यादिद्धाचो अश्नुवे भागमस्याः ॥** (ઋગ્વેદ ૧/૧૬૪/૩૭)

**ભાવાર્થ :** મનુષ્ય પોતે જ પોતાને ઓળખતો નથી એ કેટલી મોટી ભૂલ છે ? તેણે ભાષા સાહિત્ય વગેરેની જે ક્ષમતા મેળવી છે તેના દ્વારા શરીર અને જીવાત્મા વિશે જ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ.

**સંદેશ :** આ મનુષ્યશરીર વારંવાર મળતું નથી. એ તો આપણને એકમાત્ર સાધનરૂપ જ પ્રાપ્ત થયું છે કે જેના માધ્યમથી આપણે પ્રભુ સુધી પહોંચવાનુ પરમ લક્ષ્ય પ્રાપ્ત કરી શકીએ, પરંતુ અજ્ઞાનતાના કારણે સાંસારિક ભોગવિલાસમાં અટવાઈને આપણે આવો સુઅવસર ગુમાવી બેઠા છીએ. ધનદોલત, સાધનસંપત્તિ, પત્ની, પુત્ર, ભાઈઓ, મિત્રો, સગાંસંબંધીઓ એ બધાં આપણાં કોઈ જ કામમાં આવવાના નથી. કામમાં આવશે માત્ર આપણા સત્કર્મો. બુદ્ધિ આપણે એ બાબત ભૂલી જઈએ છીએ કે એક દિવસ આ સંસાર છોડી આપણે ચાલ્યા જવાનું છે. જે શરીરને ખૂબ લાડપ્યારથી સજાવવા અને સંભાળવા માટે આપણે સત્ય-અસત્ય, છલ, દ્વેષ, પ્રપંચ, નીતિ-અનીતિ વગેરેનો સહારો લઈએ છીએ અને કલ્પી ન શકાય તેવાં પાપકર્મો કરીએ છીએ તે શરીર આગમાં બળીને ભસ્મીભૂત થઈ જશે. આ શરીરનો એક ક્ષણનો પણ ભરોસો નથી. આપણું બધું જ જ્ઞાન માત્ર વિજ્ઞાન, પ્રતિભા, ક્ષમતા, શિક્ષણ અને વિદ્યા જેવા ભૌતિક પદાર્થોમાં જ મર્યાદિત થઈને ગૂંગળાઈ રહ્યું છે, પરંતુ આ શરીરની અંદર બેઠેલા શરીરના સ્વામી એવા આત્માને આપણે ભૂલી બેઠા છીએ. આ આત્મા જ પરમાત્માનો અંશ છે, પરંતુ તેને ન જાણવાથી આપણે



સદાયને માટે અંધકારમાં ભટકીને હંમેશાં દુઃખ ભોગવતા રહીએ છીએ.

આત્માની ઓળખાણ થયા પછી સન્માર્ગ પર ચાલવાની બુદ્ધિ જ્યારે આપણને પ્રાપ્ત થઈ જાય ત્યારે આપણું આ માનવજીવન સાર્થક બની શકશે.

સામાન્ય રીતે બુદ્ધિના બે રૂપો હોય છે. એક દુર્બુદ્ધિ, જે આપાણને સ્વાર્થ, મોહ, લોભ વગેરે પાપકર્મો તરફ ખેંચી જાય છે. બીજી સદ્‌બુદ્ધિ, જે આપણને હંમેશાં હિતકારી અને શ્રેષ્ઠ કાર્યો કરવાની પ્રેરણા આપ્યા કરે છે અને પાપકર્મોથી આપણને બચાવે છે. એનાથી આગળ વધતાં શુધ્ધ બુદ્ધિનો નંબર આવે છે, જે આપણામાં સત્કાર્યો અને અસત્ કાર્યો વચ્ચેનો ભેદ પારખવાની ક્ષમતા વિકસિત કરે છે. તેનાથી પણ આગળનો નંબર છે પ્રજ્ઞાનો. આ પ્રજ્ઞા આપણને વિવેકબુદ્ધિ મુજબ લોકહિતનાં કાર્યો કરવાની સતત પ્રેરણા આપતી રહે છે. એનાથી તમોગુણનો સદંતર નાશ થતો જાય છે અને મનુષ્ય પોતાના સ્વાર્થથી મુક્ત થતો જાય છે. પ્રજ્ઞાથી વધુ વિકાસ પામેલું આગળનું સ્તર પ્રતિભાનું છે. પ્રતિભાને આત્મિક દૃષ્ટિ પણ કહી શકાય છે. આ વિલક્ષણ બૌદ્ધિક શક્તિના આધારે મનુષ્ય સંસારનાં સૌથી વધુ ગૂઢ રહસ્યોને જાણી લે છે. બુધ્દિના સર્વોત્તમ રૂપને કહેવાય છે ઋતંભરા બુદ્ધિ. એમાં માત્ર સતોગુણ જ બાકી રહ્યો હોય છે. આ ઋતંભરા બુદ્ધિ- સાત્ત્વિક બુદ્ધિ સદાયને માટે એકરસ બની રહે છે અને સત્યને ઓળખીને તેને આચરણમાં ઉતારવાની તથા સત્ ધર્મનું પાલન કરવાની ક્ષમતા વિકસિત કરતી રહે છે. એના જ્ઞાનપ્રકાશમાં પ્રત્યેક વસ્તુ બિલકુલ સ્પષ્ટ જોઈ શકાય છે અને ભ્રમ તથા શંકાઓથી મુક્તિ પ્રાપ્ત થાય છે. આજે મનુષ્ય વિવિધ પ્રકારનાં જ્ઞાન, વિજ્ઞાન, ભાષા વગેરેનો અભ્યાસ કરીને તેમનો ઉપયોગ વિવિધ ક્ષેત્રોમાં કરી રહ્યો છે. સુખ અને સગવડોનાં સાધનોના ઢગલા ખડકી રહ્યો છે. આજે માત્ર એક બટન દબાવવાથી જ દુનિયાના કોઈ પણ ખૂણામાં બેસીને ઈચ્છિત કાર્ય કરવાનું શક્ય બની ગયું છે. મનુષ્ય પોતાની આ સિદ્ધિને કારણે પોતાને પરમાત્માથી પણ મહાન સમજવાની મૂર્ખતા કરવા લાગ્યો છે, પંરતુ શું આપણને આ માનવ શરીર તેના માટે પ્રાપ્ત થયું છે ? શું એ જ આ બુદ્ધિનો ઉપયોગ છે? શું જીવનનું આ જ લક્ષ્ય છે ?

આપણે આપણી બુદ્ધિનો વિકાસ કરતા જઈને માનવજીવનના વાસ્તવિક લક્ષ્યને ઓળખીને તે તરફ આગળ વધતા જવું જોઈએ.

## પ્રમુખશ્રીની કલમે

# મંદિર નિર્માણમાં મારી ઈંટ 'મા' ના મંદિરે

**આત્મીય બંધુ ભગિનીઓ,**

શિવ અને શક્તિ - શિવ એટલે દેવાધિદેવ મહાદેવ અને શક્તિ એટલે મા પાર્વતી, જેનું બીજું નામ મા ઉમિયા છે અને એટલે જ તે જગતજનની છે. આપણે મા પાર્વતી એટલે કે મા ઉમિયાના વિશ્વના ઊંચામાં ઊંચા ૫૦૪ ફૂટ મંદિરનું નિર્માણ વિશ્વ ઉમિયાધામ - અમદાવાદમાં કરી રહ્યા છીએ. ૧૫૫૦ જેટલા પિલ્લર એટલે કે ધર્મસ્તંભનું નિર્માણ કાર્ય પૂર્ણ થઈ ગયું છે અને હવે રાફ્ટનું કાર્ય ફક્ત બે માસમાં પૂર્ણ થાય તે પ્રમાણે તેજ ગતિએ ચાલી રહેલ છે, જે અંતર્ગત ડિસેમ્બર - ૨૦૨૭માં મંદિરનો પ્રાણ - પ્રતિષ્ઠા મહોત્સવ આપણે ઉજવી રહ્યા છીએ, ત્યારે...



સનાતન ધર્મ, સંસ્કૃતિ અને શક્તિના પ્રતિક સમા મંદિર નિર્માણમાં સનાતની પરિવારના દરેક સભ્યો જગતજનની મા ઉમિયાની આસ્થા સાથે મંદિર નિર્માણમાં **'મારી ઈંટ મા ના મંદિરે'** અભિયાનમાં જોડાઈ શકે તે માટે 'એકતા પરમો ધર્મ' મંત્રને સાર્થક કરતી વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - સુરત જીલ્લા સંગઠનની બેઠકમાં સુરતના સ્થાનિક કાળાચુડા પાટીદાર સમાજ દ્વારા એક લાખ ઈંટદાનની જાહેરાત થઈ અને તેમાંથી પ્રેરણા લઈને સનાતની સમાજના અન્ય મિત્રોએ બીજા ચાર લાખ ઈંટદાનની જાહેરાત કરી જે જગતજનની મા ઉમિયાના સાક્ષાત્કારની અવિસ્મરણીય ઘટના કહી શકાય.

'મારી ઈંટ મા ના મંદિરે' અભિયાનમાં ૧ ઈંટદાન એટલે કે મા ઉમિયાના ચરણોમાં રૂા. એક હજારનું મારું સમર્પણ. જગતજનની મા ઉમિયાના મંદિરનું નિર્માણ અંદાજીત રૂા. એક હજાર કરોડના સામાજિક નીધિ સહયોગથી થઈ રહેલ છે, ત્યારે તે માટે કરોડો રૂપિયાના દાન જરૂરી છે, પરંતુ સનાતની એકતાના પ્રતિકરૂપે દરેક સનાતની પરિવાર ભક્તિ અને આસ્થાના ભાવ સાથે એક ઈંટદાનના સમર્પણથી ધર્મ અને સંસ્કૃતિ સાથે જોડાય તે ખૂબ જ મહત્ત્વનું છે. દરેકનું યોગદાન એ જ એકતાનો ભાવ છે, જે સનાતન ધર્મ અને સંસ્કૃતિની બુનિયાદ છે.

**મંદિરનું નિર્માણ સામાજિક વિકાસ અને શક્તિનો આધાર બની શકે ?**

આપણો ધર્મ અને સંસ્કૃતિ વસુધૈવ કુટુમ્બકમ્‌ની ભાવનાને ઉજાગર કરે છે. દરેક ધર્મને સન્માન આપવું એ આપણી પરંપરા રહી છે. ધર્મ એ જ જીવન જીવવાની પદ્ધતિ છે. ધર્મનું જ્ઞાન મેળવવાના આધારબિંદુઓ હિન્દુશાસ્ત્રો, વેદ અને ઉપનિષદો છે, જે આપણા જીવનના આધારસ્તંભ છે. આપણા અસ્તિત્વના શાસ્ત્રો છે, જેમાંથી જ્ઞાન, શાંતિ અને શક્તિ સતત આપણને મળતી રહે છે અને એટલે જ તેને સતત ઉજાગર કરવા મંદિરોનું નિર્માણ અતિ આવશ્યક બની રહે છે.

પ્રાચીનકાળથી ચાલી આવતી પરંપરા મુજબ મંદિરો આસ્થા - શ્રધ્ધા અને શક્તિના કેન્દ્રો છે. એટલે કે આધ્યાત્મિક ચેતના એ જ સામાજિક વિકાસનો આધારસ્તંભ છે. મંદિરો આસ્થા - શ્રધ્ધા અને ભક્તિના સંસ્કારોનું પવિત્ર ધામ છે, સકારાત્મક, શક્તિશાળી અને ઊર્જામય વિચારોનું ઉદ્‌ભવ સ્થાન છે. જેનાથી શિક્ષણ, આરોગ્ય અને સામાજિક વિકાસના કેન્દ્રોનું નિર્માણ થાય છે, જે આપણી શક્તિ અને અસ્તિત્વનો આધાર બને છે માટે જ મંદિરોનું નિર્માણ જરૂરી છે અને તેમાં દરેક સનાતનીઓનું યોગદાન સંગઠનની શક્તિ બને છે, જે સમાજમાં શાંતિ અને સામાજિક સુરક્ષાનો આધાર બને છે.

મંદિરો માત્ર પૂજાના સ્થળો નથી, પરંતુ આપણા ધર્મ, સંસ્કૃતિ અને સામાજિક એકતાના ધામ છે. મંદિર એ માત્ર ઇંટ પથ્થરનું સંકુલ નથી પરંતુ ભક્તિના સંસ્કારોનું પવિત્ર તીર્થ છે. જ્યાં ભાવથી ચઢાવેલું એક ફૂલ પણ લાખોના દાન સમાન હોય છે. આપણે દરેક સનાતનીઓ આપણા ઘરના મંદિરમાં ભગવાનની પૂજા કરીએ છીએ તો શું આપણે મા ઉમિયાના મંદિર માટે થોડુંક યોગદાન ન આપી શકીએ ? જે મંદિર હજારો-લાખો લોકો માટે આરાધનાનું વૈશ્વિક કેન્દ્ર બનવાનું છે, જેના નિર્માણમાં મારું એક ઇંટદાનનું સમર્પણ મંદિરમાં આસ્થાની જ્યોત પ્રગટાવી શકે છે એના જેવી ગૌરવની વાત બીજી શું હોઈ શકે ! એક ઇંટદાનના સમર્પણનો મતલબ એ છે કે હું પણ મા ઉમિયાના મંદિરની દિવાલોમાં છું. જેનો ઉજાસ સદીઓ સુધી જીવંત રહેશે.

**"મંદિર નિર્માણમાં મારું ઇંટદાન કેટલું મહત્ત્વપૂર્ણ છે ?**

મંદિરમાં આપણું યોગદાન નાણાથી મપાતું નથી, તે આપણા ભાવથી મપાય છે. ઇંટદાન એ શ્રધ્ધાનો ભાવ છે જે આપણને ઈશ્વર સાથે જોડે છે, જ્યારે આપણે મા ઉમિયાના મંદિરમાં ઇંટદાન કરીએ છીએ ત્યારે આપણે પવિત્ર કાર્યમાં ભાગીદાર બનીએ છીએ. ઇંટદાન એક એવો સંકલ્પ છે કે **"દુનિયાની નવમી અજાયબી સમાન નિર્મિત થતા મંદિરનો હું પણ પાયાનો પથ્થર છું."** દરેક સામાન્ય વ્યક્તિ પણ મંદિર નિર્માણના આ મહાયજ્ઞમાં પોતાની આહુતિ આપીને ભગવાનને કંઈક સમર્પિત કર્યાનો અહેસાસ કરે છે.

આપણે કલ્પના કરીએ કે એક રમ્ય - ભવ્ય અને દિવ્ય મંદિરનું નિર્માણ થઈ રહ્યું છે, તેના નિર્માણમાં લાગેલી પ્રત્યેક ઇંટ પર કોઈકના નામનો, કોઈકના સંકલ્પનો અને કોઈકની શ્રધ્ધાનો દીપ પ્રજ્વલિત છે. જ્યારે આપણે મંદિરમાં પ્રવેશીએ છીએ ત્યારે તેની ભવ્યતા જ નહીં, પણ તેમાં લાખો લોકોએ આપેલાં યોગદાનનો અહેસાસ પણ થાય છે. મારા ઇંટદાનથી મંદિરની બુનિયાદ મજબૂત બને છે, જે સદીઓ સુધી સમાજ માટે પ્રેરણારૂપ બની રહેશે અને આપણા અસ્તિત્વની હંમેશા સાક્ષી બની રહેશે.

**"મંદિર નિર્માણમાં મારું ઇંટદાન એ દાન નથી પણ મારું સમર્પણ છે :**

મંદિર અનેક શિલાઓથી બને છે, જેમાં ઇંટદાનના માધ્યમથી લાખો સનાતની પરિવારોનું સમર્પણ સમાયેલું છે. કોઈના માટે ઇંટદાન માત્ર ઇંટ હોઈ શકે, પરંતુ ઇંટદાન કરનાર ભક્તના હૃદયમાં તે આસ્થાની જ્યોત છે, જે મંદિરમાં શ્રધ્ધા અને શક્તિની સુવાસ પાથરશે. ઇંટદાન મા ઉમિયા માટે પવિત્ર નૈવેદ્ય સમાન બની જશે, કારણ કે તેમાં ભક્તિ - શ્રધ્ધા અને સંકલ્પનું સમર્પણ છે. **"ઇંટદાન એ દાન નથી પણ સમર્પણ છે"** જે મંદિરના પાયામાં પોતાની આસ્થાનો અંશ મુકે છે અને સદીઓ સુધી ધાર્મિક અને સંસ્કૃતિ વારસાનું જતન કરે છે.

આજે વિશ્વ ઉમિયાધામમાં વિશ્વના ઊંચામાં ઊંચા મંદિરનું નિર્માણ થઈ રહ્યું છે, ત્યારે ઇંટદાન મંદિર નિર્માણના માધ્યમથી દૈવી શક્તિની સાધના સુધી પહોંચાડે છે અને ત્યારે દરેકને એક એવી ગર્વની લાગણી થાય છે કે મંદિર નિર્માણના ઈતિહાસમાં ઇંટદાનના માધ્યમથી રામસેતુની ખિસકોલી બનીને હું ઈતિહાસ બનાવી રહ્યો છું.

**આર. પી. પટેલ**
**પ્રણેતા એવમ્ પ્રમુખ**
**વિશ્વ ઉમિયાધામ - જાસપુર, અમદાવાદ**

## ધર્મ સૃષ્ટિ



**સંપાદક : ડૉ. પ્રભુદાસ પટેલ**
શ્રેષ્ઠ શિક્ષણ એવોર્ડ, શ્રેષ્ઠ શિક્ષકનો નેશનલ એવોર્ડ
તથા ગુજરાત ગરિમા એવોર્ડ વિજેતા અને
જાણીતા કેળવણીકાર

# શ્રી રામચરિતમાનસ કથાસાર

## ગોસ્વામી તુલસીકૃત 'રામચરિત માનસ' આધારિત કથાસાર અને ભગવાન રામચંદ્રની લીલાઓ

**પૂર્વકથા :** રાણીએ બે વરદાન માગ્યા. રાજા ડરથી સૂકાઈ ગયા. એમનાથી કશું કરી ના શકાયું. રાજાને મન રામ અને ભરત બંને પ્રિય હતા. કહ્યું રામ અને ભરત બંને મારી આંખો છે. હું સવારે દૂત મોકલીશ અને ભરત તથા શત્રુઘ્નને બોલાવીશ. હું ભરતને રાજ્ય આપી દઈશ.

**હવે આગળ :**

तूहि सराहसि करसि सनेहू ।
अब सुनि मोहि भयउ संदेहू ॥

રાજા બોલ્યા તું સ્વયં પણ રામની પ્રશંસા કરતી હતી અને તેમના ઉપર સ્નેહ રાખતી હતી. હવે, આ સાંભળીને મને સંદેહ થઈ ગયો છે, તમારો સ્નેહ જુઠો તો ન હતો ને? રામનો સ્વભાવ શત્રુને પણ અનુકૂળ છે, તે માતાને પ્રતિકૂળ આચરણ શું કામ કરશે? હે પ્રિયે ! ક્રોધ છોડી દે અને વિવેકપૂર્વક વરદાન માગ.

कहइ करहु किन कोटि उपाया ।
इहाँ न लागिहि राउरि माया ॥

કૈકેયી કહે છે, આપ કરોડો ઉપાય કેમ ન કરો; અહીં આપની માયા નહીં ચાલે. કાં તો મેં જે માગ્યું છે તે આપો; નહિંતર 'ના' પાડીને અપયશ લઈ લો. મને પ્રપંચ નથી ગમતા. રામ ભલા છે અને રામનાં માતા પણ ભલાં છે. મેં બધાંને ઓળખી લીધા છે. સવાર થતાં જ મુનિનો વેશ ધારણ કરીને જો રામ વનમાં નહીં જાય, તો હે રાજન! સમજી લો જો કે મારું મરણ થશે.

अस कहि कुटिल भई उठि धारा ।
भवंर कूबरी बचन प्रचारा ॥

આમ કહી કૈકેયી ઉઠીને ઉભી થઈ. જાણે કે ક્રોધની નદી ઉભરાઈ હોય. રાજાએ સમજી લીધું કે મૃત્યુ તેના માથા પર નાચી રહ્યું છે. રાજાએ કૈકેયીના ચરણ પકડી વિનંતી કરી કે સૂર્યકૂળ રૂપી વૃક્ષ માટે તું કુહાડી ન બન. તું મારું માથું માગી લે; પણ રામના વિરહમાં મને ન માર.

ब्याकुल राउ सिथिल सब गाता ।
करिनि कलपतरु मनहुँ निपाता ॥

રાજા વ્યાકુળ થઈ ગયા, તેમનું શરીર શિથિલ પડી ગયું, કંઠ સૂકાઈ ગયો, મુખથી વાત નીકળતી નથી, જાણે પાણી વગર માછલી તરફડી રહી હોય. કૈકેયી બોલી જો અંતમાં આવું જ કરવું હતું; તો આપે 'માગ માગ' ક્યા મોઢેથી કહ્યું હતું ? હે રાજન! દાની પણ કહેડાવવું અને કંજૂસાઈ પણ કરવી એ ક્યાંની વાત?

मरम बचन सुनि राउ कह
कहु कछु दोषु न तोर ।
लागेउ तोहि पिसाच जिमि
कालु कहावत मोर ॥

કૈકેયીના મર્મવેધી વચન સાંભળીને રાજાએ કહ્યું કે તું ગમે તે કહે, તારો કંઈ પણ દોષ નથી. મારો કાળ તને જાણે પિચાશ થઈને વળગી ગયો છે. ભરત તો ભૂલેચૂકે રાજપદ નથી ઈચ્છતા. આ બધું મારા પાપોનું પરિણામ છે. જેથી કુસમયે વિધાતા વિપરીત થઈ. તને જે ઠીક લાગે તે કર. મારી નજર સામેથી દૂર જા. મને મોં ન દેખાડીશ.

जब लगि जिऔं कहउँ कर जोरी ।
तब लगि जनि कछु कहसि बहोरी ॥



હું હાથ જોડીને કહું છું કે જ્યાં સુધી હું જીવતો રહું ત્યાં સુધી કંઈ ન કહીશ. અરે હે અભાગણી ! પછી તું અંતમાં પસ્તાઈશ. કેમ કે તું ચામડાની દોરી માટે ગાયને મારી રહી છે. તું કેમ સર્વનાશ કરી રહી છે કહીને રાજા પૃથ્વી પર ઢળી પડ્યા; બોલી રહ્યા છે રામ રામ બોલતાં વ્યાકુળ થઈ રહ્યા, જેમ કોઈ પંખી પાંખો વિના બેહાલ હોય.

बिलपत नृपहि भयउ भिनुसारा ।
बीना बेनु संख धुनि द्वारा ॥

વિલાપ કરતાં કરતાં જ રાજાની સવાર પડી ગઈ રાજદ્વારે વીણા, વાંસળી અને શંખનો ધ્વનિ થવા લાગ્યો. ગવૈયા ગુણોનું ગાન કરી રહ્યા છે. તે સાંભળતાં રાજાને અનેક બાણોની વેદના થઈ. રાજા નિત્ય રાતના પાછલા પહોરે જાગી જાય છે; પરંતુ આજે મોટું આશ્ચર્ય થઈ રહ્યું છે, હે સુમંત! જાઓ જઈને રાજાને જગાડો. ■

(ક્રમશઃ આવતા અંકમાં)

# ધર્મ સૃષ્ટિ



**શ્રી ભાણદેવજી**
લેખક જાણીતા સાધક, યોગાચાર્ય અને કથાકાર છે.
સરસ્વતી નિકેતન આશ્રમ - જોધપર (નદી), મોરબી

# ભક્ત નરસિંહનો અધ્યાત્મ પથ

**ગતાંકથી ચાલુ :**

**૪. સમર્પણ :** અધ્યાત્મપથ અનેક રહસ્યોથી ભરપૂર માર્ગ છે. અધ્યાત્મજગત મૂલ્યવાન રહસ્યોની ખાણ છે. તેથી જ અધ્યાત્મવિદ્યાનું બીજું નામ 'રહસ્યવિદ્યા' છે. અધ્યાત્મપથનાં રહસ્યોમાં સૌથી મૂલ્યવાન અને સૌથી મહત્વપૂર્ણ તથા સર્વોચ્ચ રહસ્ય ક્યું છે?



ભગવાન શ્રીકૃષ્ણ ગીતામાં આ પ્રશ્નનો ઉત્તર આપે છે.

**सर्व गुह्यतमं भूयः श्रणु मे परमं वचः ।**
**इष्टोडसि मे द्रढमिति ततो वक्ष्यामि ते हितम् ॥**

- શ્રીમદ્ ભગવત્ ગીતા ૧૮-૬૪

'સર્વ ગોપનીયથી પણ અતિ ગોપનીય મારા પરમ રહસ્યપૂર્ણ વચનને તું ફરીથી સાંભળ. તું મને અતિશય પ્રિય છે, તેથી તેને પરમ હિતકારી વચન કહું છું'

આટલી ભૂમિકા પછી ભગવાન પરમ રહસ્ય પ્રગટ કરે છે.

**सर्वधर्मान परित्यज्य मामेकं शरणं व्रज ।**
**अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥**

- શ્રીમદ્ ભગવત ગીતા

"બધા ધર્મો છોડીને મારે એકને જ શરણે આવ. હું તને બધાં પાપોથી મુક્ત કરીશ. ચિંતા ન કર."

અહીં ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને અધ્યાત્મનું સર્વગુહ્યતમ (સર્વ ગોપનીયથી પણ ગોપનીય) રહસ્ય બતાવે છે. કારણ કે અર્જુન શ્રીકૃષ્ણને પ્રિય છે. અને તે રહસ્ય છે સમર્પણ !

હવે આપણી સમક્ષ પ્રશ્ન છે સમર્પણ એટલે શું?

સમર્પણ એટલે પોતાની જાત ભગવાનને સોંપી દેવી. સમર્પણ એટલે હું અને મારું ભગવાનને અર્પણ કરી દેવું. સમર્પણ એટલે પોતાની અંગત એષણાઓનો ત્યાગ કરવો. સમર્પણ એટલે પોતાની સર્વ આકાંક્ષાઓ, સર્વ આયોજનો, સર્વ ધારણાઓ, સર્વરૂચિ-અરુચિ ભગવાનનાં ચરણોમાં સોંપી દેવી. સમર્પણ એટલે પોતાની અંગત અહંકારી ચેતનાનું ભાગવત ચેતનામાં વિલીનીકરણ. સમર્પણ એટલે ભગવાનની ઈચ્છા પ્રમાણે જીવવાની કળા. સમર્પણ એટલે ભગવાનનું નમ્ર કારણ બનવું. સમર્પણ એટલે અંશનું અંશી સાથે તદ્રુપ થવું.

સમર્પણ એવું પ્રબળ અધ્યાત્મ સાધન છે કે સમર્પણ દ્વારા સાધકના જીવનમાં આમૂલાગ્ર રૂપાંતર ઘટિત થાય છે. સમર્પણ દ્વારા પરમ આધ્યાત્મિક ક્રાંતિની ઘટના ઘટે છે.

જ્યારે સાધક પોતાની જાત ભગવાનનાં ચરણોમાં પૂર્ણતઃ અને સમગ્રતઃ સમર્પિત કરે છે ત્યારે સાધકના જીવનની, આધ્યાત્મિક રૂપાંતરની અને આધ્યાત્મિક વિકાસની સઘળી જવાબદારી ભગવાન પોતાના મસ્તકે સ્વીકારી લે છે. આ માટે સમર્પણ પૂર્ણ હોય તે આવશ્યક છે.

નરસિંહનું સમર્પણ આવું પૂર્ણ છે. નરસિંહે પોતાના જીવનની સર્વ જવાબદારીઓ પોતાના શ્રીકૃષ્ણના ચરણોમાં સોંપી દીધી છે.

આપણા ભક્ત નરસિંહે યોગાસન અને પ્રાણાયામનો અભ્યાસ કર્યો નથી; પરંતુ પ્રેમ અને સમર્પણ દ્વારા ભક્ત નરસિંહને ઉચ્ચ આધ્યાત્મિક અવસ્થા સિદ્ધ થઈ છે. ભક્ત નરસિંહના સમગ્ર જીવનનો ક્રમ અને તેમના જીવનની અનેક ઘટનાઓનો અભ્યાસ કરતાં સ્પષ્ટ લાગે છે કે નરસિંહનું જીવન પ્રભુને સમર્પિત જીવન છે.

**૫. સાધુસંગ - સત્સંગઃ** ઠાકુર રામકૃષ્ણદેવ કહેતા - "અરે ! ગંજેરીને મળીને ગંજેરીને આનંદ થાય, તેમ ભક્તોને મળીને, તેમના સંગમાં રહીને ભક્તોને આનંદ થાય."

આ જ વાત મીરાંબાઈ પણ કહે છે -

"સાધુ છે માતા મારે, સાધુ છે પિતા, સાધુના સંગમાં હું તો રાચી
સાધુનો સંગ હું તો નહિ રે છોડુ, ભલેને નાખો મરાવી મેવાડાના રાણા..."

માનવચિત્તનું બંધારણ એવું છે કે જેનું ચિંતન કરે, તેનો આકાર ધારણ કરે છે અને કાળાંતરે ચિત્ત જેનું ચિંતન કરે તેના જેવું બનવા માંડે છે. જેનો સંગ થાય તેમની સાથે વાર્તાલાપ, તેમના જીવનનું ચિંતન થાય, તેમનું અનુકરણ થાય - આ સર્વ પ્રક્રિયાઓ અનાયાસે થયા કરે છે. પરિણામે તેની માનવચિત્ત પર અને માનવજીવન પર અસર થાય જ છે.

સંગનો પ્રભાવ ઘણો ગહન અને વ્યાપક હોય છે. આંબા નીચે બેસીએ તો કેરી મળે અને બાવળ નીચે બેસીએ તો કાંટા વાગે.

જૂનાગઢ ગિરનારની ગોદમાં છે, પ્રાચીનકાળથી ગિરનાર અને જૂનાગઢ તીર્થસ્થાનો છે. ગિરનારમાં સંતો-સિધ્ધો રહે છે અને ગિરનારની યાત્રાએ પણ સંતો-સિદ્ધો આવતા રહે છે. તદનુસાર નરસિંહને પર્યાપ્ત પ્રમાણમાં સાધુસંગ-સત્સંગ મળ્યો છે. આ સાધુસંગ - સત્સંગ પણ તેમની અધ્યાત્મ સાધનાનું એક અંગ રહ્યું છે. નરસિંહ સાધુસંગ-સત્સંગથી ઘણું પામ્યા હશે, તેમ તેમનાં પદો પરથી લાગે છે.

**૬. શ્રી કૃષ્ણની સેવા-પૂજા :** ભગવાનના શ્રી વિગ્રહની સેવા-પૂજા, આ વૈધી ભક્તિ છે. નરસિંહને તો પ્રારંભથી જ પ્રેમલક્ષણાભક્તિ

પ્રાપ્ત છે. છતાં શ્રીકૃષ્ણ પ્રીતિથી શ્રી કૃષ્ણની સેવા-પુજા પણ નરસિંહના અધ્યાત્મ સાધનનું અંગ છે.

**ભગવાનની સેવા-પૂજાથી શું થાય છે ?**

૧. ભગવાન સાથે સંબંધ જોડાય છે. ૨. ચિત્તશુદ્ધિમાં સહાય મળે છે. ૩. ચિત્તનું સંસ્કારીકરણ થાય છે. ૪. ભાવપુષ્ટિની પ્રક્રિયા થાય છે. ૫. અંતરંગ સાધનો માટેની યોગ્યતાનું નિર્માણ થાય છે.

નરસિંહભગત શા માટે સેવા-પૂજા કરે છે ? કશું પણ મેળવવા માટે નહિં. માત્ર અને માત્ર પોતાના હૃદયનો ભાવ અભિવ્યક્ત કરવા માટે, પોતાનો કૃષ્ણપ્રેમ અનુભવવા માટે ભક્ત નરસિંહે શ્રીકૃષ્ણની સેવા-પૂજાના અંગનો સ્વીકાર કર્યો છે.

**૭. નામજપ :** જેઓ ભગવાનના પ્રેમી હોય, જેઓ ભગવાનના સગુણ-સાકાર સ્વરૂપના ઉપાસક હોય, જેઓ ભક્તિપથના પથિક હોય તેઓ ભગવાનના નામનો જપ કરે જ ! ભગવાન અરૂપ હોવા છતાં રૂપ ધારણ કરે છે, તેથી ભગવાનના ભક્તો તેનાં રૂપનું ધ્યાન કરે છે. ભગવાન અનામી હોવા છતાં નામ ધારણ કરે છે, તેથી ભગવાનના ભક્તો ભગવાનના નામનો જપ કરે છે.

નામ અને નામીનો ભેદ વ્યાવહારિક ભૂમિકા પર જોવા મળે છે; પરંતુ ચિન્મય ભૂમિકામાં નામ અને નામી પણ ચિન્મય હોવાથી તે ભૂમિકામાં નામ-નામીનો અભેદ છે. નામ અને નામીની આ મૂલગત અભિન્નતાને કારણે જ નામના તંતુને પકડીને ભક્ત ભગવાન સુધી પહોંચી શકે છે. આમ હોવાથી ભક્તો માટે નામ સુધી પહોંચવાનું માધ્યમ બને છે.

ભક્ત નરસિંહની કૃષ્ણપ્રીતિ, તેમની જીવનશૈલી અને તેમનાં પદો પરથી સ્પષ્ટતઃ લાગે છે કે ભક્ત નરસિંહે પર્યાપ્ત પ્રમાણમાં નામજપ કર્યા છે. ભક્તો પોતાના ઈષ્ટદેવના નામનો જપ કરે જ!

તદનુસાર નામજપ પણ ભક્ત નરસિંહના અધ્યાત્મસાધનનું ખૂબ મહત્વપૂર્ણ અંગ રહ્યું છે.

**૮. કાવ્ય, ગાન, નૃત્ય :** (૧) ભક્ત નરસિંહ અપરંપાર કાવ્યોની રચના કરી છે. (૨) નરસિંહે ભક્તિસંગીતના જાણકાર છે. તેમણે કૃષ્ણભક્તિનાં પદો ખૂબ ગાયાં છે. (૩) નૃત્ય પણ નરસિંહના જીવનનું અને તદનુસાર તેમની ભક્તિનું અંગ બની ગયું છે.

નરસિંહ કાવ્યો શા માટે રચે છે ? નરસિંહ પહેલા ભક્ત છે અને પછી કવિ છે. નરસિંહના હૃદયમાં કૃષ્ણપ્રેમ ઊછળે છે, કૃષ્ણપ્રેમ છલકાય છે. આ છલકાઈ જતો કૃષ્ણપ્રેમ શબ્દના માધ્યમથી અભિવ્યક્ત થાય છે અને કાવ્યનું રૂપ ધારણ કરે છે. નરસિંહનાં કાવ્યો નરસિંહની ભક્તિની અભિવ્યક્તિ છે.

એક સ્વરૂપે આ કાવ્યો ભાવની અભિવ્યક્તિ છે અને બીજા સ્વરૂપે તે ભક્તિભાવની પૃષ્ટિની સાધના છે. અભિવ્યક્તિ પૃષ્ટિનું માધ્યમ બની શકે છે. આમ નરસિંહ માટે કાવ્યરચના સાધના પણ છે જ. નરસિંહની ચેતનામાં ઊર્ધ્વલોકનો પ્રકાશ ઊતરી આવે છે, અને તે પ્રકાશ કાવ્યસ્વરૂપે વ્યક્ત થાય છે. આ પ્રકાશના અવતરણ અને અભિવ્યક્તિ દ્વારા નરસિંહ પણ ભાવપ્લાવિત બની જાય છે, પરમ ચેતનાથી વ્યાપ્ત થઈ જાય છે. કૃષ્ણકાવ્યનું નરસિંહ માધ્યમ બને છે. અને કૃષ્ણનું માધ્યમ બનવાથી નરસિંહ માટે કાવ્ય પણ એક સાધન બને છે.

જેમ નરસિંહ કૃષ્ણ-કાવ્યોની રચના કરે છે, તેમ નરસિંહ કૃષ્ણગીતોનું ગાન પણ કરે છે. કાવ્યની જેમ ગાન પણ નરસિંહ માટે કૃષ્ણભક્તિની અભિવ્યક્તિ છે. તેથી ગાન પણ નરસિંહની ભક્તિસાધનાનું એક અંગ છે. નરસિંહ કાવ્ય રચીને ગાય છે, તેમ નથી. નરસિંહ કાવ્ય ગાઈને રચે છે, અર્થાત, ગાન અને રચના સાથે જ ચાલે છે.

નરસિંહ માટે કાવ્યનું ગાન અને કાવ્યની રચના એક જ પ્રક્રિયા છે. પ્રક્રિયાનાં બે સ્વરૂપો તો આપણે જોઈએ છીએ. નરસિંહને મન કૃષ્ણપ્રીતિ શબ્દ દ્વારા અભિવ્યક્ત થાય તે કાવ્ય છે, અને કૃષ્ણપ્રીતિ સૂરરૂપે અભિવ્યક્ત થાય તે ગાન છે.

આપણા દેશમાં સંગીતને અધ્યાત્મ યાત્રાનું એક સાધન ગણવામાં આવે છે. તેમાં પણ ભક્તિગીતોનું ગાન તો સમર્થ અધ્યાત્મસાધન બને છે.

જેમ સુરદાસ અને મીરાં માટે કૃષ્ણકાવ્યની રચના અને કૃષ્ણકાવ્યનું ગાન તેમની ભક્તિસાધનાનું અંગ છે, તેમ **નરસિંહ માટે પણ કાવ્ય અને ગાન તેમની ભક્તિ સાધનાનાં અંગો જ છે.**

જેમ કાવ્ય અને ગાન નરસિંહનાં અધ્યાત્મ સાધન છે, તેમ નૃત્ય પણ નરસિંહ માટે અધ્યાત્મ સાધન છે. પ્રેમ-નૃત્ય ભક્તિ-સાધનાનું એક અંગ છે, પ્રેમ-નૃત્ય દ્વારા ચેતનાના વિકાસની અને ઊર્ધ્વીકરણની ઘટના ઘટે છે. મીરાંએ નૃત્ય દ્વારા કૃષ્ણ-પ્રીતિનો પ્રવાહ અનુભવ્યો છે, તેમ નરસિંહે પણ અનુભવ્યો જ હશે.

આમ ભક્ત નરસિંહ માટે કાવ્ય, ગાન અને નૃત્ય અધ્યાત્મપથનાં સમર્થ સાધનો છે.

**૯. ચિંતન અને ધ્યાન :** ચિંતન અને ધ્યાન તો અધ્યાત્મ સાધનના પ્રાણ છે. ભક્તિયોગ, જ્ઞાનયોગ, રાજયોગ, હઠયોગ આદિ પ્રત્યેક સાધનપથમાં ચિંતન અને ધ્યાનનો વિનિયોગ કોઈ ને કોઈ રીતે થાય જ છે.

સાધનાપથ ગમે તે હો; પરંતુ સાધનાપથના બે વિશાળ વિભાગ તો પ્રત્યેક સાધનાપથના હોય જ છે. આ બે વિશાળ વિભાગ છે બહિરંગ સાધન અને અંતરંગ સાધન. ચિંતન અને ધ્યાન અંતરંગ સાધન છે.

જ્ઞાનપથ અને ભક્તિપથ, બંને પથ પર ધ્યાન-ચિંતનનો અભ્યાસ તો હોય જ છે; પરંતુ બંનેના સ્વરૂપમાં ભિન્નતા હોય છે.

**ભક્તિમાર્ગના ચિંતનનાં પ્રધાન સ્વરૂપો ત્રણ છે.**

(૧) ભગવાનના રૂપનું ચિંતન (૨) ભગવાનના ગુણનું ચિંતન (૩) ભગવાનની લીલાનું ચિંતન

# ધર્મ સૃષ્ટિ

ભક્તિ નરસિંહના અધ્યાત્મપથમાં ભગવત્ચિંતનનાં આ ત્રણેય સ્વરૂપો સંમિલિત છે. ભક્ત નરસિંહનાં પદોના સ્વરૂપ પરથી સ્પષ્ટ રીતે લાગે છે રે આ પદો નરસિંહના ભગવત્ ચિંતનની જ અભિવ્યક્તિ છે.

નરસિંહનાં પદોમાં કૃષ્ણના ગુણનું ચિંતન, કૃષ્ણના રૂપનું ચિંતન અને કૃષ્ણની લીલાનું અપરંપાર ચિંતન જોવા મળે છે. આમ ભગવત્ચિંતન અને ભગવત્ધ્યાન પણ નરસિંહની સાધનાનું મૂલ્યવાન અંગ છે.

**૪. નરસિંહનાં અધ્યાત્મપથમાં જ્ઞાનસાધના :** નરસિંહ નખશિખ ભક્ત છે. નરસિંહ પ્રારંભથી અંત સુધી પ્રેમમાર્ગના યાત્રી છે. શ્રીકૃષ્ણભક્તિ એ જ નરસિંહનો અધ્યાત્મપથ છે. તે જ નરસિંહનું જીવન છે. નરસિંહના અધ્યાત્મપથના સ્વરૂપ વિશે કોઈ દ્વિધા નથી, કોઈ મતમતાંતર નથી. આમ છતાં નરસિંહનાં કેટલાંક પદોમાં અદ્વૈતવેદાંત-પ્રણીત જ્ઞાનમાર્ગનું કથન થયું છે. તેથી નરસિંહના અધ્યાત્મપથને યથાર્થતઃ સમજવા માટે આપણે મીરાંના અધ્યાત્મપથમાં અદ્વૈતવેદાંતપ્રણીત જ્ઞાનમાર્ગના સ્થાન વિશે વિચારવું આવશ્યક બને છે.

પથના ભેદ પથિકો નહિં, પથવિવેચકો કરે છે. અધ્યાત્મના ભિન્ન-ભિન્ન માર્ગોની વિચારણા અધ્યાત્મયાત્રીઓ નહિ, અધ્યાત્મશાસ્ત્રીઓ કરે છે.

રામચરિતમાનસમાં તુલસીદાસજીએ આ સત્ય બહુ સુંદર રીતે કહ્યું છે -

**''सगुनहि अगुनहि नहि कछु भेदा गावहि मुनि पुरान बुध वेदा**
**जगुन अरुप अलख अज जोई भगत प्रेमबस सगुन सो होई''**

સગુણની ઉપાસના કરનાર ભક્ત જ્યાં પહોંચે છે, ત્યાં જ નિર્ગુણની ઉપાસના કરનાર જ્ઞાની પણ પહોંચે છે. મીરાં અને રમણ મહર્ષિ વચ્ચે આપણી દૃષ્ટિએ આકાશપાતાળનું અંતર છે; પરંતુ મીરાં અને રમણની દૃષ્ટિમાં આવું અંતર નથી. આમ હોવાથી જ્ઞાની જ્ઞાનોત્તર ભક્તિ પામે છે અને ભક્ત પ્રેમોત્તર જ્ઞાન પામે છે.

ભક્ત નરસિંહ શ્રીકૃષ્ણના અર્થાત્ પરમાત્માના સગુણ સાકાર સ્વરૂપના ઉપાસક ભક્ત છે. અને છતાં તેમણે ગાયું છે -

**"જાગીને જોઉં તો જગત દીસે નહિં, ઊંઘમાં અટપટા ભોગ ભાસે;**
**ચિત્ત ચૈતન્ય વિલાસ તદ્રૂપ છે, બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે."**

અગુન (નિર્ગુણ) અને સગુન (સગુણ), બંને એક જ પરમતત્વનાં પાસાં છે. નિર્ગુણનો અનુભવ થનારને સગુણની ઝાંખી થાય જ છે અને સગુણનો અનુભવ થનારને નિર્ગુણની ઝાંખી થાય જ છે.

શ્રીમદ્ ભાગવતમાં 'સર્વત્ર ઈશ્વરદર્શનને ભક્તિની આખરી અવસ્થા ગણાવી છે. જ્ઞાનની આખરી અવસ્થા પણ એ જ છે.'

**सर्वभूतेषु यः पश्चेद्र भगवद् भावमात्मनः**
**भूतानि भगवत्यात्मन्येष भागवतोत्तम : ॥**

શ્રીમદ્ ભાગવત; ૧૧-૨-૪૫

"જે ભક્ત સર્વભૂતોમાં આત્મરૂપ ભગવાનનાં દર્શન કરે છે અને આત્મસ્વરૂપ ભગવાનનાં સર્વ ભૂતોમાં દર્શન કરે છે, તે ભક્ત ઉત્તમ ભગવદ્-ભક્ત છે."

**एतावानेव लोकेऽस्मिन् पुसः स्वार्थः परः स्मृतः ।**
**एकान्त भक्तिगोविंदे यत् सर्वत्र सदीक्षणम् ॥**

શ્રીમદ્ ભાગવત; ૭-૭-૫૫

"આ લોકમાં પુરુષનો પરમ પુરુષાર્થ એ જ કહેવાય છે કે તેની ગોવિંદ (પરમેશ્વર)માં આત્યંતિક ભક્તિ એટલે સર્વત્ર ભગવદ્- દર્શન."

શ્રી કૃષ્ણના પરમ ભક્ત નરસિંહને શ્રીકૃષ્ણના જ એક અન્ય રૂપ નિરાકાર બ્રહ્મનો, સર્વવ્યાપી બ્રહ્મનો, અંતર્યામી બ્રહ્મનો અનુભવ થયો છે. ભક્તની દ્વૈતભાવની ઉપાસના અદ્વૈતભાવના અનુભવમાં પરિણમી છે.

ભક્ત નરસિંહે વેદાંતપ્રણીત શ્રવણ-મનન-નિદિધ્યાસનનો અભ્યાસ કર્યો નથી. ભક્ત નરસિંહે વેદાંતપ્રણીત મહાવાક્યવિવેકની સાધના કરી નથી. ભક્ત નરસિંહ માટે તો ગોપીજનપ્રણીત પ્રેમલક્ષણાભક્તિ જ અધ્યાત્મ સાધન છે; પરંતુ પ્રેમ દ્વારા પણ અદ્વૈતનો સાક્ષાત્કાર થઈ શકે છે.

નરસિંહ દ્વૈતભાવની ઉપાસના દ્વારા અદ્વૈતની અનુભૂતિ પામે છે. નરસિંહ પ્રેમલક્ષણાભક્તિ દ્વારા જ્ઞાનની અનુભૂતિ પામે છે. નરસિંહ પ્રેમીભક્ત છે; પરંતુ જ્ઞાનવિરોધી નથી. પ્રેમસાધના દ્વારા જ્ઞાન પ્રગટ્યું છે અને નરસિંહે તેનું સ્વાગત કર્યું છે, તેનું ગાન પણ કર્યું છે.

**નરસિંહની ભક્તિસાધનામાં જ્ઞાનનું આવું યથોચિત સ્થાન છે.** નરસિંહની એક એવી અનુભૂતિ છે, જ્યાં જ્ઞાન અને પ્રેમ એકાકાર બની ગયાં છે અને જ્યાં દ્વૈત એકાકાર બની ગયા છે. આ છે ભક્ત નરસિંહનો અચિંત્ય ભેદાભેદ!

**૫. સમાપન :** નરસિંહે શિવજીની ઉપાસના કરી છે અને નરસિંહ શિવજી દ્વારા શ્રીકૃષ્ણને પામ્યા છે. નરસિંહે પ્રેમની ઉપાસના કરી છે અને નરસિંહ પ્રેમ દ્વારા જ્ઞાનને પામ્યા છે. **નરિસંહે દ્વૈતભાવે ઉપાસના કરી છે અને નરસિંહ દ્વૈત દ્વારા અદ્વૈતને પામ્યા છે. આ એક વિરલ ઘટના છે.**

અધ્યાત્મના ઈતિહાસમાં આ વિરલ ઘટનાની નોંધ લેવી જ જોઈએ. આજ સુધી આપણે આ વિરલ આધ્યાત્મિક ઘટનાની નોંધ નથી લીધી, પરંતુ સત્યની અભિવ્યક્તિ કદી મોડી નથી હોતી. ચાલો આપણે આ વિરલ ઘટનાની નોંધ લેવાનો પ્રારંભ કરીએ.

સામાન્યતઃ ભક્ત ભક્તિ કરે છે અને તદનંતર ભક્તિના પ્રભાવે ભગવદ્-દર્શન પામે છે; પરંતુ નરસિંહ પ્રારંભમાં જ શ્રીકૃષ્ણદર્શન પામે છે અને તદનંતર જીવનભર શ્રીકૃષ્ણભક્તિ કરે છે!

આ નાનીસૂની અસાધારણ ઘટના નથી. આ વિરલ અસાધારણ ઘટના છે. આપણે આવી અસાધારણ ઘટનાની નોંધ ક્યારે લઈશું? આવા છે વિરલ નરસિંહ અને આવી છે, નરસિંહની વિરલ અધ્યાત્મ સાધના!

ધર્મ સૃષ્ટિ



**ડો. અમૃત કાંજિયા**
લેખક જાણીતા હાસ્ય - વ્યંગકાર
અને નિબંધકાર છે.

# શ્રદ્ધા અને અશ્રદ્ધા વિશે ભગવદ્ગીતાના વિચારો

રામચરિત માનસના મંગલાચરણમાં જ તુલસીદાસે **भवानीशंकरौ वन्दे श्रद्धाविश्वासरुपिणौ।** ભવાની અને શિવને શ્રદ્ધા અને વિશ્વાસનું સ્વરૂપ કહ્યાં છે. આ બે વસ્તુ સાથે હોય અને તેમાં માનવ પુરુષાર્થ ભળે પછી આ લોક કે પરલોકની ઈચ્છિત વસ્તુ પ્રાપ્ત થવાને કોઈ રોકી શકે નહીં.

આમ તો શાસ્ત્રોમાં શ્રદ્ધાનું સમર્થન વારંવાર થયું છે. કારણ કે, પરમેશ્વર તરફનું પ્રયાણ શ્રધ્ધા અને વિશ્વાસના પગ વગર એક ડગલું પણ શક્ય બને નહીં. શ્રદ્ધાની વિચારણા વખતે અશ્રદ્ધાની ચર્ચા પણ થઈ છે. શ્રદ્ધા એ ભાવજગતનું વિજ્ઞાન છે. વિજ્ઞાન હોવાના કારણે એના પોતાના નિયમો પણ છે.

શ્રદ્ધા એટલે આસ્થા. શ્રદ્ધાનો સાવ ગુજરાતી અર્થ થાય 'ખાતરી'. આ ખાતરી સત્ય ઠર્યા પછી તેમાં જે ભરોસો બંધાય છે તે છે 'વિશ્વાસ'. આ વિશ્વાસ પછીનો જે ભાવનાત્મક સંબંધ બંધાય છે તે 'નિષ્ઠા'.

એક સાદું ઉદાહરણ લઈએ. આપણે પૃથ્વી પરના તમામ જીવો પ્રાણવાયુથી જીવંત રહીએ છીએ. હવામાંથી આપણું શ્વસનતંત્ર પ્રાણવાયુ તારવીને મેળવી લે છે. આ પ્રાણ જ જીવન છે. તે નહીં મળે તો ? આવો વિચાર જ કોઈને આવતો નથી. પ્રાણવાયુ મળ્યા જ કરશે એવી આપણી ખાતરી બંધાઈ ગઈ છે. આ જીવમાત્રની સહજ શ્રદ્ધા થઈ.

**આપણે રાત્રે ઊંઘીએ છીએ ત્યારે સવારે ઊઠી જવાના ભરોસા સાથે જ સુઈએ છીએ. એ છે વિશ્વાસ.** જીવનમાં શ્રદ્ધાનું અત્યંત મહત્વ છે એટલે જ ભગવદ્ગીતાના ૧૭માં અધ્યાયનું નામ પણ 'શ્રદ્ધાત્રયવિભાગયોગ' એવું આપવામાં આવ્યું છે.

આ અધ્યાયની શરૂઆતમાં અર્જુન કૃષ્ણને પૂછે છે;

**ये शास्त्रविधिमुत्सृज्य यजन्ते श्रद्धान्विताः ॥** (ગીતા ૧૭-૧) હે કૃષ્ણ ! જેઓ શાસ્ત્રવિધિ છોડીને (માત્ર) શ્રદ્ધાયુક્ત થઈને પૂજન વગેરે કરે છે, તેઓની ગતિ કેવી થાય છે? અર્જુનના આ પ્રશ્નના જવાબમાં કૃષ્ણપ્રભુ એકદમ સ્પષ્ટ અને મોટી વાત કરે છે.

**सत्वानुरुपा सर्वस्य श्रद्धा भवति भारत श्रद्धामयोडयं पुरुषो यो यच्छ्दवः स एव सः** (ગીતા ૧૭-૨) હે ભારત! બધા મનુષ્યોની શ્રદ્ધા તેમના અંતઃકરણની શુદ્ધિ અનુસાર હોય છે. દરેક મનુષ્ય શ્રદ્ધામય હોય છે અને જેવી જેની શ્રદ્ધા તેવો તે હોય છે.

શ્રીભગવાન આ શ્લોકમાં બે વસ્તુ સ્પષ્ટ કરી દે છે. એક તો દરેક મનુષ્ય શ્રદ્ધામય હોય છે અને બીજું, જેની જેવી શ્રદ્ધા હોય છે તેવો તે હોય છે. મનુષ્યમાં રહેલી આ શ્રદ્ધા તેના અંતઃકરણમાંની શુદ્ધિ અનુસાર હોય છે. જેમ જેમ અંતઃકરણ શુદ્ધ તેમ તેમ માણસનું ભાવનાત્મક જગત વધારે સમૃદ્ધ. જગત વધારે સમૃદ્ધ. આવા ફળદ્રુપ અંતરમાં શ્રદ્ધા ફળેફૂલે છે. એમાં પ્રસન્નતા, પ્રકાશ અને પ્રજ્ઞાનના ફળ લાગે છે.

દરેક અંતઃકરણમાં જ્યોતિ સ્વરૂપ પરમાત્મા બિરાજમાન છે. અંતઃકરણ પર મલ, વિક્ષેપ અને આવરણના પડ ચડી જવાને લીધે તેની પારદર્શકતા ધુમિલ થઈ જવાથી તેનો અનુભવ થઈ શકતો નથી. ઉપનિષદ્ આ આવરણોને 'હૃદયગ્રંથિ' કહીને ઓળખાવે છે. આમ દરેક સાધન જપ, તપ, વ્રત, યજ્ઞ, દાન, સત્કર્મ, સ્વાધ્યાય, પ્રાણાયામ, કથાવાર્તા, તીર્થયાત્રા આદિ આ અંતઃકરણની શુદ્ધિ અર્થે જ છે. પ્રકાશ તો છે જ, અશુદ્ધિ જ અંતરાયરૂપ છે. એમ પણ કહી શકાય કે અજ્ઞાન વડે જ જ્ઞાન ઢંકાયેલું છે.

**अज्ञानेनावृतं ज्ञानं तेन मुह्यन्ति जन्तवः ॥** (ગીતા ૫-૧૫)એથી પ્રાણીઓ મોહ પામે છે. અજ્ઞાન દૂર કરવા જ સર્વ સાધનનું પ્રયોજન છે.

શ્રીકૃષ્ણએ શ્રદ્ધા ત્રણ પ્રકારની ગણાવી છે,

**त्रिविधा भवति श्रद्धा देहिनां सा स्वभावजा ।**

**सात्विकी राजसी चैव तामसी चेति तां श्रृणु ॥** (ગીતા ૧૭-૨)

મનુષ્યને સ્વભાવથી જ સાત્વિકી, રાજસી અને તામસી એમ ત્રણ પ્રકારની શ્રદ્ધા હોય છે. હવે આ પ્રકારની શ્રદ્ધાવાળા મનુષ્યો વિશે આગળ કહે છે કે સાત્વિકી મનુષ્ય દેવોને પૂજે છે, રાજસી મનુષ્યો યક્ષો અને રાક્ષસોને પૂજે છે તથા બીજા તામસી લોકો ભૂત-પ્રેત વગેરેને પૂજે છે. (ગીતા. ૧૭-૪) આમ મનુષ્યની ભાવનામાં શ્રદ્ધા અનુસાર ભિન્નતા જોવા મળે છે.

સાધન એ ક્રિયાનો વિષય છે. સાધન, પછી તે વૈચારિક ભાવના પણ કેમ ન હોય એનું આચરણ જ પરિણામ આપનારું છે. અને એ માટે શ્રદ્ધા એ જ એક માત્ર વિકલ્પ છે. કૃષ્ણ કહે છે.

**श्रद्धावन्तोडनसूयन्तो मुच्यन्ते तेडपि कर्मभि : ॥** (ગીતા. ૩-૩૧) મારા આ મતને દ્વેષબુદ્ધિથી અળગા થઈને શ્રદ્ધાથી આચરે છે, તે મનુષ્યો પણ કર્મોના બંધનમાંથી મુક્ત થાય છે.

ગીતામાં તો એક અદ્ભુત વાત કહેવાઈ છે. પરમાત્મા કહે છે, **ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम् ।** (ગીતા ૪-૧૧) જેઓ જે પ્રકારે મારે આશ્રયે આવે છે, તેમને તે જ પ્રકારે હું ભજું છું. આટલો પ્રતિપક્ષનો ઘનિષ્ઠ પ્રેમ કે રિસ્પૉન્સ જગતના બીજા કોઈ સંબંધોમાં નથી. સામા પક્ષે વધતી ઓછી લાગણી હોય છે. અને કદાચ એટલે જ મહાબળવાન રાક્ષસો ભગવાન સામે મોરચો માંડનારાઓ પૈકીના જ હતા. ટૂંકમાં, આ બાબતે એટલું સ્પષ્ટ છે ઈશ્વર કોઈની કોઈ પણ પ્રકારની શ્રદ્ધાની ઉપેક્ષા નથી જ કરતો.

ગીતાના એક શ્લોકમાં જ્ઞાનપ્રાપ્તિની ત્રણ શરતો મૂકવામાં આવી છે.

**श्रद्धावॅंल्लभते ज्ञानं तत्पर: संयतेन्द्रिय : ।** (ગીતા ૪-૩૧)

શ્રદ્ધાવાન, તત્પર અને જિતેન્દ્રિય પુરુષ જ્ઞાન મેળવે છે. આ ત્રણ શરતો પ્રમાણિકપણે જેઓ પુરી કરે છે તેઓ જ જ્ઞાન પામે છે. અહીં શ્રદ્ધા એ જ્ઞાનપ્રાપ્તિનો પાયો છે.

જ્યારે શ્રદ્ધા દૃઢ થાય. ભાવના અખંડ બની રહે પછી મનની એકાગ્રતા સંભવ બને. આમ થાય ત્યારે જ અજ્ઞાનનું આવરણ પાતળું પડતું જાય અને આત્મજ્ઞાનનો અરુણોદય થવા લાગે.

અર્જુન એ મનુષ્યજાતિનો પ્રતિનિધિ છે. એટલે જ એમણે બહુ વિચારપૂર્વક પ્રશ્ન કર્યો છે. જે કર્મ, જ્ઞાન, ધ્યાન કે ભક્તિયોગમાં શ્રદ્ધાવાળો હોય અને પૂરેપૂરો

# ધર્મ સૃષ્ટિ

સંયમી ન હોય આવા યોગથી ચલિત થયેલ મનવાળાની **अयतिः श्रद्धयोपेतो योगाच्चलितमानसः।** (ગીતા ૬-૩૭) ગતિ કેવી થાય?

આ પહેલા જન્મમરણના ચક્રની વાત કૃષ્ણે વિસ્તારથી કહી સંભળાવી છે. એટલે એ પણ સ્પષ્ટ થઈ ગયું છે કે શ્રદ્ધા હોવા છતાં જોઈ કોઈ સંજોગોમાં પરમ શાંતિ કે પરમ પ્રકાશનો અનુભવ થવામાં સંયમ બાબતે શિથિલતા થવાથી રસ્તો ચુકાઈ જાય તો વર્ષો સુધી આ માર્ગે ચાલ્યા હોય તેનું શું? સાધારણ માણસની જેમ અર્જુને પણ તક મળતા હિસાબ માગ્યો છે. કૃષ્ણ પાસે તેનો બહુ જબરદસ્ત જવાબ જ નહીં, ગેરંટી સાથેનો જવાબ છે,

**शुचीनां श्रीमतां गेहे.... अथवा योगिनामेव कुले..** (ગીતા ૬-૪૧,૪૨) તે પુણ્યલોક ભોગવી પવિત્ર શ્રીમંતના ઘેર અથવા બુદ્ધિમાન યોગીઓના કુળમાં જન્મે છે અને ફરી (અટકેલ હતો ત્યાંથી) આગળ પ્રયત્ન કરે છે.

શ્રદ્ધાનું મહત્વ કેટલું છે તે આ બે શ્લોકોમાં સાવ સરળ રીતે કહી બતાવ્યું છે.

**यो यो यां यां तनुं भक्तः श्रद्धयार्चितुमिच्छति॥**
**तस्य तस्याचलां श्रद्धां तामेव विदधाम्यहम्॥**
**स तया श्रद्धया युक्तस्तस्याराधनमीहते।**
**लभते च ततः कामान्मयैव विहितान्हितान्॥** (ગીતા ૭-૨૧,૨૨)

જે જે મનુષ્ય જે જે સ્વરૂપનું અર્ચન શ્રદ્ધાપૂર્વક કરવા ઈચ્છે છે, તેની તે સ્વરૂપ વિશેની શ્રદ્ધાને હું દઢ કરું છું. તે શ્રદ્ધાથી યુક્ત થઈ તે તેનું આરાધન કરે છે અને એ દેવ દ્વારા મેં જ નિર્માણ કરેલા ઈચ્છિત ભોગો પામે છે.

કેવડી મોટી વાત છે! કેવડું મોટું સમાધાન છે! દુનિયાના કોઈ ધર્મગ્રંથોમાં આ વાતનો જોટો જડે એમ નથી. હિન્દુઓ તો જેટલા માણસ એટલા દેવની કલ્પનાથી રાજી થાય અને કહે કે તમારાય દેવ સાચા. પૂજો અને કંઈક પામો. કૃષ્ણનો પુનઃ એજ ઉદ્ઘોષ છે, સાંભળો....

**एडप्यन्यदेवता भक्ता यजन्ते श्रद्धयान्विता:।**
**तेडपि मामेव कौन्तेय यजन्त्यविधिपूर्वकम्॥** (ગીતા ૯-૨૩)

હે કુંતીપુત્ર! જે ભક્તો શ્રદ્ધાથી યુક્ત થઈ બીજા દેવતાઓને પૂજે છે, તેઓ પણ અવિધિપૂર્વક મને જ પૂજે છે.

આટલી ઉદારતા લોહીમાં એકરૂપ થઈ ગઈ છે એવા સનાતની હિન્દુઓ શા માટે અન્ય ધર્મોના દ્વેષ અને ઈર્ષ્યાને પાત્ર બને છે એ નથી સમજાતું. બની શકે પોતાના હાથમાં રહેલી ચળકાટવાળી વસ્તુ કરતાંય કિંમતી સુવર્ણ અને રત્નો સામાવાળા પાસે છે એવી એ લોકોને ખબર પડી ગઈ હોવી જોઈએ!

હું સર્વની ઉત્પત્તિનું કારણ છું અને મારાથી સર્વ પ્રવર્તે છે, એમ સમજીને **इति मत्वा भजन्ते मां बुधा भावसमन्विता** (ગીતા ૧૭-૮)। મને શ્રદ્ધાયુક્ત થઈને ભજે છે.

**श्रद्धया परया तप्तं तपस्तत् त्रिविधं नरै:।** (ગીતા ૧૭-૧૭) ઉત્તમ શ્રદ્ધાથી આચરેલા (ત્રણ પ્રકારના) તાપને સાત્વિક કહે છે.

બારમા અધ્યાયની શરૂઆતમાં પુનઃ અર્જુન એક પ્રશ્ન પૂછે છે, આપનામાં જોડાયેલા જે ભક્તો સગુણ સાકાર રૂપે ઉપાસે છે, તથા અવિનાશી, અવ્યક્ત સ્વરૂપે ઉપાસે છે એ બે (ભક્ત અને જ્ઞાની)માં ઉત્તમ યોગવેત્તા કોણ? ઉત્તરમાં કૃષ્ણ કહે છે, જેઓ નિત્ય મારામાં મન જોડી મારા પરાયણ થઈ **श्रद्धया परयोपेतास्ते मे** પરમ શ્રદ્ધાથી મને ઉપાસે છે તેમને હું શ્રેષ્ઠ ગણું છું. (ગીતા ૧૨-૨)

અગાઉ પણ આવો જ પ્રશ્ન અર્જુનને થયેલો. છઠ્ઠા અધ્યાયમાં તેનો ઉલ્લેખ છે તેના ઉત્તરમાં પણ કૃષ્ણએ આમ જ કહ્યું છે. કર્મયોગી, ભક્તિયોગી, જ્ઞાનયોગી, ધ્યાનયોગી આ તમામ યોગીઓમાં પણ જે શ્રદ્ધાવાળો છે, જોડાયેલા અંતઃકરણ વડે પરમાત્માને ભજે છે, તેને તેઓ સ્વયં શ્રેષ્ઠ યોગી કહે છે.

**श्रद्धावान्भजते यो मां स मे युक्ततमो मतः॥** (ગીતા ૬-૪૭) શ્રદ્ધા ન હોવાથી માણસના જીવનમાં શો ફેર પડે છે એ વાત કહેવાનું ભગવાન ચૂકતા નથી. તેઓ કહે છે.

**अज्ञश्चाश्रद्धानश्च संशयात्मा विनश्यति।**
**नायं लोकोस्ति न परो न सुखं संशयात्मनः॥** (ગીતા ૪-૪૦)

અજ્ઞ એટલે કે બેખબર તેમજ (ભાન હોવા છતાં) શ્રદ્ધા વિનાનો મનુષ્ય સંશયગ્રસ્ત રહીને નાશ પામે (પરમ ગતિના માર્ગથી ભટકી જાય) છે. સંશયમય રહેલાને આ લોક(માં શાંતિ) નથી, પરલોક નથી અને (પ્રસન્નતા,સંતોષનું) સુખ પણ નથી.

**न चा भावयत : शान्तिरशान्तस्य कुतः सुखम्।** (ગીતા ૨-૩૩) ભાવના (શ્રદ્ધા-ભક્તિ) રહિતને શાંતિ નથી અને અશાંતને સુખ ક્યાંથી હોય? આ પ્રાપ્ત કરવા જેવા લાભથી એ વંચિત રહી જાય છે. બાકી તે પણ પ્રારબ્ધનો ભોગ કરતો જીવન નિર્ગમન કરતો જ હોય છે. રાજવિદ્યા-રાજગુહ્યયોગના જ્ઞાનનો આરંભ કરતા શરૂઆતે જ આ વાત કરતા ભગવાન કહે છે,

**अश्रद्धाना: पुरुषा धर्मस्यास्य परन्तप।**
**अप्राप्य मां निवर्तन्ते मृत्युसंसारवर्त्मनि॥** (ગીતા ૯-૩)

હે પરંતપ! આ ધર્મમાં શ્રદ્ધા વિનાના મનુષ્યો મને ન પામતાં મૃત્યુરૂપ સંસારના માર્ગમાં ભમ્યા કરે છે. વળી, અશ્રદ્ધા હોવાને લીધે

**अश्रद्धा हुतं दत्तं तपस्तप्तं कृतं च यत्।** (ગીતા ૧૭-૨૮) અશ્રધ્ધાથી યજ્ઞ, દાન, તપ કે જે કંઈ કરવામાં આવે છે તે 'અસત્' કહેવાય છે. તે અહીં કે પરલોકમાં કલ્યાણકારક નથી. તેમજ, શ્રદ્ધારહિત યજ્ઞને તામસ કહેવાય છે. **श्रद्धाविरहितं यज्ञम् तामसं परिचक्षते॥** (ગીતા ૧૭-૧૩) ઉપસંહાર રૂપે અનેક સ્થળે કહેવાયેલ ઉપદેશનો પુનરોચ્ચાર કરતા કૃષ્ણ કહે છે,

**तमेव शरणं गच्छ सर्वभावेन भारत।**
**तत्प्रसादात्परां शान्तिं स्थानं प्राप्यस्यसि शाश्वतम्॥** (ગીતા ૧૮-૬૨)

હે ભારત! તું સર્વ ભાવથી તે પરમેશ્વરને શરણે જા; તેની કૃપાથી તું પરમ શાંતિ અને સનાતન સ્થાન - મોક્ષપદ પામીશ.

ગીતાના આ સંવાદ **श्रद्घावाननसूयश्च श्रृणुयादपि यो नरः।** જે મનુષ્ય શ્રદ્ધાવાન અને દ્વેષબુદ્ધિ વિનાનો થઈને કેવળ સાંભળશે, તે પણ પાપોથી મુક્ત થઈ પુણ્યવાનોના શુભ લોકને પ્રાપ્ત થશે. (ગીતા ૧૮-૭૧) આ વચન વાસુદેવ સ્વયં આપે છે. શરત માત્ર એક જ છે. - શ્રદ્ધા

મો. ૯૮૭૯૮ ૭૯૯૦૦




ZEN GARDEN

4 BHK &
4 BHK ++ FLATS

SAMPLE FLAT READY

**Carpet Area**

**2079** Sq. Ft.
**2665** Sq. Ft.

**Huge Height**

Slab Top to Slab Top

**Basement** | 13′
**Ground Floor** | 13′3″
**First Floor** | 14′9″

- 70% Open Area & 30% Typical Construction
- Superior Build & Work Quality
- Lavish Amenities For All Age Groups
- 26000 Sq Ft Podium Garden
- 2 Allotted Car Parking
- 2nd Plot From Ring Road Purely Residential Project
- Easy Connectivity With Industrial Areas like Shapar, Metoda & Vavdi

Our Associate Projects

36 Avenue
48 Avenue
THE VIBE
SILVER AVENUE
SILVER SQUARE

Rera Number
PR/GJ/RAJKOT/RAJKOT/Rajkot Municipal Corporation/RAA13911/290724/311229

**New 150 Feet Ring Road,**
Near Sky Diamond Apartment, Rajkot

Contact : **77000 53000**


ZEN
GARDEN
4 BHK &
4 BHK ++
FLATS
SAMPLE
FLAT
READY
Carpet Area
2079 Sq. Ft.
2665 Sq. Ft.
Top Brand Products
TOTO | Sanitary Fittings
GROHE | CP Fittings
DGU | Window
6X4 TILES WITH IPS | Tiles
• East - West Open Flats
• Large Beam & Column Less Living & Dining Area
• Water Meter Installed in Flats
• Separate Metered Water Line, Direct From Bore, on 2nd & 3rd Floor for Vaishnav
• Rare 10'8" Slab Top to Slab Top Flat Height
Our Associate Projects
36 Avenue
48 Avenue
THE VIBE
SILVER AVENUE
SILVER SQUARE
Rera Number
PR/GJ/RAJKOT/RAJKOT/Rajkot Municipal Corporation/RAA13911/290724/311229
New 150 Feet Ring Road,
Near Sky Diamond Apartment, Rajkot
Contact : 77000 53000



**પ્રા. ડો. હર્ષદેવ માધવ**
લેખક મૂર્ધન્ય સંસ્કૃત સાહિત્યકાર અને
સાહિત્ય અકાદમી પુરસ્કાર વિજેતા છે.

# વેદોમાં પાપ અને પાપીઓનું મેનેજમેન્ટ



સૃષ્ટિમાં મનુષ્ય એક જ વિચારશીલ પ્રાણી છે. તેને પાપ અને પુણ્યની સમજ છે અને વિવેક-બુદ્ધિ છે. સૃષ્ટિની શરૂઆતથી સત્ અને અસત્ દેવો અને દાનવો, પાપ અને પુણ્ય વચ્ચે સંઘર્ષ રહ્યો છે. કઠોપનિષદ્‌માં શ્રેય અને પ્રેયના બે માર્ગો અલગ બતાવાયા છે. ભગવદ્‌ગીતાના મતે એ શુકલ અને કૃષ્ણગતિ છે.

ઈશ્વરે ભગવદ્‌ગીતામાં પાપો અને પાપીઓના સંહાર કરવા માટે, ધર્મની સ્થાપના માટે અને સજ્જનોના રક્ષણ માટે યુગે-યુગે અવતાર લેવા વચન આપ્યું છે. ભગવદ્‌ગીતાના આ શબ્દો વૈદિક કાળથી જ ઈશ્વરનું વચન છે. ઈશ્વરના અવતારનું મુખ્ય પ્રયોજન પાપ અને પાપીઓનો વિનાશ અને મનુષ્યમાં સત્વગુણની સ્થાપના કરવાનું છે.

યજુર્વેદ ૩૧-૧૯માં કહેવાયું છે કે, 'ઈશ્વર વારંવાર માતાઓના ગર્ભમાં દિવ્યરૂપ ધારણ કરીને જન્મ લે છે. તેના જન્મસ્થાનને ધીરપુરુષો જાણે છે.'

શતપથ બ્રાહ્મણ ૧-૮-૧-૧માં મત્સ્ય અવતારનો ઉલ્લેખ છે. તૈતિરીય, આરણ્યક ૧-૨૩-૩માં કૂર્મઅવતારનો ઉલ્લેખ છે. તૈત્તિરીય સંહિતામાં નૃસિંહ ભગવાનનો સ્પષ્ટ ઉલ્લેખ છે કે -

**वज्रनखाय विद्‌महे तीक्ष्णदंष्ट्राय धीमहि ।**
**( तन्नो ) नारसिंह : प्रचोदयात ॥**

- તૈ.સં.૧-૧-૩૧

'વજ્ર સમાન નખવાળા અને તીક્ષ્ણ દાઢવાળા ભગવાનનું અમે ધ્યાન ધરીએ છીએ એ નરસિંહ પ્રભુ અમારી બુદ્ધિને પ્રેરે.'

ઋગ્વેદ ૧-૨૨-૧૭માં વિષ્ણુ ભગવાને ત્રણ પગલામાં ત્રણેય ભુવનો માપી લીધા એવો ઉલ્લેખ છે. પાપથી અને પાપીઓથી મુક્ત રહેવા માટે ભારતીય સંસ્કૃતિએ ઊંડો વિચાર કર્યો છે. ઋગ્વેદમાં મંત્ર છે કે-

**अजैष्माधसनाय भूमानागसो वयम् ।**
**जाग्रत्स्वप्नः सकल्पः पापो यं**
**द्विष्मस्तं स ऋच्छतु यो नो द्वेष्टि तमृच्छतु ॥**

- ઋ ૧૦-૧૬૪-૫

અમે વિજયી થયા છીએ અમે નિરપરાધ બન્યા છીએ. જાગૃતાવસ્થા, નિદ્રા અને સંકલ્પથી જે કોઈ પાપ થયા છે તે બધા દ્વેષ કરનાર શત્રુને મળે. જેનો અમે દ્વેષ કરીએ છીએ તેની પાસે જાઓ.

(૧) પાપીઓના પાપી વિચારો, દ્વેષ વગેરેને મંત્રશક્તિથી માણસ પાછા વાળી શકે છે. જો નિષ્પાપ મનુષ્ય મંત્રશક્તિનો પ્રયોગ કરે તો તે કવચનું કામ કરે છે અને પાપ કે પાપીઓ તેને કશું જ નુકશાન પહોંચાડી શકતા નથી.

(૨) મનુસ્મૃતિમાં વર્ણવ્યા છે તે પાંચ મહાયજ્ઞોથી મનુષ્ય નિષ્પાપ બની શકે છે. આ યજ્ઞો દેવયજ્ઞ, પિતૃયજ્ઞ, અતિથિયજ્ઞ, ભૂતયજ્ઞ અને ઋષિયજ્ઞ.

(૩) વેદમંત્રો કહે છે કે અમારા તરફ શુભ સંકલ્પો શુભ વિચારો આવે. અમને ચારેય તરફથી અભય પ્રાપ્ત થાય. બધી દિશાઓ મારી મિત્ર બને. સમગ્ર વિશ્વને મૈત્રીભરી ભાવનાથી નિહાળવાથી મનના પાપો દૂર થાય છે. (યજુર્વેદ ૩૬-૧૮)

(૪) જ્ઞાનાર્ણવ તંત્રમાં પાપનો નાશ કરવાની એક અન્ય રીત છે. સવારે ડાબા નસકોરાથી શ્વાસ બહાર કાઢતી વખતે શરીરનો કાળા રંગનો પાપ પુરુષ બહાર નીકળે છે તેવી કલ્પના કરવી.

(૫) જ્ઞાનાર્ણવ તંત્રમાં જ બતાવાયું છે કે શરીરના પાંચ મહાભૂતોને ભસ્મ કરીને મંત્રશક્તિથી અમૃતનું સિંચન કરીને સાધકે પુનઃ નવા શરીરનું નિર્માણ કરવું.

(૬) ગણપતિ અથર્વશિર્ષ, ગાયત્રીમંત્ર વગેરે દ્વારા નિત્ય પાપોના ક્ષય થાય છે.

વેદમંત્રો તેમની શક્તિ દ્વારા અભેદ્ય કવચ આપે છે. આ કવચ દ્વારા પાપ અને પાપીઓથી બચી શકાય છે. જેમ દિવાની ઉપસ્થિતિમાં અંધકાર રહી શકતો નથી એમ સત્વગુણથી વૃધ્ધિ થાય ત્યારે તમોગુણને આપમેળે જ દૂર થવું પડે છે. જૂનાં પાપોને બાળી દેવા. નવાં પાપોને ન થવા દેવા. શત્રુઓ, દુર્જનો અને પાપીઓ સામે રક્ષણ મેળવવા મંત્રશક્તિ એકત્ર કરવી.

શત્રુઓના પાપી વિચારો તેમને પાછા મોકલી દેવા. સમગ્ર સૃષ્ટિને મૈત્રીભાવે નિહાળવી.

ઈશ્વરીય શક્તિ પાપ અને પાપીઓનો નાશ કરવા માટે સાથે છે એમ માનવું.આ બધા ઉપાયોથી સાત્વિકતા સાથે અભેદ્ય કવચ મળે છે.

## કવર સ્ટોરી



**પ્રો. ડો. જે. એમ. પનારા**
પૂર્વ પ્રિન્સિપાલ - કણસાગરા
મહિલા કોલેજ - રાજકોટ
પૂર્વ NSS કો-ઓર્ડિનેટર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી



# શ્રીકૃષ્ણ જન્માષ્ટમી

## લોકનાયક ભગવાન શ્રીકૃષ્ણની જન્મજયંતી



### જન્માષ્ટમીનું મહત્ત્વ

શ્રાવણ વદ આઠમ એ જ ગોકુળ અષ્ટમી. જન્માષ્ટમીનો તહેવાર એટલે ભગવાન શ્રીકૃષ્ણનો જન્મદિવસ. ગ્રામ્ય વિસ્તારમાં તેને 'ગોકુળ આઠમ' પણ કહે છે. સમગ્ર ભારત ઉપરાંત જ્યાં - જ્યાં હિંદુઓ વસે છે તે તમામ દેશોમાં પણ આ તહેવાર ઉજવાય છે. હિન્દુ ધર્મનો આ સૌથી મોટો તહેવાર મનાય છે. આ તહેવાર દર વર્ષે પૂરા દેશમાં ઉમંગ તેમજ ઉલ્લાસથી મનાવવામાં આવે છે. આ તહેવાર હિન્દુ તિથિ અનુસાર શ્રાવણ વદ અષ્ટમીએ હોય છે. ભગવાન કૃષ્ણના જન્મના સમયે ચંદ્રએ રોહિણી નક્ષત્રમાં પ્રવેશ કર્યો હતો, જે ઘણો જ શુભ માનવામાં આવે છે. ભગવાન શ્રીકૃષ્ણ યુગો-યુગોથી લોકોના હૃદયમાં નિવાસ કરે છે, જેને ગોવિંદા, ગોપાલ, કનૈયા, મુરારી, મોહન, કેશવ, શ્યામ, દેવકીનંદન, ગોવર્ધનધારી, યોગેશ્વર, દ્વારકાધીશ, મુરલી મનોહર જેવા લગભગ ૧૦૮ નામોથી બોલવવામાં આવે છે.

જન્માષ્ટમીના દિવસે લોકો વ્રત - ઉપવાસ રાખે છે. ગામ, શહેરો તથા મંદિરોમાં વિશેષ સજાવટ કરવામાં આવે છે. લોકો કૃષ્ણલીલાની સુંદર ઝાંખીઓથી શહેરને સજાવે છે. લોકો રાધા-કૃષ્ણ જેવા વસ્ત્રો પહેરીને રાસલીલા તથા મટકી ફોડના કાર્યક્રમો કરે છે. શ્રીકૃષ્ણનો જન્મ રાતના બાર વાગ્યે થયો હતો તેથી બાર વાગ્યા સુધી ભક્તો મંદિરમાં ભેગા થઈ ધૂન-ભજન ગાય છે, સત્સંગ કરે છે. કૃષ્ણના જન્મ પછી મહાઆરતી કરવામાં આવે છે. લોકો ભગવાનના દર્શન કરી શ્રદ્ધાવાન થાય છે. જન્મ પછી લોકો પારણા કરી પ્રસાદ ગ્રહણ કરે છે. લોકો કૃષ્ણની દિવ્ય લીલાઓનું સ્મરણ કરીને હૃદયપૂર્વક એમની પૂજા કરે છે. લોકો જીવનનો થાક વીસરી જઈને મોકળા મને આનંદ મનાવે છે. આમ, આ તહેવાર ખૂબ જ શ્રધ્ધા અને ભક્તિથી ઉજવાય છે.

મથુરા, વૃંદાવન તથા ગોકુળ એ ભગવાન શ્રીકૃષ્ણના જન્મ તેમજ બાળપણ સાથે જોડાયેલા પાવન સ્થળો છે, ત્યાં આ તહેવારની ધૂમ વધારે જોવા મળે છે. ત્યાંના ઘરો, મંદિરો તેમજ રસ્તાઓ પર દિવ્ય સજાવટ કરવામાં આવે છે. વૃંદાવનના બાંકેબિહારી મંદિર, કૃષ્ણ જન્મભૂમિ તથા ગુજરાતના દ્વારકામાં આવેલ દ્વારકાધીશના મંદિરે દેશભરમાંથી લોકો આ દિવસે દર્શન માટે આવે છે.

જન્માષ્ટમીની સૌથી લોકપ્રિય પરંપરા દહીં - હાંડી ફોડવાની છે. આ ખૂબ સરસ રમત છે. બાળકૃષ્ણને માખણ ખૂબ જ પસંદ હતું. એ સમયમાં ઘરમાં મટકીને બાળકો તથા પશુઓથી બચાવવા માટે ઉંચે લટકાવવામા આવતી હતી. બાળકૃષ્ણ મિત્રોની ટોળી સાથે નીકળીને ગોકુળના ઘરોમાંથી માખણ ચોરી લઈને ગોપ બાળકોને વહેંચી દેતા હતા. ભગવાનની આ લીલાની યાદમાં આજે પણ લોકો મટકીને દોરડાથી બાંધી ઉંચે લટકાવે છે, પછી માનવ પિરામીડો બનાવી મટુકી ફોડી આનંદ લૂંટે છે. મટકી ફોડના મોટા આયોજન મહારાષ્ટ્ર તથા ગુજરાતમાં જોવા મળે છે. આ તહેવારના દિવસોમાં ઘણા સ્થળે મેળા પણ ભરાતા હોય છે. લોકો આખું વર્ષ આ દિવ્ય તહેવારની રાહ જોતા હોય છે. રાત્રે બાર વાગ્યે કૃષ્ણ જન્મ થયા પછી લોકોના કંઠેથી આનંદભર્યા ગીતની યમુના વહેવા માંડે છે.

**"નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલકી"**

### જન્માષ્ટમી શા માટે મનાવવામાં આવે છે ?

શ્રીકૃષ્ણ એ લોકોનો પ્રિય અવતાર છે. તેમણે ઈન્દ્રનો ગર્વ ઉતાર્યો, નારદનો મોહ ટાળ્યો, અસુરોને હણ્યા તથા મહાભારતના યુદ્ધમાં પાંડવોને વિજેતા બનાવ્યા. આટલા વિરાટ કાર્યો કરવા છતાંય પોતે તો ગોપબંધુ જ રહ્યા. વિદુરજીની ભાજી અને દ્રૌપદીની સાદી મહેમાન ગતિથી એમનું હૈયું રાજી થયું. તેમણે નિર્દોષ લોકોને તાર્યા, ગરીબોના બેલી બન્યા. ઈન્દ્રને હરાવી પ્રજામાં ગોવર્ધન અને ગાયોની પૂજા દાખલ કરાવી. શ્રીકૃષ્ણ ખરેખર પૂર્ણ પુરુષોત્તમ છે, તેમણે જીવનની દરેક સ્થિતિને આદર્શમય કરી. તેમનું બાળપણ ખૂબ જ રમ્ય હતું. તેમણે બાળમિત્રોને અદ્ભુત સ્નેહથી ભીંજવી દીધા હતા. સુદામા સાથે અતૂટ મૈત્રી બાંધી જગતમાં મિત્રતાની પ્રતિષ્ઠા કરી. ગાયો ચરાવતા-ચરાવતા સૌ સાથે બેસી ભોજન કરતા અને એ રીતે સમૂહ જીવનના પાઠ શીખવતા. ગોપીઓના માધ્યમથી તેમણે સ્ત્રી શક્તિને જાગૃત કરી.

# કવર સ્ટોરી

યશોદા માતાનો બાલકૃષ્ણ સાથેનો સંબંધ પણ અનોખો છે. ગોપીઓ કૃષ્ણના તોફાનની ફરિયાદો લઈને આવતી તો તેઓ કાને ધરતા નહીં. અલબત્ત સન્માર્ગે વાળવાનું જરૂર શીખવતા. વધારે ફરિયાદ આવે તો ક્યારેક દોરડા વડે બાંધી પણ દેતા. જો કે યશોદાની આ પ્રત્યેક પ્રક્રિયામાં તેનો પ્રેમ જ પ્રકટ થતો હતો.

શ્રીકૃષ્ણનું જીવન એક સંયમીનું, નીતિજ્ઞનું અને ધર્મનિષ્ઠનું હતું. 'ભગવદ્ ગીતા' એ તેમનું સમગ્ર જીવન દર્શન છે. 'ગીતા' એ જીવન ગ્રંથ છે. 'ગીતા' દ્વારા તેમણે કર્મયોગ શીખવ્યો અને કર્મફળની આસક્તિ છોડવાનું પણ કહ્યું. આપણું જીવન કુરુક્ષેત્ર છે, શરીર રથ છે, ઈન્દ્રિયો એમાં જોડેલા ઘોડા છે. મન એ અર્જુન છે તો આત્મા કૃષ્ણ છે. કૃષ્ણ અને અર્જુનનો સમન્વય સધાય તો ઈન્દ્રિયોની મદદથી આપણો રથ મંઝિલ સુધી પહોંચી શકે. મહાયુદ્ધની વચ્ચે રહીને પણ નિઃશસ્ત્ર રહી કૃષ્ણે શસ્ત્ર ત્યાગનું શાસ્ત્ર શીખવ્યું. કાલિનાગરૂપી સંકટને નાથવા ધરારૂપી સંકટમાં ભૂસકો મારી કૃષ્ણએ કાલિયમર્દન કર્યું. વ્રજવાસીઓને બચાવવા ગોવર્ધન ઉંચક્યો. જરાસંઘ, અઘાસુર, બકાસુર, પુતના વગેરેનો વધ કરી આસુરી સત્તાને તોડી નાખી. અનેક રાક્ષસોને મારીને ધરતી પર શાંતિની સ્થાપના કરી. કૃષ્ણએ મહાભારતની યુદ્ધભૂમિમાં અર્જુનને ગીતાનો દિવ્ય ઉપદેશ આપ્યો. આ ઉપદેશ 'ભગવદ્ગીતા' માં સંકલિત થયેલ છે. આ ગ્રંથને હિંદુઓના પવિત્ર ગ્રંથોમાંથી એક માનવામાં આવે છે. હિન્દુ સિવાયના વિશ્વભરના લોકો પણ આ ગ્રંથને વાંચતા, વિચારતા અને સમજતા થયા છે.

મહાભારતના યુદ્ધમાંથી કૃષ્ણ ચરિત્ર વિશેષ બળવાન રીતે પ્રકટ થયું છે. અભિમન્યુ મરાયો, ઘટોત્કચ મરાયો, દ્રૌપદીના પાંચેય પુત્રોનો વધ થયો, મહાન આચાર્યો મરાયા, સેના નાશ પામી, યાદવકુળનો સંહાર થયો, પણ શ્રીકૃષ્ણ એવા જ અવિચલ અને ગંભીર, જાણે પ્રલયકાળ પછીનો મહાસાગર ! શ્રીકૃષ્ણનું જીવન ચરિત્ર એવું છે કે કાળની થપાટ તેને કદી ઝાંખુ કરી શકે તેમ નથી. મહાભારત કાળથી આપણને માર્ગદર્શન આપતા તેઓ ઉભા જ છે, એમની જગ્યા લઈ શકે એવું હજુ કોઈ જન્મ્યુ નથી. તેના જેવું સર્વગ્રાહી, ધ્યેયલક્ષી અને જીવનસ્પર્શી તત્ત્વજ્ઞાન હજુ સુધી બીજા કોઈએ આપ્યું નથી. આ મુરલીધરે જે દિવસે સંસારમાં પ્રથમ પ્રાણ ફૂંક્યો, તો દિવસ ઈતિહાસના પાને અમર થઈ ગયો. એ મુક્તિદાતા, ગીતાના ઉદ્ગાતા અને લોકોના તારણહાર કૃષ્ણનો જન્મ થયો, ત્યારે સર્વ દુઃખ સંતાપ ભૂલી જઈને આનંદોલ્લાસમાં લોકો નાચવા લાગ્યા. તે દિવસ જન્માષ્ટમીના નામે જાણીતો થયો. ભારત દેશમાં અનેક અવતારો થયા છે. આ તમામ નરરત્નોની પરંપરામાં કૃષ્ણ એ કૌસ્તુભમણિ સમાન છે.

બધી જ દૃષ્ટિએ કૃષ્ણ પૂર્ણાવતાર છે. તેમના જીવનમાં કોઈ જગ્યા એવી નથી જ્યાં ખામી જણાય. કૃષ્ણ જેવા સમાજ ઉદ્ધારક કોઈ થયા નથી. સત્તા અને સંપત્તિ વગર સેંકડો લોકોનું સંગઠન કરી શકાય છે, એ એમણે ગોકુળમાં કરીને દેખાડ્યું. **"कर्षति आकर्षति इति कृष्णः"** એટલે કે જે ખેંચે છે, આકર્ષે છે, તે કૃષ્ણ છે. આજે પણ કૃષ્ણ આપણને તેટલાં જ આકર્ષક લાગે છે. કૃષ્ણ એટલે આનંદ, કૃષ્ણ એટલે જીવનની સુગંધ અને કૃષ્ણ એટલે નૃત્ય. જેના જીવનમાં કૃષ્ણ આવ્યો હોય તે નાચતો હોય, ગાતો હોય, હસતો હોય અને મસ્તીથી જીવન જીવતો હોય. એ રડતો કે કંટાળી ગયેલો તો કદાપિ ન હોય. આ દૃષ્ટિએ કૃષ્ણ એ સાચા અર્થમાં જગદ્ગુરુ છે - "कृष्णम् वन्दे जगद्गुरुम्"

**જન્માષ્ટમીની પૌરાણિક કથા :**

**"यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत । अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥**

**परित्राणाय साधूनां विनाशाय च दृष्कृताम् । धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ॥**

**(શ્રીમદ્ ભગવદ્ ગીતા, અધ્યાય-૪, શ્લોક-૭ અને ૮)**

હિન્દુ પૌરાણિક કથાઓ અનુસાર તથા 'શ્રીમદ્ ભગવદ્ ગીતા' ના ઉપરોક્ત શ્લોક પ્રમાણે જ્યારે - જ્યારે ધરતી પર પાપ વધે છે, ધર્મની ગ્લાની થાય છે, અધર્મની વૃદ્ધિ થાય છે, ત્યારે સાધુપુરુષોનો ઉદ્ધાર કરવા માટે, પાપકર્મ કરનારાઓનો વિનાશ કરવા માટે અને ધર્મની સમ્યક રીતે સ્થાપના કરવા માટે યુગે - યુગે પ્રગટ થવાનું ભગવાને વચન આપ્યું છે - દ્વાપર યુગમાં ભગવાન વિષ્ણુ જ કૃષ્ણના રૂપમાં ધરતી પર અવતરિત થયા. આ એમનો આઠમો અવતાર હતો. કૃષ્ણ જન્મની કથા કંઈક આ પ્રકારે છે :-

કંસ મથુરાનો રાજા હતો. તે એક શક્તિશાળી અને ક્રૂર રાજા હતો. કંસનો આતંક મથુરા અને આસપાસના પ્રદેશોમાં ખૂબ હતો.

# કવર સ્ટોરી

પ્રજા ત્રાહિમામ પોકારી ગઈ હતી. તેને દેવકી નામની એક બહેન હતી. વાસુદેવ સાથે દેવકીના લગ્ન થયા પછી આકાશવાણી થઈ - "હે ઘમંડી રાજા કંસ, તારા દુષ્ટ જીવનનો અંત નજીક જ છે. દેવકી અને વાસુદેવનું આઠમું સંતાન જ તારો કાળ બનશે." આકાશવાણી સાંભળીને લોકો સ્તબ્ધ બની ગયા, કંસ ક્રોધિત થઈ ગયો. તેણે દેવકીને મારવાનો નિર્ણય લઈ લીધો. પરંતુ વાસુદેવે વધ ન કરવા વિનંતી કરી અને કહ્યું કે તે પોતાનું આઠમું સંતાન એને સોંપી દેશે. આથી કંસે દેવકીને તો ન મારી પરંતુ બન્નેને જેલમાં નાખી દીધા.

દેવકીએ પહેલા સંતાન રૂપે કન્યાને જન્મ આપ્યો. કંસને ખબર મળતાં જ તે ત્યાં પહોંચી ગયો. તેણે નિર્દયતાપૂર્વક માતા-પિતાની સામે જ નવજાત કન્યાને મારી નાખી. આ જ રીતે ત્યાર પછીના સંતાનોને પણ તે મારતો ગયો. જ્યારે દેવકી આઠમા સંતાનને જન્મ આપવાની હતી ત્યારે ગભરાયેલા કંસે પહેરો સખત કરી દીધો.

શ્રાવણ વદ આઠમની અડધી રાત્રે કૃષ્ણ જન્મની શુભ ઘડી આવી. દેવકીએ પોતાના આઠમા સંતાનને જન્મ આપ્યો. આ આઠમા સંતાન તરીકે ખુદ ભગવાને અવતાર લીધો હતો. આ જન્મ પછી એક ચમત્કાર થયો. બધા પહેરેદારો ઉંઘી ગયા તથા કારાગૃહના દ્વાર આપોઆપ ખુલી ગયા. વાસુદેવ - દેવકીની બેડીઓ તૂટી ગઈ. દેવકી તેમજ વાસુદેવે આકાશવાણી સાંભળી - "વાસુદેવ ! તમારો બાળક કોઈ સાધારણ બાળક નથી, તે જગતનો રક્ષક છે, જે ધરતી પર વધી ગયેલી આસુરી શક્તિનો સંહાર કરશે. તેને ગોકુળ લઈ જઈને બાબા નંદના ઘેર છોડી આવો અને તેની નવજાત કન્યાને લઈ આવો." સંતાનને બીજી જગ્યાએ છોડવાની વાત સાંભળી દેવકી તેમજ વાસુદેવ ઉદાસ થઈ ગયા, પરંતુ બાળકના રક્ષણ માટે આકાશવાણીનું પાલન કરવાનો નિર્ણય કર્યો.

વાસુદેવે શિશુને ટોપલીમાં રાખીને ઢાંકી દીધો. દેવકીએ રડતા-રડતા ગળે લગાવીને આશીર્વાદ આપ્યા. વાસુદેવે માથા પર ટોપલી રાખી ગોકુળની વાટ પકડી. રાત્રે ભારે વરસાદ થઈ રહ્યો હતો, જેથી યમુના પાર કરવી મુશ્કેલી હતી. પરંતુ અચાનક યમુનાએ માર્ગ આપી દીધો. વાસુદેવે યમુનામાં પગ રાખ્યો અને એક ચમત્કાર થયો. ભગવાન વિષ્ણુનો દિવ્ય સર્પ શેષનાગ નદીમાં પ્રગટ થયો. એણે બાળકને વરસાદથી બચાવવા પોતાની ફેણ ઉપર રાખી દીધી. વાસુદેવ સહી સલામત ગોકુળ પહોંચી ગયા. એમણે ભારે મનથી શિશુને ત્યાં છોડ્યો તથા નંદરાજાની નવજાત કન્યાને લઈ મથુરા પાછા આવ્યા. અંદર આવ્યા પછી કારાગૃહના દરવાજા આપમેળે બંધ થઈ ગયા. ચોકીદારો ઉંઘમાંથી જાગ્યા ત્યારે તેમને જાણ થઈ કે દેવકીએ કન્યાને જન્મ આપ્યો છે. તેઓએ કંસને સમાચાર આપ્યા. કંસ તુરંત જ આવી પહોંચ્યો. કંસ નવજાત કન્યાને મારવા જાય છે ત્યાં તે એના હાથમાંથી છૂટીને આકાશમાં ઉડી ગઈ. જતાં - જતાં તે કન્યા બોલી - "હે નિર્દયી રાજા ! આટલું ઘમંડ ન કર તને મારવાવવાળો આ ધરતી પર જન્મ લઈ ચૂક્યો છે !" આમ કહેતા જ એ દિવ્ય કન્યા આકાશમાં અદૃશ્ય થઈ ગઈ. દેવકી તેમજ વાસુદેવ પણ આ ચમત્કારિક ઘટનાક્રમ જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા. કંસ દેવકીના પુત્રને શોધીને કોઈપણ ભોગે તેને મારવા ઈચ્છતો હતો.

ગોકુળમાં નંદ - યશોદાના ઘરે દેવકી તેમજ વાસુદેવનો પુત્ર ઉછરવા લાગ્યો. તેઓ આ બાળકને કૃષ્ણ કહેતા હતા. તે માતા-પિતાનો વ્હાલો તથા ગોકુળવાસીઓનો અત્યંત પ્રિય બાળક હતો. થોડા સમય પછી કંસને ખ્યાલ આવી ગયો કે મારો કાળ નંદબાબાના ઘરે મોટો થઈ રહ્યો છે. તેને મારવા માટે કંસે કેટલાક રાક્ષસો મોકલ્યા, પરંતુ કૃષ્ણે તે બધાને મારી નાખ્યા. થોડા સમય પછી કંસે કૃષ્ણને મથુરા બોલાવ્યા, ત્યાં કૃષ્ણે અત્યાચારી મામા કંસનો વધ કરી દીધો. લોકોને કંસના આતંકથી મુક્ત કર્યા; ત્યારથી શ્રીકૃષ્ણ જન્માષ્ટમીનો તહેવાર દર વર્ષે ખૂબ જ ધૂમધામ તથા હર્ષ અને ઉલ્લાસથી ઉજવવામાં આવે છે.

શ્રીકૃષ્ણનું કર્મ માત્ર એક યુગ પૂરતું સીમિત નથી, તેની અસર ત્યારે હતી, આજે છે અને આવતીકાલે પણ રહેશે. તેમનો જ વિચાર બુદ્ધ, મહાવીર, નરસિંહ મહેતા તથા મહાત્મા ગાંધીએ જન-જન સુધી પહોંચાડ્યો છે. તેઓએ ફરીથી સત્ય, અહિંસા, પ્રેમ, કરૂણા અને શાંતિની સુધાનું પાન કરાવ્યું. કૃષ્ણ દ્વારા પ્રબોધાયેલી શાંતિ આજે વિશ્વશાંતિ બનવા પ્રયત્ન કરી રહી છે. યુદ્ધથી ઘેરાયેલ અને ત્રાસેલા વિશ્વને આજે કૃષ્ણે પ્રબોધેલા માર્ગની ખૂબ આવશ્યકતા છે.

શ્રીકૃષ્ણનો જન્મ દર વર્ષે થાય છે અને થતો રહેશે. કારણ કે ભક્તિ, પ્રેમ, શાંતિ, સુરક્ષા અને આનંદની સમગ્ર દુનિયાને જરૂર છે. બંસીધર, ચક્રધર, કૃષ્ણ તો ભારતીય પ્રજાનો આત્મા છે. માટે જ જન્માષ્ટમી પુરાતન છે, સનાતન છે અને છતાં નિત્ય નૂતન છે. આવો આપણે સૌ પૂરી શ્રધ્ધાથી જન્માષ્ટીનો તહેવાર ઉજવીએ તેમજ કૃષ્ણને પ્રાર્થના કરીએ કે તેઓ આપણી ધરતી પર શાંતિ, પ્રેમ અને સત્યતાના આશીર્વાદ વરસાવે.

**"ૐ નમો ભગવતે વાસુદેવાય" - જયશ્રીકૃષ્ણ**

# શિક્ષણ સૃષ્ટિ



**પદ્મશ્રી દેવેન્દ્ર પટેલ**
લેખક, જાણીતા વરિષ્ઠ પત્રકાર, સાહિત્કાર, કોલમિસ્ટ, ૬૦ થી વધુ પુસ્તકોના લેખક અને ભારત સરકાર દ્વારા પદ્મશ્રી એવોર્ડથી વિભૂષિત છે.

# ધોરણ-૮ ભણેલા લેખકને જ્યારે જ્ઞાનપીઠ એવોર્ડ મળ્યો

પન્નાલાલ પટેલ એ ગુજરાતી સાહિત્યના સર્વશ્રેષ્ઠ સાહિત્યકાર રહ્યા. 'મળેલા જીવ' અને 'માનવીની ભવાઇ' સિવાય એમણે બીજું કાંઇ પણ લખ્યું ના હોત તો પણ તેઓ શ્રેષ્ઠ નવલકથાકાર જ કહેવાત. પન્નાલાલની કક્ષાનો એક પણ નવલકથાકાર તેમના પછી ગુજરાતી સાહિત્યને મળ્યો નથી. પન્નાલાલ પટેલ અને ઉમાશંકર જોશીના ગયા પછી ગુજરાતી સાહિત્ય જગતમાં સાહિત્યકાર કહી શકાય તેવી એક પણ પ્રતિભા રહી નથી.

પન્નાલાલ પટેલે ગુજરાતી સાહિત્યની અસ્મિતાને રાષ્ટ્રીય સ્તરે મૂકી આપી છે. તેમની સાહિત્ય સેવા બદલ ૧૯૮૫ના વર્ષનો ૨૧મો ' જ્ઞાનપીઠ' એવોર્ડ 'માનવી ભવાઇ' માટે અર્પણ કરવામાં આવ્યો હતો.

પોતાની સર્જન પ્રક્રિયાને કોઇ અકળ અલૌકિક શક્તિની પ્રસાદી માનનાર પન્નાલાલ પટેલે એક કાળે ગુજરાતને ઘેલું કર્યું હતું. આધ્યાત્મ પ્રતિ વધુ ને વધુ અભિમુખ બનેલા પન્નાલાલ સદૈવ શ્રી અરવિંદ અને શ્રી માતાજીને સમર્પિત રહ્યા.તેમણે ૫૪ નવલકથા, ૨૬ વાર્તાસંગ્રહો, ૨૯ નાટકો, બાળસાહિત્ય આ ઉપરાંત 'આત્મકથા' મહાકથા, ધાર્મિક ગ્રંથો, વિવેચનો વગેરે લખ્યાં છે. પ્રાદેશિક નવલકથાના પ્રકરણમાં તેઓ અદ્વિતીય રહ્યા છે. 'મળેલા જીવ', 'વળામણા', 'માનવીની ભવાઇ', 'ભાગ્યાના ભેરુ','ઘમ્મર વલોણું' વગેરે તેમની કીર્તિદા કૃતિઓ છે.

પન્નાલાલ પટેલનો જન્મ તા. ૭-૫-૧૯૧૨ના રોજ રાજસ્થાનના ડુંગરપુર પાસે આવેલા માંડલી ગામમાં થયો હતો. વિધવા માતા હીરાબહેને ખેતીનો વ્યવસવાય કરી પોતાનાં છ બાળકોનું ભરણપોષણ કર્યુ. તેમનું બાળપણનું લાડકવાયું નામ 'પનો' હતું. છ વર્ષની ઉંમરે તેમના ગામમાં જયશંકરાનંદ નામના સાધુ આવેલા, તેમની સાથે તેઓ 'મેઘરજ' આવ્યા. ત્યાં એક દિવસે ઇડરના મહારાજા હિંમતસિંહજી આવેલા. તેમના રાત્રિરોકાણ દરમિયાન સંગીતનો કાર્યક્રમ ગોઠવાયો તેના આ બાળકના કંઠે 'બંસીવાલે આવજો મોરે દેશ' ભજન ગવાયું. આ ભજનથી મહારાજા મુગ્ધ થયા અને તેમણે આ બાળકને ઇડરની બોર્ડિંગમાં ભણવાની વ્યવસ્થા કરી આપી. અહીં ઉમાશંકર જોશી તેમની સાથે ધોરણ પાંચ સુધી ભણતા હતા.

દારૂના પીઠા પર ગુજરાન ચલાવવા એક જમાનામાં પન્નાલાલ પટેલે દેશી દારૂના પીઠા પર પણ નોકરી કરી હતી. તે પછી અમદાવાદ ભણવાનું ફાવ્યું નહી. તેથી ડુંગરપુર જઇ કાપડની દુકાન કરી, પણ તેમાં કંઇ ફાવ્યું નહીં. તે પછી ફરીથી અમદાવાદ આવીને ઇલેક્ટ્રિસિટી કું.માં દસ વર્ષ નોકરી કરી. ત્યાંથી અમદાવાદ દૂધેશ્વર વોટર વર્ક્સમાં ઓઇલમેન તરીકે જોડાયા, પણ ત્યાં ફાવ્યું નહીં એટલે અમદાવાદમાં ફ્લોર ફેક્ટરી શરૂ કરી. પરંતુ થોડા દિવસ પછી એ ધંધો પણ બંધ કર્યો.

ઇ.સ.૧૯૩૦માં અમદાવાદમાં ગાંધીજીના પ્રમુખપદે સાહિત્ય પરિષદનું અધિવેશન ભરાયું. તેમાં ઉમાશંકર જોશી અને સુંદરમ્‌ની ખૂબ નજીક આવવાનું થયું. અહીંથી પન્નાલાલ પટેલને લખવાની દીક્ષા મળી. તેઓ જે વાર્તાઓ લખતા તે સુંદરમ્‌ને બતાવતા અને તેમ કરતાં પ્રથમ કેટલીક વાર્તાઓ સામયિકમાં છપાઇ. તે પછી એક-બે પુસ્તકો લખ્યાં, જેની સાહિત્ય જગતમાં ખૂબ પ્રશંસા થઇ.

તે પછી અમદાવાદ છોડી વતનમાં જઇ બળદ અને ઢોર ખરીદ્યા અને ખેતી કરી, પણ તે બરાબર ફાવી નહીં એટલે મુંબઇ ગયા. ત્યાં અનેક સાહિત્યકારોના પરિચયમાં આવ્યા. તેમની લખેલી નવલકથા 'મળેલા જીવ' પરથી ફિલ્મ ઊતરી. તે પછી વતનમાં આવ્યા અને ખેતી શરૂ કરી. ચોમાસાના દિવસોમાં અને હર્યાભર્યા ખેતરોમાં મકાઇના ખેતરે માળા પર બેસી કાગડા ઉડાડતા જાય ને 'માનવીની ભવાઇ' લખતા જાય. વતનમાં રહેતા હતા તે દરમિયાન ટીબીના દર્દમાં ઘેરાયા. મુંબઇ, પંચગીની વગેરે સ્થળોએ સારવાર લીધી. તે પછી શરીર સારું થતાં પોંડિચેરી શ્રી અરવિંદ અને માતાજીના આશ્રમમાં કેટલાક સમય રહ્યા. ત્યાં દર્દી મટીને સાધક બન્યા. યોગના પૂર્ણ અભ્યાસી થયા. ઇશ્વરમાં પૂર્ણ શ્રદ્ધા જન્મી. અમદાવાદને વતન બનાવ્યું.

તે પછી અમદાવાદ આવી ઘરનું ઘર બાંધ્યું. સાહિત્યનું કામ શરૂ કર્યું. સાહિત્ય સર્જન એ કોઇ ડિગ્રીધારીનો ઇજારો નથી, પણ જેનામાં નિરીક્ષણવૃતિ, કોઠાસૂઝ અને કલ્પનાશક્તિનું ભાથું હોય તેવી વ્યક્તિ માટે આ ક્ષેત્ર કીર્તિદા છે. તેનું શ્રેષ્ઠ ઉદાહરણ પન્નાલાલ પટેલ છે. સાહિત્યજગતમાં સ્થિર થયા બાદ નાનામાં નાનો માણસ મળે તો પણ તેઓ રાજી થઇ જતા. હૃદયથી અત્યંત નિર્મળ અને સ્વભાવથી પારદર્શક હતા. સામાજિક આંટીઘૂંટીઓ, ખટપટો અને ઈર્ષા જેવી ચીજથી તેઓ જોજનો દૂર હતા. ઘણા લોકોએ તેમના ભોળપણનો લાભ ઉઠાવ્યો હતો.

"પન્નાલાલના પગરખામાં પગ મૂકી શકે એવો કોઇ વાર્તાકાર કે નવલકથાકાર નથી." ઝવેરચંદ મેઘાણીની દૃષ્ટિએ 'મળેલા જીવ' એ એક એકલ અને નિરાળો પ્રેમ કિસ્સો નથી, આ તો સમ્રગ સ્થાનિક લોકસંસારને પોતાના વમળમાં લેતું જળભમ્મર છે. "આ તો તે સમસ્ત સંસારના નાના-મોટા પ્રત્યેક સ્વરાઘાત ઝીલતી જાણે કે કોઇ ગ્રામોફોનની ગાન તાવડી છે."



**ડો. નરેભરામ જે. રાંકજા**
મેમ્બર ફોર બોર્ડ ઓફ સ્ટડીઝ,
મારવાડી યુનિવર્સિટી, રાજકોટ અને પૂર્વ પ્રોફેસર,
જુનાગઢ કૃષિયુનિવર્સિટી, જુનાગઢ

# "ચાલો જાણીએ આપણા સ્વતંત્રતા પર્વ વિશે"

દરેક ભારતીય નાગરીકો માટે યાદગાર દિવસોમાં એક દિવસ એવો છે જે અતિ મહત્વનો કહેવાય તે ૧૫ મી ઓગસ્ટ. જે દિવસે આપણા દેશને ખુબ જ સંઘર્ષથી અને લાંબા સમયે સ્વતંત્રતા મળી હતી. આપણા દેશમાં વર્ષ દરમ્યાન ત્રણ દિવસો એવા છે કે જે રાષ્ટ્રીય તહેવાર તરીકે ઉજવવામાં આવે છે. જેમાં ૧૫ મી ઓગસ્ટ, જેને સ્વતંત્રતા દિવસ, ૨૬મી જાન્યુઆરી, જેને પ્રજાસત્તાક દિવસ અને ૨ જી ઓક્ટોબર, જેને ગાંધી જયંતી તરીકે ઉજવવામાં આવે છે. બ્રિટીશ સંસદે લોર્ડ માઉન્ટબેટનની છેલ્લા વાઈસરોય તરીકે નિમણુંક કરી હતી. આ સંસદે માઉન્ટબેટનને ભારતની આઝાદી માટે ૧૫, ઓગસ્ટ ૧૯૪૭નો દિવસ પસંદ કર્યો. ત્યારબાદ બ્રિટીશ હાઉસ ઓફ કોમન્સમાં ઈન્ડીયન ઈન્ડિપેન્ડન્ટસ બિલ, ૪, જુલાઈ, ૧૯૪૭ ના રોજ રજુ કરવામાં આવ્યું. આ બિલમાં ભારતના ભાગલા અને પાકિસ્તાનને અલગ રાષ્ટ્ર બનાવવાનો પ્રસ્તાવ રાખવામાં આવ્યો. આ બિલ ૧૮, જુલાઈ, ૧૯૪૭ના રોજ સ્વીકારવામાં આવ્યું અને ૧૪, ઓગષ્ટના ભાગલા પછી ૧૫મી ઓગષ્ટ, ૧૯૪૭મી મધ્યરાત્રિએ ભારતને આઝાદી આપવાની જાહેરાત કરવામાં આવી હતી.

આ વર્ષ આપણે આઝાદીના ૭૮ વર્ષ પુરા કરી ૭૯માં સ્વતંત્રતા દિવસ તરીકે ઉજવીશું. વર્ષ - ૨૦૨૫ માટે લોકોએ તેમજ તંત્રએ સ્વતંત્રતાના ૭૯માં પર્વની ઉજવણીની તૈયારી કરી દિધેલ છે. આપણા દેશની લોકશાહી સમગ્ર વિશ્વમાં મોટામાં મોટી છે. આ આઝાદી આપણને સરળતાથી મળી પરંતુ આપણા સ્વતંત્રતા સેનાનીઓના બલિદાન અને વર્ષોના સંઘર્ષ પછી મળેલ છે. અંગ્રેજોએ લગભગ બસો વર્ષ સુધી આપણા દેશ ઉપર રાજ કર્યું. તે દરમ્યાન આપણા દેશવાસીઓ એ ખુબ જ જુલ્મો સહન કર્યા. આપણા જ દેશમાં રહીને આપણે વર્ષો સુધી વિદેશીઓના ગુલામ બનીને રહ્યા હતા. આ ગુલામીમાંથી આપણે ૧૫મી ઓગષ્ટ, ૧૯૪૭ના રોજ મુક્ત થયા. આ મુક્તિની ખુશી માટે તેમજ આપણા અનેક નામી, અનામી સ્વતંત્રતા સેનાનીઓના બલિદાન અને તેમના યોગદાનને બિરદાવવા માટે તેમજ દેશ ભક્તિ જગાડવા માટે તથા નવી પેઢીને સ્વતંત્રતા સેનાનીઓના સંઘર્ષ અને બલિદાનના ઈતિહાસ થી પરિચિત થાય તેવા હેતુઓથી આ સ્વતંત્રતાનું પર્વ ઉજવવામાં આવે છે. આ દિવસે આપણને દેશભરમાં દેશભક્તિની લાગણી જોઈ શકાય છે. આ પર્વની સાથે રાષ્ટ્રવાદ, વિવિધતામાં એકતાનો પણ પડઘો પડે છે.

આ દિવસે આપણા દેશમાં શાળાઓ, કોલેજો, કચેરીઓ અને સોસાયટીઓમાં અનેક નાના મોટા કાર્યક્રમો કરવામાં આવે છે અને રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવે છે, તેને સલામી આપી રાષ્ટ્રગીત ગાવામાં આવે છે. શાળાઓ અને કોલેજોમાં ધ્વજવંદનની સાથે સાથે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો ગોઠવવામાં આવે છે. વિવિધ પ્રકારની હરીફાઈઓ રાખવામાં આવે છે, સરઘસ રૂપે રેલીઓ કાઢવામાં આવે છે. રાષ્ટ્રીય કક્ષાએ અને રાજ્ય કક્ષાએ આ દિવસે મોટા પાયે ઉજવણીનો કાર્યક્રમ રાખવામાં આવે છે. આપણા દેશમાં લાલ કિલ્લા પરથી દર વર્ષે આપણા વડા પ્રધાન રાષ્ટ્રધ્વજ લહેરાવે છે, સાથે જ એકવીશ તોપોથી સન્માન આપવામાં આવે છે. તે ઉપરાંત રાજપથ ઉપર ભારતીય સેનાના જવાનો પરેડ કરીને શક્તિ પ્રદર્શન કરે છે, જેમાં ત્રણેય પાંખના જવાનો સામેલ હોય છે. વડાપ્રધાન આ દિવસે પ્રજાને સંબોધે છે. આ કાર્યક્રમની સાથે પરમવીરચક્ર, અશોકચક્ર અનો શોર્યચક્ર થી સન્માનિત કરવાનો કાર્યક્રમ પણ રાખવામાં આવે છે. આ પ્રસંગે વિશ્વ કક્ષાએ નામના મેળવેલ ખેલાડી તથા અન્યને સન્માનિત કરવામાં આવે છે. દરેક રાજ્યની અંદર પણ આ ઉજવણી ખૂબ જ ધામધુમથી કરવામાં આવે છે. રાજ્ય કક્ષાએ નક્કી કરેલ સ્થળ ઉપર મુખ્યમંત્રી દ્વારા રાષ્ટ્રધ્વજને ફરકાવવામાં આવે છે. આ દરમ્યાન રાષ્ટ્રધ્વજને સલામી આપી રાષ્ટ્રગીત ગાવામાં આવે છે તેમજ પેરામીલેટ્રી પોલીસ અને એન.સી.સી.ના જવાનો દ્વારા પરેડ કરી રાષ્ટ્રધ્વજને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવે છે. આમાં પણ આઝાદી માટે બલિદાન આપનાર વીર શહીદોને યાદ કરવામાં આવે છે. હાલ દેશનું રક્ષણ કરતા કરતા શહીદ થયેલ જવાનોને શ્રધ્ધાંજલી આપવાાં આવે છે. સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે સન્માન અને ચંદ્રકો આપવાના કાર્યક્રમો પણ રાખવામાં આવે છે. આ માટે દરેક જિલ્લામાં ઉજવણી માટે એક એક પ્રધાનોને જવાબદારી સોંપવામાં આવે છે અને જિલ્લા વાઈઝ ઉજવણી કરવામાં આવે છે. આ કાર્યક્રમોનું જીવંત પ્રસારણ ટીવીના માધ્યમથી કરવામાં આવે છે. તેમજ રેડીયા દ્વારા પણ આખો દિવસ દેશ ભક્તિના ગીતો રજુ કરવામાં આવે છે.

ભારતને અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત કરવા માટે આપણા ઘણા બધા જવાનોએ હસતા હસતા શહીદી વહોરી લીધી છે. આ તકે આવા શહીદ વીરો જેવા કે ભગતસિંહ, ખુદીરામ બોઝ, પ્રફુલ ચાકી અને ચંદ્રશેખર આઝાદ જેવા અનેક નામી અનામી વીરોએ બલીદાન આપેલ છે જેને આ તકે આપણે યાદ કરીએ છીએ. આ ઉપરાંત સ્વતંત્રતા મેળવવામાં જેમનો સિંહ ફાળો છે તેવા રાષ્ટ્રીય નેતાઓ જેમાં આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલ, જવાહરલાલ નહેરૂ, સુભાશચંદ્ર બોઝ,

# શિક્ષણ સૃષ્ટિ

બાલગંગાધર તિલક અને લાલા લજપતરાય જેવા અનેક દેશના નેતાઓએ પોતાનું જીવન રાષ્ટ્રની સેવામાં અર્પણ કરી દીધેલ હતું જેને પણ આ તકે આપણે યાદ કરીએ છીએ. આ ઉજવણી સાથે ફરકાવવામાં આવતા આપણા ત્રિરંગા ધ્વજનું પણ અનેરૂ મહત્વ છે. ત્રિરંગામાં દર્શાવવામાં આવેલ જુદા જુદા રંગ આપણને ઘણું બધું કહી જાય છે અને જીવન જિવવાની સાચી રીત શીખવે છે. ત્રિરંગાની સૌથી ઉપર દેખાતો કેસરી રંગ આપણને શોર્ય, ત્યાગ અને બલિદાનની યાદ અપાવે છે. મધ્યમમાં રહેલ સફેદ રંગ શાંતિ, ઈમાનદારી તેમજ તમામ ધર્મોનું સન્માન કરવાનું શીખવે છે. તેમાં આવેલ સૌથી નીચેનો લીલો રંગ દેશના વિકાસ અને સમૃદ્ધિનું પ્રતિક છે. ધ્વજની મધ્યમમાં રાખવામાં આવેલ અશોક ચક્ર આપણને સતત આગળ વધવાની પ્રેરણા આપે છે. દરેક ભારતીયો માટે તેનો દેશ પહેલો આવવો જોઈએ. આઝાદી પછી આપણને તમામ મૂળભૂત અધિકારો મળ્યા છે. આપણે ખુબ જ ભાગ્યશાળી છીએકે આપણા પુર્વજોએ આપણને શાંતિ અને સુખની ભૂમિ આપી છે, જ્યાં આપણે ડર્યા વગર રાત્રે ઊંઘી શકીએ છીએ. આજે આપણો દેશ ટેકનોલોજી, એજ્યુકેશન, સ્પોર્ટસ, ફાઈનાન્સ અને અન્ય ઘણા ક્ષેત્રોમાં ઝડપથી વિકાસ કરી રહ્યો છે જે આઝાદી વિના શક્ય ન હોત. જોકે આપણે આપણી જાતને આપણા દેશ પ્રત્યેની જવાબદારીઓમાંથી મુક્ત ન ગણવી જોઈએ. દેશના જવાબદાર નાગરીક તરીકે આપણે કોઈપણ કટોકટી માટે હંમેશા તૈયાર રહેવું જોઈએ. આપણે આઝાદીની વાત કરીએ એટલે નીતિ નિયમો એની મેળે સંકળાઈ જાય. નિતી નિયમ વગરની સ્વતંત્રતા એ સ્વછંદતા છે. જ્યારે વાત ધર્મની હોય, જીવનની હોય, પસંદગીની હોય, કારકિર્દીની હોય કે અભિવ્યક્તિની હોય, તેમાં આઝાદી અને મોકળાશનો યોગ્ય ઉપયોગ થાય તોજ તેના શુભ પરિણામો આવી શકે.

પંદરમી ઓગષ્ટ - ૧૯૪૭ના દિવસે આપણે અંગ્રેજોની ગુલામીમાંથી આઝાદ થયા છીએ. હકીકતમાં હજુ આપણે ઘણા બધા પરીબળોમાંથી આઝાદી મેળવવાની બાકી છે. જેવા કે આંતકવાદ, બે કોમ કોમ વચ્ચે વૈમનસ્ય ઉભા કરવા, દેશદ્રોહની પ્રવૃત્તીઓ, અરાજકતા ફેલાવવી, રાજકીય રીતે એક બીજા ને પાડી દેવા માટે નિમ્ન કક્ષાના આરોપો લગાવવા જેવી અનેક પ્રવૃત્તિઓ કે જે લોકશાહી માટે કલંક રૂપ ગણાય તેવી પ્રવૃત્તિઓને આપણા દેશમાંથી સદંતર નાબુદ કરવામાં આવશે ત્યારેજ આપણી સ્વતંત્રતા સાર્થક થશે. તો ચાલો આપણે ૭૯માં સ્વતંત્રતા દિવસના પર્વથી આવી દેશ વિરોધી પ્રવૃતોઓને નાબુદ કરી તેમજ જેઓએ આપણને અંગ્રેજોના ગુલામીમાંથી મુક્તિ અપાવવા બલિદાન આપેલ છે તેઓને તેમજ દેશનું જતન કરતા કરતા આપણા સરહદ પરના જે જવાનો શહીદ થયેલ થયેલ છે, તેમને આ તકે શ્રદ્ધાંજલિ આપીએ. શહીદ થયેલા જવાનોને ફક્ત યાદ કરી શ્રધ્ધાંજલિ આપવાથી આપણી ફરજ પુરી થઈ જતી નથી પરંતુ તેમની પાછળ છોડી ગયેલા તેમના કુટુંબીઓને આર્થિક તેમજ સામાજિક રીતે સહાય રૂપ થવું એ પણ આપણી એક ફરજ છે અને ત્યારે જ સાચી શ્રધ્ધાંજલિ આપેલી ગણાશે. આ સાથે જે જવાનો આજે આપણી રક્ષા કરી રહ્યા છે તેઓનું ઈશ્વર રક્ષણ કરે તેવી કુદરત પાસે પ્રાર્થના કરીએ અને સૌ સાથે મળીને ૨૦૨૫માં દેશનું ૭૯મું સ્વતંત્રતા પર્વ ઉજવીએ.

મો. ૯૮૨૫૯ ૫૦૪૬૨

(અનુ. પેઈજ ૨૬નું શરૂ) **પતિની પ્રેરણામૂર્તિ - પત્ની**

મહેનત કરી છે. બિલ ક્લિન્ટન પણ પત્ની હિલેરીનું મહત્વ સ્વીકારીને કહે છે કે જો હિલેરી મારી સાથે ન હોત તો હું આ સ્થાને ના પહોંચ્યો હોત. અને આફ્રિકાના લોકો જેને રાષ્ટ્રમાતા કહે છે તે વિની મંડેલા-નેલ્સન મંડેલાનાં પત્ની પણ હંમેશા પતિ માટે પ્રેરણાદાયી બન્યાં છે. ૨૭ વર્ષ જેલમાં રહીને છૂટ્યા બાદ નેલ્સ મંડેલાએ કહ્યું હતું કે, “દરેક પુરુષની સફળતા પાછળ તેની પત્ની હોય છે અને મારી સફળતા પાછળ પણ વિનીનો અમૂલ્ય ફાળો છે.”

માણસ લગ્ન કરે છે શા માટે ? જીવનમાં સભરતા અનુભવાય, ખાલીપો દૂર થાય અને કોઈના સથવારે બે ડગલા આગળ ચાલી શકાય તે માટે જ તો. દરેક સ્ત્રી સમજે છે કે જીવનસાથીને સમૃદ્ધ અને શક્તિશાળી બનાવવામાં પત્નીની શક્તિ ક્યારેય ઓછી થતી નથી. એ જ તો પ્રેમની કસોટી છે કે તમારા થકી તમારા જીવનસાથીની સંપન્નતા અને પ્રતિષ્ઠા કેટલી વધે છે ? કીર્તિનો કળશ પતિના નામે ઝળહળે છે અને પત્ની પ્રેરણામૂર્તિ બની પ્રતિષ્ઠા પામે છે.

આજે તો ખુદ સ્ત્રીઓ જ સ્વતંત્ર વ્યક્તિ રૂપે સમાજમાં આગળ વધી રહી છે તો પણ સ્ત્રીનું શ્રેષ્ઠ પ્રદાન પુરુષરથના સારથિ તરીકે રહેવાનું જ છે. ૨૧મી સદીનો પુરુષ સ્ત્રીમાં એક ‘દાસી’નહિ પણ ‘સાથી’ને શોધે છે. ફક્ત ઘર અને બાળકો જ સંભાળે તેવી સ્ત્રી નહી પણ જીવનની દરેક સમસ્યાને ઉકેલવામાં સાથ આપે એવી જીવનસાથી ઈચ્છે છે. જે સમય આવ્યે પરિસ્થિતિનો સામનો કરવાની શક્તિ અને હિંમત આપે. માટે જ તો કહે છે કે....

**“જબ કોઈ બાત બિગડ જાયે, જબ કોઈ મુશ્કિલ પડ જાયે, તુમ દેના સાથ મેરા..... ”**



**ગુલાબભાઈ જાની**
લેખક જાણીતા શિક્ષણવિદ્, પ્રયોગશીલ કેળવણીકાર અને સિસ્ટર નિવેદિતા સંકુલના સ્થાપક છે.

# નાના બાળકોને તથા માતાપિતાને શીખવવાની પદ્ધતિઓ

અમેરિકામાં નાના બાળકો (પાંચ વર્ષથી નાના)ને શીખવવાની અનેકવિધ પ્રવિધિઓ છે. તેમાંની એક છે માતાપિતા, શિક્ષક તરીકે Parents as teachers (PAT). આ કાર્યક્રમમાં માતાપિતા એ બાળકના પ્રથમ શિક્ષક છે તે ધારણાથી બાળક ગર્ભમાં હોય ત્યારથી પાંચ વર્ષ પુરા કરે ત્યાં સુધી માતાપિતાએ બાળકને કેમ ઉછેરવું ? કેમ શીખવવું ? શું શીખવવું ? વગેરેની તાલીમ આપવામાં આવે છે. આને Parents as Teachers (PAT) કહે છે.

આ કાર્યક્રમ અંતર્ગત આ અંગેના નિષ્ણાત શિક્ષકો માતાપિતાને નવા સંશોધનો પ્રમાણે બાળકના મગજના વિકાસ માટે શું કરવું જોઈએ તેનું ઘરે જઈ માર્ગદર્શન આપે છે. તેઓનું સૂત્ર છે 'Your baby was born to learn' તમારૂં બાળક શીખવા માટે જન્મ્યું છે. બાળક કહે છે, I was born to learn - હું શીખવા માટે જન્મ્યો છું. Love me - મને પ્રેમ કરો. Talk to me - મારી સાથે વાતો કરો. Play with me - મારી સાથે રમો. Read to me - મને વાંચી સંભળાવો. આમ કરવાથી મારા મગજના વિકાસમાં તમે મદદ કરો છો.

બાળકના પ્રારંભના વર્ષોમાં બાળક તેના જીવનના બીજા કોઈ પણ સમય કરતા ઝડપથી શીખે છે. માતાપિતાને આ વિષયના નિષ્ણાતો બાળવિકાસ અને ન્યૂરોસાયન્સ સંશોધન અંગે માહિતગાર કરે છે. બાળકને કઈ-કઈ પ્રવૃત્તિઓ આપવી, જેથી બાળકનો ભાષાવિકાસ થાય, બૌદ્ધિક વિકાસ થાય, સામાજિક વિકાસ થાય અને સ્નાયુઓનો વિકાસ થાય.

માતાપિતાનો સામેથી સંપર્ક કરી અઠવાડિયામાં એક દિવસ, એક ક્લાક માટે નિષ્ણાત શિક્ષક તેના ઘરે જઈ આ અંગે માહિતી તથા તાલીમ વિના મૂલ્યે આપે છે. આ શિક્ષકોનો ખર્ચ સ્કૂલ ડિસ્ટ્રીક્ટ ભોગવે છે.

આ ઉપરાંત બીજો એક કાર્યક્રમ છે. Preschool Reading Club. મહિનાના બે દિવસ બેથી અઢી ક્લાક માટે પાંચ વર્ષથી નીચેના બાળકો માટે આ કાર્યક્રમ યોજાય છે, જેમાં માતાપિતા, મુખ્યત્વે માતાઓ પોતાના બાળકોને લઈને આવે છે.

આવા અનેક કાર્યક્રમમાં જવાની મને તક મળી. કોલંબીયા, સાઉથ કેરોલિનામાં એક શાળામાં બપોરના ૦૧-૦૦ થી ૦૩-૩૦ કાર્યક્રમ હતો. મારી પુત્રી વિભાવરીની એક બહેનપણી વસંતી જયરામે બધી વ્યવસ્થા કરી હતી. તેના બે બાળકો તારા અને સંજયને આ કાર્યક્રમમાં ભાગ લેવડાવે છે. સમયસર મને લઈ શાળાએ પહોંચ્યા. તેના શિક્ષિકાબહેન Miss Mandyને મારો પરિચય આપી, મને અંદર બેસવાની મંજૂરી મળી શકે તે માટે ખુબ વિવેકથી પૂછ્યું. Miss Mandyએ ખૂબ ઉમળકાભેર આવકાર આપી પ્રસન્નતા વ્યક્ત કરી.

વર્ગખંડમાં પુષ્કળ રમકડાંઓ, શૈક્ષણિક સાધનો, ચાર્ટસ્ વગેરે હતા. કુલ ૧૦ નાના ટાબરિયાઓ આવ્યાં હતાં. એક પિતા સિવાય બધી જ માતાઓ હતી. ૦૧-૦૦ થી ૦૧-૩૦ બાળકોને જે રમકડાથી રમવું હોય તેની છૂટ આપી. ૦૧-૩૦થી કાર્યક્રમ શરૂ થયો તે પહેલા ભારતથી એક મહેમાન પધાર્યા છે તેમ કહી મારો પરિચય આપવા વસંતીબહેનને કહ્યું. તેમણે મારો પરિચય આપ્યો અને જણાવ્યું કે તેઓ શિક્ષણના ક્ષેત્રમાં વર્ષોથી કાર્ય કરે છે અને બાળકેળવણીમાં વિશેષ રસ ધરાવે છે. ત્યારપછી મને Miss Mandyએ સંબોધવા કહ્યું.

ત્યારપછી બધા બાળકોને નીચે ગોળ બેસાડી 'Hellow Song' ગવડાવ્યું. બાળકોએ ખૂબ આનંદથી ગાયું. આ ગીત દ્વારા કેવી રીતે અભિવાદન કરવું, શું જવાબ આપવો, પડોશી સાથે કેવી રીતે વર્તવું વગેરે શીખે તે ઉદ્દેશ હતો. એ પછી 'Five Little Froggies' નું ગીત પાંચ બાળકોને દેડકાના મ્હોરા પહેરવાની ગવડાવ્યું. આ ગીત દ્વારા ગણતા શીખે તે શીખવાડાયું. બાળકોને આ ગીતમાં ખૂબ મજા પડી. એ પછી 'Transportation Song' ગવડાવ્યું. જેમાં કાર, ટ્રેન, પ્લેન, ટેક્સી, સ્ટીમર વગેરે કેવા અવાજ કરી ચાલે તે અંગે માહિતી હતી. ત્યાર પછી કેસેટ પર 'Have you ever benn fishing ?' ગીત અભિનય સાથે ગવડાવ્યું.

એ પછી સ્વાદની ઓળખ માટે ચાર પ્રકારના સ્વાદની - મીઠું, ખારું, કડવું, તૂરું - ઓળખ માટે ચાર નાની પ્યાલીમાં તે અંગેના ખાદ્ય પદાર્થો હતા. બાળકે ચાખીને અનુભવ કરવાનો કે જીભનો ક્યો ભાગ ક્યો સ્વાદ ઓળખે છે તે સમજાવ્યું.

એ પછી એક ચિત્રોવાળી વાર્તા બતાવી અને કહી સંભળાવી, જેનો ઉદ્દેશ પણ ૧ થી ૯ અંક શીખે તેવો હતો. ત્યારપછી બધાને નાસ્તો તથા જ્યુસ આપવામાં આવ્યા.

છૂટતી વખતે 'It's time to say good-bye ગીત ગવડાવી બધાને વાંચેલ પુસ્તક ભેટ આપ્યું.

વચ્ચે એક રમત આપવામાં આવી, જેમાં લાંબી બરણીના નવ ચિત્રો હતા. એક કવરમાં તેના પર ચોડવાના સ્ટીકર હતા. દરેક બાળકને આ પૅકેટ, રંગીન સ્કેચપેન, ફેવિકોલ આપવામાં આવ્યા. સામે એક મોટા ચિત્રમાં તેવી જ બરણીઓમાં એક બરણીમાં એક ચિત્ર,

# શિક્ષણ સૃષ્ટિ

બીજામાં બે - એમ નવમી બરણીમાં નવ ચિત્રો ચોટાડેલા હતા. હવે બાળકે એ રીતે તેમને આપેલા ચિત્રમાં સ્ટીકર ચોટાડવાના હતા. એ બધાની સરસ ફાઈલ કરી, સરસ રીતે સ્ટીચ કરી દરેક બાળકના નામ લખી તૈયાર કરાઈ.

માતાપિતાને બાળકો તાર્કિ રીતે વિચારતા થાય તે માટે શું કરવું તેનું Miss Mandy એ એક પત્રિકા આપી સમજાવ્યું. 'Building Reasonong Skills' નામની પત્રિકામાં બાળકને વૈજ્ઞાનિક ઢબે વિચારતા કરવા કંઈ કંઈ પ્રવૃત્તિઓ આપવી, તે કેમ કરાવવું, બાળકને પ્રશ્નો પૂછતા કરવા, અવલોકન કરતા કરવા, પ્રયોગ કરતા કરવા અને બધું જાતે કરવા દેવા સૂચનો આપ્યા હતા.

બાળક ત્રણ વર્ષની ઉંમરનું થાય ત્યાં સુધીમાં છ પ્રકારની વિચારશક્તિ કેળવી શકે છેઃ

(૧) Discovering શોધ : બાળક આસપાસના પર્યાવરણમાંથી જોઈને શીખે છે.

(૨) Gathering information - માહિતી મેળવવી : આ કક્ષાના બાળકો પ્રશ્નો પૂછીને માહીતી મેળવે છે.

(૩) Understanding - સમજ : તમારા બાળકને જે જોયું, અનુભવ્યું તેમાંથી શું સમજ્યું તે પૂછો.

(૪) Experimenting - પ્રયોગ કરીને : બાળકને જે વિવિધ પ્રવૃત્તિઓ આપો છો તે દ્વારા તેની જાતે જે કરે છે તે જાત-અનુભવથી શીખે છે. બાળકને તે અંગે પૂછો.

(૫) Evaluating ides - વિચારોનું મૂલ્યાંકન : બાળક જે કંઈ જુએ છે, કરે છે તેમાંથી શું શીખ્યું? તે પ્રશ્નો પૂછી જાણો.

(૬) Adjusting - સમતોલપણાનું કેળવવું : બાળક પોતાની જાતે મૂલ્યાંકન કરીને પોતાના વિચારોમાં સમતોલપણું કેળવે છે. બાળકને પૂછો શા માટે તું આમ વિચારે છે?

તમારા બાળકના રસ-રૂચિ શોધી કાઢો. તેને શું કરવું ગમે છે? તેને કેવા રમકડાં ગમે છે? ભાંગફોડની વૃત્તી હોય તો તેની શક્તિને રચનાત્મક કાર્યમાં વાળો.બાળકને શક્ય તેટલું જાતે કરવા દો. અનુભવે શીખશે. તેનાથી તેની તર્કશક્તિ ખીલશે અને વિજ્ઞાન પ્રત્યે પ્રેમ કેળવાશે.Miss Mandy ખૂબ હસમુખા, સહકારની ભાવનાવાળા હતાં. તેમનાં સહાયક Miss Andrea પણ પ્રેમાળ તથા હસમુખ હતાં. મેં તેઓનો આભાર માન્યો અને શક્ય હોય તો આજના ગીતો વગેરેનું સાહિત્ય આપવા વિનંતી કરી. તેઓએ તરત જ બધું સાહિત્ય તો આપ્યું. ઉપરાંત વાર્તાનું પુસ્તક અને આ અંગેનું ફર્નીચર, શૈક્ષણિક સાધનો પુસ્તકો વગેરેનું સચિત્ર કેટલોગ પણ આપ્યું.

બાળકને સાવ નાનપણથી વાચતાં કરવા, પુસ્તકોને પ્રેમ કરતા શીખવવા, માતાપિતાને કેળવવા - એ માટેની સરસ વ્યવસ્થા જોઈ પ્રસન્ન થઈ જવાયું.

(અનુ. પેઈજ ૪૦ નું શરૂ)

## માતા અને આરોગ્ય

**૧ વર્ષ સુધીના બાળકો માટેનો આહાર** : દરેક બાળકને જન્મ પછી ટૂંક સમયમાં એટલે કે અડધા એક કલાકમાં ધાવણ મળવું જોઈએ. અધૂરા માસે જન્મેલા અને નબળા બાળકના શરીરમાં શક્તિનો સંગ્રહ ઓછો હોય છે એટલે એમને વારંવાર દૂધ આપવું જરૂરી છે. નવજાત બાળક માટે સ્તનપાન એ ઉત્તમ આહાર છે. માનું દૂધ બાળક માટે સૌથી સુપાચ્ય, સરળ, સસ્તો અને હૂંફાળો ખોરાક છે. સ્તનપાનથી મા અને બાળક વચ્ચે લાગણીનો સંબંધ રચાય છે. શરૂઆતના દિવસોનું ધાવણ ખૂબ જ પોષક હોય છે. આ ઉપરાંત તે બાળકને ઘણી બધી જાતના ચેપીરોગથી બચાવવામાં મદદરૂપ થાય છે. બાળકની ઉંમર ૪-૬ મહિનાની થાય ત્યાં સુધી સ્તનપાન સિવાય બીજી કોઈ ખાવા પીવાની વસ્તુ બાળકને આપવાની જરૂર હોતી નથી. પણ ધીરે ધીરે ૪ મહિના પછી ધાવણ સાથે ખોરાક પણ આપવો જેમ કે શરુઆતમાં પ્રવાહી, દાળભાતનું ઓસામણ ત્યારબાદ ધીમે ધીમે અર્ધપ્રવાહી જેમ કે ઢીલા નરમ દાળભાત, ખીચડી, બાફેલા બટાકા અને શાક વગેરે આપવું જોઈએ.

૪ મહિના પછી ઘરે બનેલ વસ્તુઓ, ઘરના અન્ય સભ્યોની સાથે બાળકને ખવડાવવાથી બાળકને વિવિધ ખોરાક ખાવાની જલ્દી ટેવ પડે અને આશરે ૧ વર્ષની ઉંમરે પુખ્તવયની વ્યક્તિ જે ખોરાક ખાતા હોય છે એ બધા ખોરાક ખાતુ થઈ જવું જોઈએ.

**૧-૩ વર્ષ સુધીના બાળકો અને આહાર** : ૧-૩ વર્ષ સુધીના બાળકમાં સરાસરી દર વર્ષે ૫-૧૦ સે.મી. જેટલી ઊંચાઈ અને ૨-૪ કિલો વજનમાં વધારો થાય છે. પરંતુ પ્રથમ વર્ષના વિકાસની સરખામણીમાં આ દર ઓછો કહી શકાય. આ ગાળામાં બાળકને ઓછી ભૂખ લાગે છે અને તે ઓછું ખાય છે પરંતુ તેના ખોરાકમાં બને તેટલો દૂધ અને દૂધની બનાવટો, દાળ, કઠોળ, લીલા શાકભાજી અને ફળોનો સમાવેશ કરવો જોઈએ. પરંતુ વધારે પડતા મસાલા તેલ અને બહારના ખોરાકનો બને તેટલો ઓછો ઉપયોગ કરવો જોઈએ.

હવે કેટલીક વખત નાના બાળકોને દૂધ ભાવતું નથી તેવા કિસ્સામાં દહીં તથા દૂધની અન્ય બનાવટો જેમ કે માખણ, પનીર, ખીર, રબડી અથવા તો માખણ વગેરેને બાફેલા બટાકાના માવા સાથે અન્ય શાક સાથે શાકભાજીના સૂપ સાથે ભેગું કરીને આપવું જોઈએ.

આમ નાના બાળકોને પહેલેથી જ લીલા શાકભાજી, ફળો વગેરે ખાતા શીખવાડવું જોઈએ. તથા મસાલાવાળી અટપટી વાનગી અને મીઠાઈઓનો અને ફરસાણોનો ઉપયોગ વધારે પ્રમાણમાં ન કરતા દાળભાત, રોટલી, શાક જેવો સાદો, પચવામાં સહેલો પડે તેવો ખોરાક આપવો જોઈએ.

મો. ૮૪૮૮૮૮૧૨૧૩

## નારી સૃષ્ટિ

**પ્રાગજીભાઈ પટેલ**
લેખક : નારી શક્તિના પ્રખર પક્ષધર છે.

# સ્ત્રીનું હૈયું એટલે પ્રેમથી છલોછલ ભરેલ અમૃત પ્યાલી

માણસ માત્રને એક ખાસ દોસ્તીની ઝંખના હોય છે. આ દોસ્તી પણ એવી હોય, જ્યાં પોતે કોઈપણ જાતના અપવાદ વગર ખૂલી શકે અને ખીલી શકે. આ ઝંખનાને હૃદયપ્રવેશની ઝંખના કહી શકાય. આવી મૂળભૂત ઝંખનાને માર્ગમાં નડતા અવરોધો જ હિંસા અને યુદ્ધ માટે જવાબદાર છે.

પ્રત્યેક પુરુષ સ્ત્રીમાં પ્રવેશવા ઝંખે છે અને પ્રત્યેક સ્ત્રી પુરુષમાં ઓતપ્રોત થવા ઝંખે છે. આ ઝંખના જ્યારે ગુનો ગણાય ત્યારે સમાજમાં ગુનો કરવાની ઝંખના વધી જાય છે.

પ્રેમ પાત્ર એક એવું પાત્ર છે કે જેને સંપૂર્ણપણે ઠલવાઈ જવા ઊંધું વાળવામાં આવે ત્યારે તે અક્ષયપાત્ર બની રહે છે, અને આવા ઠલવાઈ જવાની મસ્તીથી વંચિત એવા પાત્રો દ્વેષને પ્રેમ કરતાં હોય છે.

જે હૃદય નિ:શિષપણે ક્યાંક ઠલવાઈ જાય તે પ્રેમનું અક્ષયપાત્ર બની રહે છે. હિંસાનો સામનો અહિંસા ન કરી શકે, પ્રેમ જ કરી શકે.

સ્ત્રીનું હૃદય જીતવા માટે પુરુષે જે દાવ અજમાવ્યા તેમાં પુરુષે પોતાના રૂપ, પોતાની બુદ્ધિ, પોતાની સંપત્તિ, પ્રતિષ્ઠા અને વીરત્વને આગળ કર્યું છે. પુરુષ આ રીતે પોતાની તાકાત બતાવતો હોય છે પરંતુ તાકાતથી સ્ત્રીનું હૃદય જીતી શકાતું નથી. પ્રેમના મામલામાં તો તે માત્ર પોતાનું હૈયું સ્ત્રીની પાસે ખડું કરી દે એટલું પૂરતું છે. પ્રિયતમા કે પ્રિયતમ પોતાના પક્ષે હોય તો તેને બીજું કાંઈ જોઈતું નથી. માણસને તેના ઝૂંપડામાં પ્રેમ અને ચિંતાથી રાહ જોઈને બેઠેલી બુઝુર્ગ માતા કે ભોળી પત્ની કે નાનકડી બહેન સાંત્વન પમાડી શકે છે.

માણસ જો સાચોસાચ પ્રેમમાં નહિ હોય તો ગમે તેટલી રૂપવતી કે ગુણવતી સ્ત્રી તેને સંપૂર્ણ નહીં લાગે. રૂપ અને આભૂષણોથી પ્રભાવિત થઈ કોઈએ હૃદય સમર્પણ કર્યું હોય એવું જાણ્યું નથી.

પ્રેમની નજર બધું જ બદલી શકે છે. પ્રેમની નજર જે કાંઈ જુએ છે તે બધું બદલાઈ ગયેલું હોય છે. અંતરના સાચા પ્રેમમાં એક સાવ સામાન્ય સ્ત્રી રાણી બની જાય છે. પ્રેમની દૃષ્ટિ પ્રેમીને પોતાને પણ બદલી નાખે છે. તેના જર્જરિત દિદારમાં રાજાનું દિલ ઉભરાય છે. સાચો પ્રેમ કરનારા માણસના દિલમાં એક જાતની નીડરતા જાગે છે, તેના શરીર પર ફાટેલું વસ્ત્ર હોય છતાં તેની ગરીબીની જીર્ણતા ના લાગે પણ અમીર માણસની બે પરવાઈ લાગે ! સાચો પ્રેમ નથી, ત્યાં માણસને સુખ સગવડભરી જિંદગી પણ જાતજાતની અપૂર્ણતાઓથી ભરેલી લાગે છે. જ્યાં સાચો પ્રેમ નથી ત્યાં માણસ નજીવામાં નજીવી બાબતમાંથી દોષ શોધી કાઢે છે. માણસને ઘણું બધું મળ્યું હોય છતાં, કાંઈ મળ્યું નથી તેમ લાગ્યા કરે છે.

પ્રેમ અવાવરું કૂવાના થાળામાં નિરુપદ્રવી છોડની જેમ ઊગતો નથી તે હૃદયને ચીરીને ત્રીજી આંખની જેમ ઊગે છે અને તેની આખી દુનિયા બદલાઈ જાય છે. એ સ્ત્રીને એ પરણી શકે કે ના પરણી શકે, પરંતુ એ કદી ભૂતકાળ બનતી નથી, પ્રેમને પુનર્જન્મ કહેવામાં ખોટું નથી. માણસને નવો અવતાર મળે છે. પ્રીતિપાત્ર વ્યક્તિ પિતા કે માતાના રૂપમાં તેની નસેનસમાં ફેલાઈ જાય છે, લોહી, માંસ, શરીર એનું એ જ રહે પરંતુ લાગણી, સંવેદનાનું શરીર બદલી જાય છે.

સંસારમાં ગમે તે ટ્રેનમાં ગમે તે ડબ્બામાં ગમે ત્યાં એ ભરાઈ પડ્યા હશે, પણ એ બે વ્યક્તિઓની સમાંતર પ્રેમયાત્રા ક્યાંક દૂરના ચંદ્રલોકમાં મળી જતી હશે. વિખૂટી પડેલી વ્યક્તિનું ભૂત થતું નથી.

નામ પણ પાડ્યા પહેલા ગુજરી ગયેલું બાળક જે રીતે એની જનેતાને હંમેશ માટે રંગી જાય છે એ રીતે પ્રેમીના હૈયાને રંગી જાય છે.

એક વાત તો અત્યંત આવશ્યક છે કે આખી દુનિયામાં ઓછામાં ઓછું એક જણ તો એવું હોવું જોઈએ કે જેની પાસે દિલ ખોલીને વાત કરી શકાય.

સ્ત્રી એટલે પ્રેમ મૂર્તિ, સ્ત્રી એટલે પ્રેમનું પ્રતિક, સ્ત્રીનું હૈયું એટલે પ્રેમથી છલોછલ ભરેલ અમૃત પ્યાલી, સ્ત્રી જીવનના તાણાવાણા જ પ્રેમથી વણાયેલા હોય છે. પરંતુ ઘણી વાર પુરુષ એ પ્રેમને ઓળખી શકતો નથી. કારણ કે પુરુષ મોટે ભાગે અહંમમાં રાચે છે. સુંગધી ફૂલને કોઈ બંને હાથે મસળી નાખે તોયે ફૂલ તો હાથમાં સુગંધ છોડીને જાય છે. સ્ત્રી એ એવી પ્રેમની દેવી છે કે પોતાના પતિનો સ્નેહાળ હાથ એની પીઠ પર ફરે તો એ પતિના ચરણોમાં ઝૂકી જાય છે. પોતાના પતિના મુખે પોતાના માટે બે મીઠા વેણ સાંભળે તો એની છાતી ગજ ગજ ફૂલી જાય છે.

સ્ત્રીને પ્રાકૃતિક રીતે જ એવું વ્યક્તિત્વ મળેલું છે કે પોતાની પ્રતિભાનો ઉપયોગ કરે તો અનેક રીતે પુરુષના જીવનને ધન્ય કરી શકે અને બાળકને પણ જીવનનનો ઉત્સાહ બક્ષી શકે. નાનામાં નાની વાતને પણ સ્ત્રી પ્રેમ વડે મહાન બનાવી શકે છે.

પુરુષ વિના સ્ત્રી અધુરી છે એ વાત સાચી છે જ પરંતુ સ્ત્રી વિના પુરુષ સાવ અપંગ બની જાય છે. “જે પુરુષ સ્ત્રીના પ્રેમથી શુધ્ધ થયો નથી કે સ્ત્રીની હિંમતથી બળવત્તર બન્યો નથી, તેણે ક્યારેય સાચા અર્થમાં જિંદગી માણી જ નથી.”

શારીરિક સ્નાયુબળથી ભલે પુરુષ કરતાં સ્ત્રી નિર્બળ હોય પરંતુ આંતરિક શક્તિ, ધૈર્ય અને સહનશીલતાની બાબતમાં કોઈ પુરુષ કદી સ્ત્રીને મહાત કરી શકતો નથી.

પુરુષને ભોળવવાની ગજબની શક્તિ સ્ત્રીમાં જ છે. સ્ત્રીના હૃદયનો આવેગ જ્યારે એક દિશામાં બળવાન બની જાય છે. ત્યારે બીજી દિશાનું તેને ભાન રહેતું નથી. કશું જ ન સમજાય તેવું સ્ત્રીનું મન બહુ વિચિત્ર છે. સ્ત્રીઓને બાંધવાનું અને બંધાવાનું બંને ગમે છે. વિધાતાએ પ્રેમને માપવાનું યંત્ર સ્ત્રીઓના હૃદયમાં છુપાવી રાખ્યું છે. સ્ત્રીનો પ્રેમ જ એને મહાનતા બક્ષી શકે, અન્યથા તિરસ્કારને પાત્ર બને. આ વસ્તુ પણ દરેક સ્ત્રીઓએ સમજી લેવી જોઈએ.

બીજી ખાસ વાત પણ દરેકે સમજી લેવાની છે કે પ્રેમના નામે કેવળ વાસનાને પોષવાનો કે સંતોષવાનો કોઈને હક્ક નથી. પ્રેમમાં તો આત્મસમર્પણ હોય, બલિદાનની ભાવના હોય, કેવળ આપવાની જ વૃત્તિ હોય તે પ્રેમ. પ્રેમ એ વ્યાપારી સોદો-કરાર નથી, પ્રેમ તો એક હૃદય પ્રવેશની ઝંખના છે. એક દિવ્ય વસ્તુ છે કે જે બહુ ઓછા લોકોના નસીબમાં લખાઈને આવી હોય છે.

પ્રેમને માટે હૃદય સક્રિય હોવું જોઈએ. પ્રેમ એ હૃદયનો વેપાર છે. હૃદય જ એકતાનો અનુભવ આપે છે. જ્યાં ભેદ નથી અખંડ છે, એક છે એને જ પ્રેમ કહેવાય.

**હૃદયનું ઊંચામાં ઊંચુ શિખર પરમાત્મા છે.**

## નારી સૃષ્ટિ



**શ્રીમતી ગીતા ઉનડકટ**
નારીવાદી લેખિકા, રાજકોટ

# પતિની પ્રેરણામૂર્તિ - પત્ની

**"બડા બડાઈ ના કરે બડા ના બોલે બોલ" હીરા મુખસે ના કહે, લાખ હમારા મોલ....**

જેમ હીરો કેટલો કીંમતી છે એ તો કોઈ પારખુ ઝવેરી જ જાણી શકે છે તેમ સ્ત્રી ક્યારેય પોતાના ગુણગાન કોઈની પાસે પણ કરતી નથી. બાકી કુદરતે તો ગુણોના ભંડાર સમી સ્ત્રીનું સર્જન કરીને ખરેખર તો પુરુષો પ્રત્યે ઉપેક્ષા કરી જ છે. છતાંયે પુરુષોએ પણ ક્યારેય સ્ત્રીની અદેખાઈ કે ઈર્ષ્યા કરી નથી આ પુરુષસમાજની ઉદારતા  છે કે હંમેશા સ્ત્રીને જ પોતાની પ્રેરણામૂર્તિ માનેલ છે.

સુંદરતા તો કુદરતી દેન છે. પરંતુ સદ્‌ગુણોનું સિંચન જ સ્ત્રીને ખરોખર સુંદર બનાવે છે. સ્ત્રીની સંસ્કારિકતા એ જ સ્ત્રીનું સાચું આભૂષણ છે. સ્ત્રીસહજ લજ્જા, મર્યાદા અને સહનશીલતા આ ત્રણ વિશેષ સદ્‌ગુણોથી સ્ત્રીનું આંતરિક સૌંદર્ય ખીલી ઊઠે છે અને કોઈ પણ સ્વરૂપે પ્રેરણામૂર્તિ બનીને રહે છે તેમજ પરિવારમાં મહત્વનું સ્થાન ધરાવે છે.

સ્ત્રીના દરેક રૂપનું આગવું મહત્વ છે. ખાસ કરીને પત્નીરૂપે તો બેજોડ છે. પતિ અને પરિવાર પ્રત્યેના પ્રેમને લીધે જ તો એક પત્ની પોતાના પતિ માટે "પ્રેરણાનું ઝરણું" બની રહે છે. લગ્ન પછી સ્ત્રીની ગૃહિણી તરીકેની મહત્વની ભૂમિકા શરૂ થાય છે. પરિવારમાં એક જવાબદાર અને સમજદાર વ્યક્તિ તરીકે તેને મહત્તા પ્રાપ્ત થાય છે અને જીવનયાત્રાને સફળ બનાવવા અને મંજિલે પહોંચાડવા કૌટુમ્બિક સંબંધો હંમેશા મધુર રાખવા પડે છે. ઘરની સમસ્યા, રહેણીકરણી, વાતાવરણ બધાં સાથે અનુકૂળ થવું પડે છે. કેમ કે કુટુંબને છિન્ન ભિન્ન કરવું તો અતિસરળ છે પરંતુ એકતા ટકાવી કુટુંબમાં બધા સાથે સ્નેહથી સંપીને રહેવું કઠિન છે.

આધુનિક સમાજ પુરુષપ્રધાન હોવા છતાં સ્ત્રીઓએ પોતાનો ધર્મ સમજીને પુરુષોને હંમેશા પ્રેરણા અને પ્રોત્સાહન આપેલ છે. પછી એ પુત્રી, પત્ની, માતા કે બહેન કોઈપણ સ્વરુપે હોય પણ પુરુષની સફળતા પાછળ હંમેશા એક સ્ત્રીનો હાથ હોય છે. જીવનસાથીના રૂપમાં સ્ત્રીનું કાર્ય અદ્‌ભુત છે. પરિવારમાં સાસુ-સસરા, જેઠ-જેઠાણી, દિયર-નણંદ બધાં સાથે પ્રેમથી રહેવા ઉપરાંત સૌથી નજીક પતિની સાથે રહે છે. પતિની જીવનસાથી, જીવનસંગિની બની તન જુદા અને મન એક એમ સહયાત્રા શરૂ કરે છે.

દરેક વ્યક્તિ જીવનમાં એક એવા સ્નેહી મિત્રની અપેક્ષા કરે છે જેના પાસે મનની મુશ્કેલી અને હૈયાની ખુશી  વ્યક્ત કરી શકાય. પતિ-પત્નીનો સંબંધ જ એવો છે જ્યાં આ ઝંખના પૂરી થાય છે. બંને વચ્ચે મિત્રતાનો સંબંધ સ્થપાય છે અને સુખ-દુઃખના સાથી બની જીવનભર સાથ સહકાર આપી સંસાર - નાવને સંભાળે છે. દામ્પત્યજીવનનો અર્થ જ એજબીજાના વિકાસમાં સહભાગી થવું તે છે. માણસ ગમે તેટલો મહાન બને, નેતા બને, અભિનેતા, ડોક્ટર, વકીલ, ઉદ્યોગપતિ કે વેપારી કાંઈ પણ બને પરંતુ તેની સિદ્ધી કે સફળતામાં અચૂક સ્ત્રીનો ખાસ કરીને પત્નીનો સાથ હોય છે.

પત્નીનો એ હાથ દુનિયાથી કદાચ ઓઝલ રહે અને પ્રસિદ્ધ બનેલા સફળ માનવી પર કેમેરાની પ્રકાશધારા વરસે છે ત્યારે પણ એ સ્ત્રી ચંદ્રની અંધારી બાજુની જેમ અદીઠપણે રહે તો છે જ. પુરુષના કપાળે સિદ્ધિનું યશોરંગી તિલક થાય ત્યારે બધી નારી મેડમ ક્યુરીની જેમ પતિના સન્માનની ભાગીદાર બનીને આગળ ભલે ના આવે પણ પુરુષની સફળતાના સૂચિત પાત્ર તરીકે તો રહે જ છે.

આજે સમાજમાં જે મધ્યમવર્ગીય ઘરોમાં પણ સુખી જીવનની લહેર જોવા મળે છે તેનું મુખ્ય કારણ સ્ત્રીઓએ પોતાના કુટુંબ ખાતર કરેલું અણમોલ બલિદાન જ છે. માણસો ઘરની બહાર રહીને આકરા તાપ, ટાઢ કે વરસાદમાં બધું સહન કરી કઠિન કાર્યો કરે છે એ બધાં કાર્યો કરવાની શક્તિમાં કોઈ નારીનો હાથ જ દીવેલ સિંચતો હોય છે. પછી તો અર્ધાંગિની, ભગિની કે જનની કોઈ પણ હોય પણ કોઈ નારીનો હાથ જ અચૂક તેના ડગમતા નિર્ધારને મજબૂત કરતો હોય છે.

પુરુષની શક્તિને જગાવનારી નારીની રીત ભિન્ન ભિન્ન હોય છે. કોઈક નારી તેના વિચારોની, આકાંક્ષાની ભાગીદાર બને છે તો કોઈક પોતાની અપાર આકાંક્ષાનું આસમાન દેખાડી એક દેવીની માફક વધુ ને વધુ નૈવેધ માંગે છે. કોઈક નારી પુરુષના જીવનને વધુ સુખ-સગવડભર્યું બનાવી તેના પુરુષાર્થને અખંડ બનાવે છે તો કોઈક કટાક્ષો કરીને પુરુષને આળસ કે નિરુદ્યમના કોચલામાંથી બહાર કાઢે છે. આમ સ્ત્રીની પ્રેરણા વગર મનુષ્યનાં દરેક કાર્યો અધુરાં રહે છે. ધાર્મિક વિધિમાં પણ સ્ત્રી વગર કોઈ ફળ મળતું નથી અને ફળ વગર જીવન સફળ નથી. પિતાના નામે પુત્ર સમાજમાં આગળ આવે છે ત્યારે એના સર્જનની જનેતા જાહેરમાં  ના દેખાય તો પણ માતૃત્વ ભૂંસાતુ નથી.

દરેક મહાન અને સફળ માણસની મહાનતા અને સફળતામાં તેની પત્નીનો સાથ હોય છે. ગાંધીજીએ હંમેશા પોતાને આપેલ સાથ-સહકાર માટે કસ્તૂરબાને અંજલિ આપેલ છે. અમેરિકાના જ્યોર્જ બુશ પણ સ્વીકારે છે કે એમની પત્ની બાર્બરા બુશે ચુંટણીના સમયે પ્રચારકાર્યમાં સારી એવી

(અનુ. પેઈજ ૨૨ ઉપર)


BIS
HUID JEWELLERY
JC SONI™
JEWELLERS
PVT.LTD
INDIA | USA
Soni Jayendrakumar Chunilal
(Paliyadwala)
Pride of The Bride
WEDDING COLLECTION
OPP. HARIDARSHAN SOCIETY,
RAMJI MANDIR, RANIP, AHMEDABAD 382480
+91 97129 73101
412, HARDING PI ST 103,
NASHVILLE, TN 37211
+1 615 802 8650
12197 LEBANON RD,
SHARONVILLE, CINCINNATI, OH 45241
+1 224 415 4678



**પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ**
લેખક ચિંતક, સાહિત્યકાર, કોલમિસ્ટ અને
સરકાર દ્વારા 'પદ્મશ્રી' એવોર્ડથી વિભૂષિત છે.

# જિંદગી છે સપનાંની લહેજત !

આયુષ્યની દોર પર ખેલાતો સપનાંનો ખેલ છે આ જિંદગી. આ જગતમાં સમજ વિનાનો માનવી મળશે, પરંતુ સપનાં વિનાનો માનવી નહીં મળે. બસ, આંખમાં એક સપનું આંજશો અને પછી એ આંજણથી આખી દુનિયાને જોવા લાગશો. મીરાંની આંખમાં કૃષ્ણને પામવાનું સપનું જાગે અને આખું જગત આપોઆપ ખારું બની જાય કે પછી બાર વર્ષના બાળક થોમસ આલ્વા એડિસનની આંખમાં સપનું જાગે અને દુનિયા બદલાઈ જાય. બાર વર્ષનો ગરીબ છોકરો એડિસન ટ્રેનમાં અખબાર અને ખાટી-મીઠી ગોળીઓ વેચવાનું શરૂ કરે. આમાંથી જે રકમ મળે, તેનાથી પ્રયોગશાળાનાં સાધનો અને પુસ્તકોની ખરીદી કરે. ભવિષ્યમાં આ જ એડિસનના નામ પર પ્રયોગશાળામાં થયેલી ૧૦૯૩ શોધોની પેટન્ટ નોંધાય. સપનાની વાત જ એવી અનેરી છે કે એકવાર એ જાગે એટલે પછી અન્ય સઘળું તુચ્છ, વ્યર્થ અને ત્યાજ્ય લાગે. સપનું હાથ લાગતાં જિંદગીમાંથી ઘણી ચીજોની બાદબાકી થઈ જાય. કેટલાંય આકર્ષણો આથમી જાય. સુખનાં સમીકરણો અને સમૃદ્ધિનાં ગણિત બદલાઈ જાય છે. મહાબુદ્ધિમાન આલ્બર્ટ આઈન્સ્ટાઈન "થિયરી ઑફ રિલેટિવિટી"ની શોધ કરે અને દુનિયાના નાણાકીય વ્યવહારથી સાવ અજ્ઞાત રહે !

સપનાંની આ જ તો લહેજત છે અને એ લહેજતને જ સહારે સપનાં સેવનારાઓ આ કઠોર-નઠોર દુનિયામાં પોતીકી મોજ-મસ્તીથી જીવતા હોય છે. આવા સ્વપ્નસેવીઓ પોતાના સ્વપ્નને ખાતર કુરબાન થઈ જતા હોય છે. આઠ વર્ષની ઉંમરે પૅરાલિસિસના હુમલાથી હાથ-પગ અને શરીરના સઘળા સ્નાયુ કામ કરતા બંધ થઈ ગયા હતા, તે વોલ્ટર ડેવિસને માટે ડોક્ટરોએ ભવિષ્ય ભાખ્યું કે એ જિંદગીમાં ક્યારેય જાતે પોતાના પગનું હલનચલન કરી શકશે નહીં. કાંખ-ઘોડી કે વ્હિલચૅર જ ચાલવાનો એનો એકમાત્ર સહારો છે. આ વોલ્ટરને સ્વપ્નું હતું, ખૂબ દોડવું અને ઊંચે ઊંચે આકાશમાં કૂદવું. માતાના પ્રોત્સાહને એને ઊભો કર્યો. અથાગ પરિશ્રમે એને દોડતો કર્યો અને મનમાં સંઘરેલા સ્વપ્નએ એને કૂદતો કર્યો. સમય જતાં ઊંચા કૂદકાની રમતમાં ભાગ લેવા માંડ્યો. આમાં પગથી ઠેક લગાવતી વખતે પગની તાકાતની સૌથી વધુ આકરી કસોટી થાય. એ સ્વપ્ન લઈને એ જગતની સર્વોત્કૃષ્ટ સ્પર્ધા ઑલિમ્પિકમાં પહોંચ્યો. ફિનલૅન્ડમાં હેલસિન્કીમાં યોજાયેલી ૧૫મી ઓલિમ્પિક સ્પર્ધાના પ્રથમ દિવસે જ બે મિટર અને ચાર સેન્ટિમીટરનો ઊંચો કૂદકો લગાવી વોલ્ટર ડેવિસ વિજેતા બન્યો. ઓલિમ્પિકમાં વિક્રમ સ્થાપનાર વોલ્ટર ડેવિસને સૌપ્રથમ સુવર્ણચંદ્રક મળ્યો. સપનાંનો અજાયબ ખેલ અશક્યને શક્ય બનાવી શકે છે.

મનમાં વસતું આ સ્વપ્નું વિપરીત પરિસ્થિતિમાં વ્યક્તિને નવી શક્તિ, કૌવત અને હિંમત પ્રદાન કરે છે. પોતાના સ્વપ્નને સિદ્ધ કરવા માટે એ વિપરીત સંજોગોનો ભાર પોતાની પીઠ પર લાદીને આગેકૂચ કરતા રહે છે. આ સપનું એક એવી ચીજ છે કે જે તમને ક્યારેય પાછા વળીને જોવા દેતું નથી. જગતના ચાર ચાર ખંડો પર પોતાના અભિનયનાં અજવાળાંથી ખ્યાતિ પામેલી બર્નહાર્ટ પાસે એક સપનું હતું શ્રોતાઓને આનંદમાં ડુબાડવાનું.

જગતની આ માનીતી અભિનેત્રી છેક ૭૧ વર્ષની વૃદ્ધાવસ્થાએ સાવ નાદાર બની ગઈ. સ્ટીમરના તૂતક પરથી પડી જતાં એનો પગ કાપી નાખવા પડ્યો. એ જ્યારે ઓપરેશન થિયેટરમાં જતી હતી, ત્યારે એ એના નાટકની પંક્તિઓ મોજથી ગાઈ રહી હતી. કોઈએ કહ્યું પણ ખરું કે આ અભિનેત્રી ઓપરેશનના ભયને છુપાવવા માટે પોતાની જાતને ખુશ રાખવાનો પ્રયત્ન કરે છે, ત્યારે સારાહે કહ્યું, 'ના એવું નથી. હું ડોક્ટરો અને નર્સોના દિલને બહેલાવવા માટે ગાઈ રહી છું. કારણ કે તેઓ ખુબ ચિંતામાં છે. સારાહના પગનું ઑપરેશન થયું. હવે શું થશે ? પણ સારાહ પાસે સ્વપ્ન હતું અને તેથી વ્હિલચૅરમાં બેસીને એણે એ પછી સતત સાત વર્ષ સુધી દુનિયાના જુદા જુદા દેશોમાં પોતાના કાર્યક્રમો આપ્યા, શ્રોતાઓને ખુશ કરવાનું એનું ધ્યેય સિદ્ધ કર્યું.

સ્વપ્નને સિદ્ધ કરવા માટે રાતદિવસ એક કરનારી વ્યક્તિને જિંદગીમાં સૌથી મોટો પડકાર પોતાની આસપાસના સામાજિક જીવનમાંથી આવતો હોય છે. એના હૃદયની ઈચ્છા એક હોય અને સામે પરિસ્થિતિ સાવ વિપરીત હોય. એમ કહેવાય છે કે ભગત અને જગતનો ક્યારેય મેળ મળતો નથી. સાચા ભક્તને દુન્યવી સંસાર કદી સમજતો નથી. આ વાત આટલેથી જ સમાપ્ત થતી નથી, બલ્કે કોઈ પણ સ્વપ્નશીલ વ્યક્તિનો આ જગત સાથે મેળ બેસતો નથી. જેમ ભક્ત નરસિંહ કે યોગી આનંદઘનનો આસપાસના સમાજ સાથે મેળ ન પડે, એ જ રીતે અબ્રાહમ લિંકનના ઔદાર્ય સાથે એના ગૃહજીવનમાં એની પત્ની મેરી સાથએ મેળ પડતો નહોતો, તો રાજકીય જીવનમાં શત્રુઓ પ્રત્યે નિર્દયતા દાખવવામાં માનનારા લશ્કરી અફસરો સાથે સહેજે મનમેળ નહોતો. આ બધાની સામે ગુલામોના મુક્તિદાતા પાસે અમેરિકાને અખંડિત રાખવાનું સ્વપ્ન હતું અને એ સ્વપ્નની સિદ્ધિ કાજે આ સઘળા પડકારોનો એણે સામનો કર્યો.

લેખક હોય કે વૈજ્ઞાનિક હોય, રાજપુરુષ હોય કે ચિત્રકાર હોય, સહુને આસપાસની વ્યાવહારિક ગણતરીબાજ દુનિયાનો સામનો કરવો પડે છે. અને એમાં જ એમના કમિટમેન્ટની અગ્નિપરીક્ષા થતી હોય છે.

આ સ્વપ્નસેવી દુનિયાને વ્યક્તિ પોતાનો

# સમાજ સૃષ્ટિ

આદર્શ દેખાડતી હોય છે. એને સિધ્ધ કરવા માટે એ પૂર્ણ ઉત્સાહથી પ્રયત્ન કરતો હોય છે. આઈઝેક ન્યૂટને આને માટે રાત-દિવસ કેટલા બધા અથાગ પ્રયત્નો કર્યા, આથી જ જેણે સ્વપ્ન સાકાર કરવું છે, એને માટે સક્રિયતા એ જ આધાર છે. ખેડૂત કુટુંબમાં જન્મેલા, દાદીમા પાસે ઉછેર પામેલા, આઈઝેક ન્યૂટનને ગામથી દસ કિલોમિટર દૂર આવેલી ગ્રામર સ્કૂલમમાં ભણવા જવું પડ્યું. દકાર્ત, કોપરનિક્સ, ગૅલિલિયો અને કૅપ્લર જેવા મહના વૈજ્ઞાનિકોનાં પુસ્તકોએ કૉલેજિયન ન્યૂટનને ભૌતિકશાસ્ત્રી અને ગણિતશાસ્ત્રી થવાનું સ્વપ્ન આપ્યું. વૃક્ષ પરથી પડતા સફરજનને જોઈને મુક્ત પતન પામતા પદાર્થની ગતિ અંગેના ગુરુત્વાકર્ષણના નિયમની સ્ફુરણા થઈ. એની સક્રિયતા તો એવી કે આજે ગણિતશાસ્ત્ર અને ભૌતિકશાસ્ત્રના કેટલાય નિયમો, સિદ્ધાંતો, સૂત્રો, પ્રમેયો, ઘટનાઓ સાથે ન્યૂટનનું નામ જોડાયેલું છે.

સ્વપ્નસેવી પોતાના માર્ગમાં આવતી નિષ્ફળતાઓ, મુશ્કેલીઓ, દોષારોપણો, ટીકા-ટિપ્પણ અને નિંદા-પ્રહારનો હસતે મુખે સામનો કરે છે. આનું કારણ એ છે કે એમની પાસે એક સ્વપ્ન હોય છે અને એ સ્વપ્ન લઈને એ ચાલતા જ નહીં, બલ્કે પ્રતિપળ શ્વાસ લેતા હોય છે. આવાં સ્વપ્નોએ દુનિયામાં પરિવર્તન આણ્યું છે. મહાવીર કે બુદ્ધને એક સ્વપ્ન આવે અને સંસારમાં પ્રકાશ પથરાઈ જાય.

પોતાની એ સ્વપ્નસિધ્ધિને માટે ચીલાચાલુ માર્ગે દોડતી દુનિયાને પહેલા થોભાવવી પડે છે અને પછી એનાથી સાવ જુદે માર્ગે વળવી પડે છે. યજ્ઞોની ભડભડતી જ્વાળામાં સેંકડે અબોલ પશુઓની ધર્મ અને પુણ્યના નામે આહુતિ અપાતી હતી. યજ્ઞમાં જેટલાં વધુ પ્રાણી હોમાય, એટલો એ રાજા પ્રભાવશાળી ગણાય. આવે સમયે ભગવાન મહાવીર આવીને આને થોભાવતાં એમ કહ્યું કે આવાં અબોલ પશુઓની આહુતિથી ન તો ધરતી પરનું સુખ મળે છે કે ન તો પરલોકે સ્વર્ગ મળે છે. પછી નવું ચિંતન આપતાં ભગવાન મહાવીર કહે છે તમે યજ્ઞ કરો, તમે આહુતિ આપો, પણ એ યજ્ઞ તમારી ભીતરનો યજ્ઞ હોવો જોઈએ અને એમાં આહુતિ તમારા ભીતરમાં રહેલાં કામ, ક્રોધ જેવા કષાયોની હોવી જોઈએ.

એ જ રીતે ભગવાન બુદ્ધે જ્યારે વૃદ્ધત્વ અને મૃત્યુને જોયાં, ત્યારે જગતને જગાડવા માટે કરુણાનાં મૌલિક સ્વપ્નો આપ્યાં. જગતના વિકાસ અને પરિવર્તનની કોઈ ધરી હોય તો તે સ્વપ્ન છે. મનમાં જાગતું એ સ્વપ્ન જગતને માટે નવું સર્જન બને છે. પહેલાં એ દુનિયાની દિશા બદલે છે. અને પછી એમાં નવીનતા અને મૌલિકતાનું મિશ્રણ સધાય છે. અંગ્રેજ કવિ ટેનિસન કહે છે, Dreams are true while they last, and do we not live in dreams ? અર્થાત્ ‘સ્વપ્ન જ્યાં સુધી રહે છે ત્યાં સુધી સત્ય હોય છે અને શું આપણે સ્વપ્નમાં જ રહેતા નથી?’

(અનુસંધાન પેઈજ ૪૪નું શરૂ) **લોકોપયોગી માર્ગદર્શન**

આટલી સરળીકરણની બાબત મહેસુલી અધિકારીઓએ અનુસરવી જોઈએ. આ તા. ૧૧-૨-૯૭ના ઠરાવમાં ફક્ત છેલ્લી લીટીમાં આવા તમામ કેસો (Review) રીવ્યુ કરી શરત ફેર કરી આપવાની બાબત જણાવી છે. જેનું ઘણી જગ્યાએ મનધડક અર્થઘટન કરી જમીન મહેસુલ અધિનિયમ મુજબ Revision / રીવ્યુ સમજે છે. ખરેખર તો રીવ્યુનો મતલબ આવા તમામ કેસોની સમિક્ષા - મૂળ જમીનો જે સત્તાપ્રકારની હતી તે કરવાની સુચનાઓ છે. આ સાથે જે રહેણાંકના હેતુ માટે પણ જમીનો જુની શરતની હોય કે નવી શરતની હોય તો તે મુજબ ગણવા માટે પણ મહેસુલ વિભાગના તા.૨૩/૫/૯૭ના ઠરાવ ક્રમાંક જમન/૩૯૯૭/૪૧-ચ અન્વયે હુકમો કરવામાં આવેલ છે. આમ આટલી સ્પષ્ટ સુચનાઓ હોવા છતાં અસરગ્રસ્ત ખેડુતો મુશ્કેલીઓ અનુભવી રહ્યા છે.

તાજેતરમાં મહેસાણા જીલ્લાના તા. સતલાસણા ગામના રાજપુર (ગઢ) ગામના સર્વે નંબર - ૧૮૫ સર્વે નંબરની જમીનો મૂળ જુની શરતની હોવાથી સંબંધિત સંપાદન અધિકારીએ તા. ૨૭/૧૨/૧૨ના હુકમથી જુની શરતમાં ગણવાનો હુકમ કરેલ છે અને આ જમીનો જુની શરતની ગણી વેચાણ પણ કરવામાં આવેલ છે અને મહેસુલી અધિકારીઓએ વેચાણ નોંધ મંજુર કરેલ છે. હવે જ્યારે આ જમીન બિનખેતી માટે અરજી કરવામાં આવે છે ત્યારે જમીનનો સત્તાપ્રકાર નક્કી કરવા માટે સમિક્ષા કરવાના બહાના હેઠળ અરજી નામંજૂર કરવામાં આવે છે અને જ્યારે સરકારના સ્પષ્ટ હુકમો હોવા છતાં ખોટું અર્થઘટનની માન્યતા હેઠળ મહેસુલ વિભાગનું માર્ગદર્શન કલેક્ટર મહેસાણા દ્વારા મંગાવવામાં આવે છે. આમ સરકારના હુકમોનું ખોટું અર્થઘટન પ્રજાને હેરાન કરવાના એકમાત્ર ઈરાદાથી સરકારના હુકમો મુજબ નિર્ણય / અર્થઘટન લેવાના બદલે માર્ગદર્શન માંગવામાં આવે છે. આમ Exercising of powers નો અભાવ સ્પષ્ટ થાય છે. આશા રાખવામાં આવે છે કે આવા પ્રકારના બનાવો ન બને તે માટે સરકાર સ્પષ્ટતા સહ આવા કિસ્સાઓ ટાંકીને સ્પષ્ટતા કરે જેથી સાચા અસરગ્રસ્ત ખેડુતો અને ત્યાર બાદના વેચાણ આપનાર / ખરીદનાર બિનજરૂરી હેરાન થાય.

‘‘સરકારના મહેસુલ વિભાગના ઠરાવોના ખોટા અર્થઘટનથી સામાન્ય જનતાની હાલાકી’’

## સમાજ સૃષ્ટિ



**પ્રફુલ્લ કાનાબાર**

સુપ્રસિદ્ધ લેખક, નવલિકાઓ, નવલકથા, લઘુનવલકથાના સર્જક, અનેક માન-સનમાન અને એવોર્ડથી વિભૂષિત છે.

# જો કોઇ ગરીબરકી આંખો સે બયાં હોતે હૈ વોહ લબ્ઝ કિતાબોંમેં કહાં હોતે હૈ?

લગભગ બે દાયકાથી શ્રી પુનિત સેવા ટ્રસ્ટ સાથે સંકળાયેલો હોવાથી અનેક લોકોની ગરીબી નજીકથી જોઈ છે. મારે વાત કરવી છે, એવા જેન્યુઈન અને પ્રમાણિક ગરીબોની જેઓ ફૂટપાથ પર રહે છે. કોઈ ખોટા ધંધા કરતા નથી. આપણા દેશમાં લાખો લોકો એવા છે, જેઓ માત્ર આર્થિક તંગીને કારણે જ બે ટંક ખાવાનું પામતા નથી. એ લોકો મજૂરી કરે છે, પેન્ડલ રીક્ષા ખેંચે છે કે રસ્તા પર કચરો અને પાણીની બોટલો વીણીને ખુદનું પેટ ભરવાં માટે પ્રયત્નશીલ જોવા મળે છે. આજે સવારે આવા જ એક ગરીબ વૃદ્ધને રસ્તા પર કોઈકે ગાયને નાખેલ રોટલી ઉપાડીને ખાતા જોયા... ઘણી વાર આવા દ્રશ્યો જોઈને હૃદય દ્રવી ઉઠે છે. આટલી હદે દરિદ્રતાનું જે કારણ હોય એમાં ઉંડા ઉતરવું નથી પરંતુ એટલું જરૂર માનું છું કે દુનિયામાં ભલે જરૂરિયાત વાળાની મોટી સંખ્યા છે, પરંતુ જે લોકોને કુદતે ઘણું આપ્યું છે, એવા લોકોની સંખ્યા પણ નાની તો નથી જ.

આવા લોકો જેટલા ઉત્સાહથી જાત્રાઓ કરે છે (કરવી જ જોઈએ કારણ કે ભક્તિયોગ પણ જરૂરી છે) એટલા જ ઉત્સાહથી સારા કર્મને જ ધર્મ સમજીને (ફૂલ નહીં તો ફૂલની પાંખડી જેટલો) ધનનો મોહ ઓછો કરીને યથાશક્તિ ફૂટપાથ પર રહેતાં ગરીબોને મદદરૂપ થાય તો ઉપર બેઠેલો ઈશ્વર પણ રાજી થાય. **આપણે ભલે આખા સમાજ માટે ખાસ ન કરી શકીએ પણ થોડાક લોકો માટે નિઃસ્વાર્થ ભાવે કાંઈક કરીને આપણા હિસ્સાનો દીવો તો પ્રગટાવી શકીએ ને ?** શું આપણી પાસે અંબાણી કે અદાણી જેટલા રૂપિયા હોય તો જ આપણે ફૂટપાથ પર રહેતા લોકોને મદદ કરી શકીએ ? મારા સંપર્કમાં એવા કેટલાંય મિડલ ક્લાસના લોકો છે, જેઓ ખુદના ખર્ચ પર કાબુ રાખીને નિયમિત રીતે ગરીબોને મદદ કરીને સત્કર્મોનું ભાથું બાંધે છે! માનવતા બાબતે વ્યક્તિની વિચારધારા અનહદ મહત્વની છે.

વિચારધારા પરથી એક સત્ય ઘટના યાદ આવી ગઈ.. થોડાં વર્ષો પહેલાંની વાત છે. એક ભાઈ કાયમ કોઈક ટ્રસ્ટ પાસે ડોનેશન આપ્યા વગર (અમુક રકમ ખવડાવીને) મોટી રકમની રસીદ મેળવતા અને ઈન્કમટેક્સમાં રાહત મેળવતા.



મેં પૂછ્યું હતું... "તમે actual દાન ક્યારે કરશો ?"

તેમનો જવાબ હતો..

"અત્યારે તો મને ફૂટપાથ રહેતાં ગરીબ માણસોને મદદ કરવાનો વિચાર પણ નથી આવતો કારણ કે એમની સંખ્યા તો લાખો કરોડોમાં છે, આપણા એકની મદદથી શું ફેર પડવાનો ? આખરે તો રોડ પર રહેતા તમામ માણસોની જવાબદારી સરકારની છે!"

આ પ્રકારની વિચારધારા વાળી વ્યક્તિઓ સાથે ચર્ચા કરવામાં ક્યારે સમય બગાડવાની ભૂલ ન કરાય. કારણ કે આપણી પાસે વધારે સમય છે, એ આપણો સૌથી મોટો ભ્રમ છે !

મૃત્યુ ક્યારે ઉંમર જોઈને નથી આવતું. ચાર પાંચ વર્ષ પહેલાં કોરોના કાળમાં આપણે સૌએ અનેક નાની ઉંમરના લોકોને જીવ ગુમાવતાં જોયા જ છે ને ?

**સો વાતની એક વાત....**

**માનવધર્મની મોટો એક પણ ધર્મ નથી.** આપણે કરેલી મદદ સુપાત્રને જ મળે તો જ એ દાન સાર્થક બને એ વાત પણ ક્યારેય ભૂલવા જેવી નથી.

■ ■



**કૌશિક મહેતા**
સુપ્રસિદ્ધ લેખક, પત્રકાર, કોલમિસ્ટ અને ફૂલછાબ દૈનિકપત્રના પૂર્વ તંત્રી.
૩૦ જેટલા પુસ્તકો પ્રકાશિત, હરીન્દ્ર દવે એવોર્ડ,
નારદ એવોર્ડ તથા નચિકેત એવોર્ડથી સન્માનિત.

# પ્રકૃતિ, તને અમારું પ્રોમિસ છે કે...

**કૌશિક મહેતાનો ટૂંક પરિચય :** પ્રસિધ્ધ પત્રકાર, લેખક અને કોલમિસ્ટ શ્રી કૌશિક મહેતા અર્થશાસ્ત્રમાં સ્નાતક તથા જર્નાલીઝમ અને માસ કોમ્યુનિકેશનમાં અનુસ્નાતક થયેલા છે. ૧૯૯૦થી ફૂલછાબમાં સબ એડિટર તરીકે જોડાયા. ૨૦૦૮માં તંત્રી થયા. ૧૪ વર્ષ તંત્રી પદે રહ્યા. એમના કાર્યકાળમાં ફૂલછાબ એવોર્ડની શરૂઆત થઈ. તેમણે સંદેશ, અકિલા અને ચિત્રલેખામાં પણ કામ કર્યુ છે. ફૂલછાબમાં તેમની નિયમિત લેખમાળા 'ખબરની ખબર' રોજ પ્રકાશિત થતી હતી. આ ઉપરાંત **ભેજા ફ્રાય, સીધુ ને સટ, લેટર ટુ ડોટર અને આજનો ઈમેલ** કોલમો પણ ખૂબ પ્રસિદ્ધિ પામી હતી. અત્યાર સુધીમાં તેમના ૩૦ પુસ્તકો પ્રકાશિત થયા છે. તેમનું પ્રથમ પુસ્તક હતું - **"નરેન્દ્ર મોદી : વિવાદથી વિક્રમ સુધી"** તેમણે દેશના વિખ્યાત મહાનુભાવોના વ્યક્તિત્વાત્મક ઈન્ટરવ્યુ લીધા છે. તેમને પત્રકારત્વના અનેક પ્રતિષ્ઠિત એવોર્ડ પ્રાપ્ત થયા છે, જેમ કે : **હરીન્દ્ર દવે એવોર્ડ, નારદ એવોર્ડ, નચિકેત એવોર્ડ** વગેરે. તેઓ સરદાર સ્મારક ટ્રસ્ટ તથા સીઝન સ્કવેર ચે.ટ્રસ્ટમાં ટ્રસ્ટી તરીકે સેવાઓ આપે છે. શ્રી કૌશિક મહેતાને ઉમાસૃષ્ટિમાં આવકારતા આપણે ગૌરવ અનુભવીએ છીએ.

દુકાળ, પૂર, ભૂકંપ, ભૂસ્ખલન, ચક્રવાત, વાવાઝોડું, હિમસ્ખલન, જ્વાળામુખી વિસ્ફોટ.... આ બધું છેલ્લા થોડાં વર્ષોમાં બહુ જોયું છે. અને એમાં મૃત્યુ પામતા લોકો આંકડા બનીને રહી ગયા, ગ્લોબલ વોર્મિંગ શબ્દ વારેવારે અમારા કાને અથડાય છે પણ છતાં અમારી સંવેદન બધિરતા દૂર થતી નથી. લોકસભામાં પુરુષોત્તમ માવલંકરે કટોકટીનો વિરોધ કરતાં કહ્યું હતું કે, "ભગવાન, એમને માફ કર, એ શું કરી રહ્યા છે એ એમને ખબર છે." પ્રકૃતિને અમે એટલી હદે નુકસાન કરી નાખ્યું છે કે, અમને કોઈ કહે તોય માફી મળી શકે એવી સ્થિતિ નથી.

અમે પ્રકૃતિથી દૂર થઈ ગયા છીએ, ફાર્મ વેચીને ફાર્મહાઉસ બનાવતા થયા છીએ. અમે સિમેન્ટ કૉન્ક્રીટનાં જંગલો બનાવ્યા બાદ શુધ્ધ હવા શ્વસવા માટે જંગલમાં કે હિલ સ્ટેશને જઈએ છીએ પણ હવે ત્યાંય અમે એટલી ભીડ કરીએ છીએ કે, પ્રકૃતિને શ્વાસ લેવાનું દુષ્કર બન્યું છે. અમે વડલાની ડાળીએ હીંચકા ખાવાનું પણ ભૂલી ગયા છીએ, કારણ એનું આપતાં આપણા કવિ મનોજ ખંડેરિયાએ લખ્યું છે કે,

લાલઘૂમ તાપમાં મ્હોરતો, મસ્તીનો તોર તે ક્યાં ગયો કોઈ કહેતું નથી
આ નગરની વચોવચ હતો એક ગુલમ્હોર તે ક્યાં ગયો કોઈ કહેતું નથી

કાંઈ કહેવા જેવું અમે ક્યાં કંઈ બાકી રાખ્યું છે. પૂર્વ રાષ્ટ્રપતિ એ. પી. જે. અબ્દુલ કલામે કહેલું કે, આ દેશની મુખ્ય ત્રણ સમસ્યા છે, એક ચારિત્ર્યની કટોકટી, ભ્રષ્ટાચાર અને પ્રદુષિત પર્યાવરણ. આ ત્રીજી સમસ્યા હવે અમને એવી પીડી રહી છે કે ના પૂછો વાત. કારણ કે, આ વિશ્વમાં દર વર્ષે હવાના પ્રદુષણના કારણે ૭૦ લાખ લોકો મૃત્યુ પામે છે. ભારતની વાત કરીએ તો દેશના ટોચના ૧૦૦ શહેરોમાંથી ૬૩ શહેરોની હવા શ્વસવા લાયક રહી નથી. જે પાણી છે એમાનું ૭૦ ટકા પાણી પીવાલાયક નથી. કૃષિ આવકમાં ૯ ટકાનો અને કૃષિ ઉત્પાદકતામાં ૧૬ ટકાનો ઘટાડો થયો છે. પાણી આધારિત રોગો છે એમાં વર્ષે ૪૦,૦૦૦ લોકો મૃત્યુ પામે છે. પ્લાસ્ટિકનો એટલો બધો ઉપયોગ કરીએ છીએ કે દરિયાના પેટાળમાં અને પશુઓના પેટમાં પ્લાસ્ટિક મળી રહ્યાં છે.

હવે અટકવાની વેળા છે. પાછા ફરવાની વેળા છે. સવારે ભટકી ગયેલા આપણે હવે પાછા ઘેર આવવાનો સમય આવી ગયો છે. પ્રકૃતિએ આપણને કેટકેટલું આપ્યું છે, હવે આપણે પ્રકૃતિને પાછું આપવાનો આ સમય છે. આકાશથી લઈ દરિયા સુધી જે પ્રદુષણ આપણે ફેલાવ્યું છે એ ઓછું કરવાથી માંડી દૂર કરવા સુધીની યાત્રા શરૂ કરવાનો આ સમય છે.

ઊર્જા બચાવો દેશ બચાવો, સ્વચ્છતા અભિયાન, વૃક્ષો વાવો.. આ બધાં સૂત્રો પોકારવા કરતાં એનો અમલ કરીએ એ આવશ્યક બન્યું છે. અને શરૂઆત આપણા ઘેરથી કરવી પડશે. બધું સરકારને સેવા સંસ્થા પર છોડી દેવાથી બાત નહીં બને. તો ચાલો પાછા ફરીએ, ગો બેક ટુ નેચર.... એ માટે શું કરીશું ?

કેટલાક દાખલા જોઈ જવા જેવા છે.

સૌરાષ્ટ્રમાં જસદણ તાલુકાનું ગામ છે, ખડકાણા. આ ગામમાં એક સમય એવો હતો કે, શાકભાજી ગામ બહારથી આવતાં હતાં. નવરંગ નેચર ક્લબ દ્વારા 'ઘેર વાવો શાકભાજી' અંતર્ગત આ ગામમાં પ્રચાર કરાયો કે, તમે તમારા ઘરના આંગણામાં કે પછવાડામાં શાકભાજી કે ફળફળાદિ વાવો. થોડા જ સમયમાં એવું પરિવર્તન આવ્યું કે, દરેક ઘરના આંગણામાં કે પછવાડામાં શાકભાજીનું વાવેતર થયું, કેટલાકે ફળાઉ વૃક્ષો વાવ્યાં. ફાયદા બે પ્રકારના થયા. એક, લોકોને ઘરઆંગણે જ ઑર્ગેનિક શાકભાજી મળવા લાગ્યાં અને આ શાકભાજી કે ફળ વેચી તેઓને વધારાની આવક પણ શરુ થઈ. શાળામાં રિસેસ પડે ત્યારે બાળકો ત્યારે કોઈ પાનના ગલ્લે કે, કરિયાણાની દુકાને જ જઈ વેફર કે એવાં પડિકાં ખરીદવાના બદલે કોઈને કોઈ ઘેર જઈ જામફળ કે એવું ફળ ખરીદવા લાગ્યાં. આવું દરેક ગામ ને શહેરમાં ના થઈ શકે ? અને શહેરવાળા બહાનાં ના કાઢતા કે શાકભાજી ક્યાં વાવીએ, જગ્યા ક્યાં છે? પણ હવે તમારા રસોડામાં કિચનની વૉશિંગ પ્લેસમાં પણ આ કામ થઈ શકે છે.

રાજકોટમાં સદભાવના સંસ્થા છે. એ વૃક્ષો વાવવાનું કામ કરે છે, છેલ્લા એકાદ દસકા જેટલા સમયમાં જ સૌરાષ્ટ્ર જ નહીં ગુજરાતમાં ત્રીસ લાખથી વધુ વૃક્ષો વાવવામાં આવ્યા છે. અને એનો ઉછેર થાય એ માટેની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. આપણે ઘરમાં નાનાં નાનાં કુંડામાં છોડ વાવી શકીએ અને એથી આગળ જઈ ઘરના કોઈ સભ્યના જન્મદિને કે પછી કોઈ આત્મજનની યાદમાં વૃક્ષ વવડાવી શકીએ. આટલું આપણે ના કરી

# સમાજ સૃષ્ટિ

શકીએ ? આપણે રસ્તા બનાવવા કે પહોળા કરવા વૃક્ષો બહુ કાપ્યાં છે. કારખાનાં બનાવવા જંગદલોમાં પણ ભેલાણ કર્યું છે તો હવે આસપાસ લીલાશ સર્જવા માટે વૃક્ષો વાવવાં પડશે. અને તો જ આપણે શીતલેશ ધૂલને ખોટા પાડી શકીશું. એમણે હૃદયને અડી જાય એવી વાત લખી છે કે,

इक छोटा सा बीज हुआ करता था कभी, रौंदते थे आने जाने वाले सभी, फिर भी आलोचना ना की मैने कभी" "नन्हा पौधा हुआ करता था कभी, तोडते मरोडते थे आने जाने वाले सभी, फिर भी बढना ना छोडा मैंने कभी"

"इक विशाल पेड हुआ करता था कभी, आने जाने वाले आश्रय लेते थे सभी," पक्षी अपने घोसले, मनुष्य रहा करते थे सभी "काट डाला, मार डाला, मतलबी है यहां सभी, लोग कहते है अब, सडक के बीचो-बीच एक विशाल पेड हुआ करता था कभी!"

પાણીની સમસ્યા પણ વકરવા લાગી છે. ડેમો છે પણ એમાં પાણી નથી પૂરતાં. આજેય એવા પ્રદેશો ઘણા છે જ્યાં મહિલાઓ બેડાં લઈ પાણી માટે બે-પાંચ કિલોમીટર ભટકે છે. આ સ્થિતિ ટાળવા જળસંચય કરવું પડશે. વરસાદનાં પાણીને વહી જતાં અટકાવવાં પડશે. જૂનાં ઘણાં ઘરોમાં વરસાદી પાણીને સંગ્રહવા પાણીનાં ટાંકા બનતાં, એ ભુલાયેલા ઉપાયો ફરી કરવા પડશે. બહુમાળી મકાનો છે ત્યાં બોર રિચાર્જ કરવા પડશે. રાજકોટનાં ગીર ગંગા પરિવાર દ્વારા તો ૧૧,૧૧૧ ચેકડેમો કે તૂટી ગયા છે કે જર્જરીત થયા છે એના નવસર્જનનું અભિયાન ચાલે છે. આવાં અભિયાનને ટેકો કરવો પડશે. પાણીનો બગાડ અટકાવવો પડશે. જૈનત્વ સુરક્ષા સંઘ દ્વારા લગ્નોમાં કે સામાજિક પ્રસંગોમાં પાણીનો બગાડ અટકાવવા ડિસ્પોઝેબલ વસ્તુઓની જગ્યાએ તાંબાનાં વાસણોમાં પાણી અપાય છે અને વાસણો માટીથી ધોવામાં આવે છે અને પાણીનો ન્યૂનતમ ઉપયોગ થાય છે. આ સંસ્થા આ રીતે સેવા આપે છે.

અને હા, આપણે ત્યાં ખાસ કરીને નગરો અને મેટ્રોમાં માણસો કરતાં વાહનોની સંખ્યા વધતી જાય છે. રસ્તા સાંકડા પડે છે અને પહોળા કરવા વૃક્ષોનો સોથ વાળીએ છીએ. વાહનો જરૂરિયાત છે પણ એ ઓછાં ચલાવીએ અને ક્યારેક તો ક્યારેક સાયકલ ચલાવીએ. યુરોપના દેશની જેમ જ. વાહનો અને બળતણના કારણે હવાનું પ્રદૂષણ એટલી હદે વધ્યું છે કે, આપણાં ફેફસાં નબળાં પડતાં જાય છે. કારણ કે, આપણે કુદરતી ફેફસાંનું ધ્યાન રાખ્યું નથી.

વળી વિકાસના નામે પર્યાવરણને નુકસાન પહોંચાડવામાં પણ આપણે શૂરાપૂરા છીએ. રસ્તા મસમોટા કરવા વૃક્ષો તો કપાય જ છે, સાથોસાથ પહાડો પણ કપાય છે અને એનાં પરિણામો આપણી સામે આવી ગયાં છે. ભૂસ્ખલનોમાં કેટલા લોકો મૃત્યુ પામે છે. એ જ રીતે ઝેરનું વાવેતર પણ બંધ કરવું પડશે. રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓના કારણે ખેતીને તો અસર થઈ જ છે સાથોસાથ આપણે પેટના રોગોના શિકાર બનતા જઈએ છીએ, છેક કેન્સર જેવા રોગો થઈ શકે છે. પ્રાકૃતિક ખેતી તરફ વળવું પડશે. કેટલીક જૂની ફેશનો પાછી આવે છે એમ જ જૂની ખેત પદ્ધતિ તરફ વળવું પડશે. એનાથી ખેતી કસવાળી બનશે અને આપણને પોષક ઉત્પાદનો મળશે.

કારખાનાં કે જે વધુ પડતું પ્રદુષણ ફેલાવે છે એના પર લગામ કસીએ. એવાં ઉત્પાદનોનો બહિષ્કાર કરીએ. પ્લાસ્ટિક વપરાશ બંધ તો નહીં થાય પણ એ ઘટાડી તો જરૂર શકાય છે. બસ હવે બહું થયું. ઈનફ ઈઝ ઈનફ.... પ્રકૃતિ સાદ કરે છે, સાંભળી પ્રાકૃતિક બનીએ. આપણે પ્રકૃતિનો અંશ છીએ, એના વારસદાર છીએ. વારસો જાળવવો - સાચવવો પડશે. નવી પેઢીને જીવવા જેવું રહે એવી દુનિયા આપવા માટે આટલું તો કરવું પડશે. નહીં તો પ્રકૃતિને જેમ જ નવી પેઢી આપણને માફ નહીં કરે. ■

(અનુ. પેઈજ ૩૫નું શરૂ)

## શૌર્ય અને સ્વાર્પણની ભૂમિ રાજસ્થાન

**એકલિંગજી :** ઉદયપુર થી ૨૨ કિ.મી. દૂર મેવાડના મહારાણાઓનાં ઈષ્ટદેવ દેવાધિદેવ મહાદેવનું ભવ્ય શિવલિંગ આવેલું છે. શિવાલય સફેદ આરસપહાણમાંથી બાંધવામાં આવેલ છે. શિવાલય ગર્ભગૃહમાં શ્યામ આરસમાંથી કંડારેલું ચતુર્મુખી શિવલીંગ છે. સામેજ ભવ્ય નંદી પણ છે. મંદિરમાં વચ્ચે અનેક સ્તંભોવાળો ભવ્ય સભામંડપ આવેલો છે. રાજકોટથી ઉદેપુર જતા રસ્તામાંજ એકલીંગજીનું મંદિર આવે છે.

**કેશરીયાજી :** આ પ્રસિધ્ધ તીર્થ કાંકરોલી તરીકે પણ ઓળખાય છે. ઉદેપુરથી ૬૫ કિ.મી. દૂર રાજસમંદ સરોવરના કિનારે અહીં દ્વારકાધીશનું ભવ્ય મંદિર આવેલું છે. અહિં ચારે બાજુ હરિયાળી અને ઘાટી છે.

**જયસમંદ સરોવર :** ચારેબાજુ પર્વતોથી ઘેરાયેલું આ સરોવર એક વિશાળ ઘાટીમાં બંધબાંધીને તૈયાર કરાયું છે. જે ઉદેપુરથી ૪૮ કિ.મી. દૂર છે. આ સરોવર ૧૪ કિ.મી. લાંબુ અને ૧૦ કિ.મી. પહોળુ છે. આ સરોવરની મધ્યમાં નાના નાના દ્વિપો આવેલા છે. સરોવરના કિનારે ભવ્ય શિવાલય આવેલું છે.

**જોધપુર :** આબુથી ૨૫૦ કિ.મી. દૂર આવેલ જોધપુર થરના રણવિસ્તારમાં આવેલુ ઉન્નત મસ્તકે ઊભેલા સાવધાન પ્રહરી જેવું છે. અહીં ૧૨૫ મી. ઊંચી પહાડી પર રાજદુર્ગ આવેલો છે.

**પોખરણ :** ભારતના પ્રથમ અણુ વિસ્ફોટના સ્થળ તરીકે વિશ્વભરમાં પ્રસિધ્ધ થયેલુ આ સ્થળ બીકાનેર, જેસલમેર અને જોધપુરની ત્રિભેટે આવેલું છે. અહીં એક ભવ્ય કિલ્લો આવેલો છે. તાજેતરમાં ફરી એકવાર અહીં પાંચ પાંચ અણુ પરિક્ષણ કરવામાં આવ્યા હતા.

મો. ૯૪૨૭૪૯૫૧૭૫



SMART EXHAUST
ZERO ELECTRICITY
ECONOMICAL
DURABLE
રસીક પટેલ (ટુંડાવવાળા)
૯૮૨૫૪ ૨૧૨૨૦
વીકી પટેલ
૯૭૨૬૩૮૪૫૬૪
Mfg. Corrugated Sheets, Plane Sheets, Decorative Sheets, Skylight dome, Parking Shade, FRP Moulded Items
Shree BALAJI
FIBRE GLASS
2, Jogeshwari Estate, Nr. Revabhai Estate, Opp. Kevdawadi, C.T.M., Amraiwadi, Ahmedabad-26.
Ph. : 079-25852018, M. : 98254 21220, 97263 84564
Web : www.balajifiberglass.com • Email : info@balajifiberglass.com



**પ્રા. ડૉ. યશવંત કે. ગોસ્વામી**
જાણીતા હિન્દી લેખક અને વિવેચક,
ગુજરાતના શ્રેષ્ઠ NSS પ્રોગ્રામ ઓફિસર એવોર્ડ વિજેતા
અધ્યક્ષ : હિન્દી વિભાગ-કણસાગરા મહિલા કોલેજ, રાજકોટ

# શૌર્ય અને સ્વાર્પણની ભૂમિ રાજસ્થાન

## સરોવરોનું શહેર : ઉદયપુર

ભારતમાં આવેલા પ્રત્યેક પ્રવાસીઓની ઈચ્છા ઉદયપુર જોવાની હોય છે. પુર્વનું વેનીસ, સરોવર નગરી અને રાજસ્થાનનું કાશ્મીર એવા વિવિધ નામથી ઓળખાતું આ શહેર ઈ.સ. ૧૫૯૯માં મહારાણા સંગ્રામસિંહના ત્રીજા પુત્ર ઉદયસિંહે વસાવ્યું હતું. તેથીજ એનું નામ ઉદયપુર પડ્યું છે. દરિયાની સપાટીથી ૫૮૦ મીટરની ઊંચાઈએ આવેલ આ શહેરનું ક્ષેત્રફળ ૪૫ કિમી.નું છે. અહીંજ મહારાણા પ્રતાપે અકબર સાથે યુદ્ધ કર્યું હતું. અહીં જ પ્રેમ દિવાની મીરાબાઈનો જન્મ થયો હતો. ચારેબાજુ લીલીછમ વનરાજીથી આચ્છાદીત અરવલ્લીની પર્વતમાળાઓ વચ્ચે આવેલું આ શહેર અત્યંત મનોહર છે. ઠેર ઠેર સુંદર દ્રશ્યો, આકર્ષક તળાવો, તળાવોની વચ્ચે બનેલા સમૃદ્ધ મહેલો, પ્રાચીન અને અર્વાચીન ઉદ્યાનો અને ટેકરીઓ જોઈને પ્રવાસીઓ દંગ રહી જાય છે. અહીં અનેક જોવાલાયક સ્થળો આવેલા છે.

**સીટી પેલેસ :** ગ્રેનાઈટ આરસપહાણથી બાંધેલો આ ભવ્ય અને વિશાળ મહેલ પીછોલા સરોવરના સામે કિનારે આવેલા ટેકરીના શિખર પર આવેલો છે. રાજસ્થાનમાં આવેલા મહેલોમાં મોટામાં મોટો પેલેસ છે. સીટીપેલેસ બાંધવાનો પ્રારંભ મહારાણા ઉદયસિંહે જ કરેલ. ત્યારબાદ ઉત્તરોત્તર આવેલા રાજાઓએ એમનો વિસ્તાર કરેલ. અહીં એક સંગ્રહાલય પણ આવેલ છે એમાં દુર્લભ વસ્તુઓનો સંગ્રહ છે. મહેલનાં ઊંચા મિનારા, દરવાજા અને ઝરુખા જોઈને પ્રવાસીઓ મોં માં આગળા નાખી જાય છે. આ મહેલ સવારના ૯ થી સાંજના ૪.૩૦ સુધી ખુલ્લે રહે છે. અહીંથી સરોવરનું અને શહેરનું સુંદર દશ્ય ખડું થાય છે.

**સહેલીઓની વાડી :** ૧૮ મી સદીમાં મહારાણા સંગ્રામસિંહે પોતાની પુત્રીઓના આનંદ પ્રમોદ માટે બનાવેલ આ બગીચો જોઈને યુવા-યુવતીઓ સુંદર સ્વપ્નમાં ખોવાઈ જાય છે. બગીચામાં સુંદર સુશોભિત વૃક્ષો, વેલાઓ અને છોડની વચ્ચે ફુવારા આવેલા છે. ફુવારાનું પાણી પાંદડાઓ પર પડતાં વરસતા વરસાદ જેવો ધ્વનિ ઉત્પન્ન થાય છે. જાણે ભર ઉનાળે વાદળા વગર વરસાદ વરસતો હોય એવું લાગે છે. આ બગીચામાં કાળજાળ ઉનાળામાં પણ દીલ અને દીમાગની ઠંડક અનુભવાય છે. સૌ કોઈને મંત્રમુગ્ધ કરી દેતા આ બગીચામાં અસંખ્ય પિક્ચરનાં શૂટીંગ થયા છે. બાગ સવારના ૯ થી સાંજના ૬ વાગ્યા સુધી ખૂલ્લો રહે છે.

**લેક પેલેસ :** પીછોલા સરોવરની મધ્યમાં આવેલ આ ભવ્ય મહેલનું ક્ષેત્રફળ ૪ એકર છે. ઈ.સ. ૧૭૪૬માં મહારાજા જગતસિંહ બીજાએ આ મહેલ બંધાવ્યો છે. અહીં જવા માટે સરોવરના કિનારેથી હોડીમાં બેસવું પડે છે. હવે આ મહેલ ફાઈસ્ટાર હોટેલમાં પરિવર્તિત થઈ ગયો છે. મહેલની ચોતરફ તળાવના પાણીમાં પડતુ મહેલનું પ્રતિબિંબ અત્યંત મનમોહક દેખાય છે.

**ફતેહસાગર સરોવર :** આ સરોવર પીછોલા સરોવરની ઉત્તરે આવેલ છે. સરોવરની ફરતે સુંદર પાકી સડક છે. એની આજુબાજુ આવેલી પહાડીઓ અને બગીચાઓ સુંદર દશ્ય ખડુ કરે છે. સરોવરની મધ્યમાં નહેરૂપાર્ક આવેલ છે. અહીં રેસ્ટોરન્ટ પણ છે. સંધ્યા સમયે પ્રકાશથી આ મહેલ ઝળહળી ઉઠે છે.

**પીછોલા સરોવર :** મહારાણા ઉદયસિંહે એક વિશાળ બંધ બાંધીને આ સરોવર બનાવ્યું છે. આ સોરવર ૪ કિમી લાંબુ અને ૩ કિમી પહોળું છે. સરોવરની ઉત્તરે ઘણાં ઘાટ બાંધેલા છે.

**પ્રતાપ સ્મારક :** ફતેહ સાગરની ઉત્તરે આવેલી મોતી નગરી પહાડી પર ચેતક ઘોડા પર સવાર થયેલા મહારાણા પ્રતાપની વિશાળ ધાતુની પ્રતિમા આવેલી છે. આ પહાડીની ચઢાઈ વખતે આસપાસ અનેક ઉદ્યાનો આવેલા છે. એમાં જાપાનીઝ રોકગાર્ડન નામનો અદ્યતન ઉદ્યાન આવેલ છે. અહીંથી ટેકરીઓનું અને સરોવરનું દશ્ય અતિ મનમોહક અને સુંદર છે.

### મુખ્ય શહેરોથી અંતર

| | |
|---|---|
| ●રાજકોટ : ૪૬૦ કિ.મી. | ●અજમેર : ૨૬૪ કિ.મી. |
| ●અમદાવાદ : ૨૫૨ કિ.મી. | ●ચિત્તોડગઢ : ૧૬૨ કિ.મી. |
| ●જયપુર : ૪૩૦ કિ.મી. | ●આગ્રા : ૬૨૫ કિ.મી. |
| ●આબુ : ૧૮૫ કિ.મી. | ●દિલ્હી : ૭૦૦ કિ.મી. |
| ●મુંબઈ : ૯૦૦ કિ.મી. | ●જોધપુર : ૨૭૦ કિ.મી. |

## ગુલાબીનગર : જયપુર

રાજસ્થાનનું પાટનગર અને અરવલ્લીની પર્વતમાળાઓથી ઘેરાયેલું પિંકસીટી નામે પ્રખ્યાત જયપુર શહેરની સ્થાપના ૧૭૨૭માં સવાઈ જયસિંહ બીજાએ કરી હતી. એથી જ શહેરનું નામ જયપુર પડ્યું છે. ત્રણે બાજુથી અરવલ્લીની પર્વતમાળાઓથી ઘેરાયેલ જયપુરના ભવ્યાતિભવ્ય કિલ્લાઓ અને રાજ મહેલો આજે પણ એની શૌર્યગાથા સંભળાવતા હોય એવું લાગે છે. એનો અલૌકિક અતીત આજે પણ પર્યટકોને મંત્રમુગ્ધ ઠરે છે. દરિયાની સપાટીથી ૪૩૧ મીની ઊંચાઈ પર આવેલા આ શહેરનું ક્ષેત્રફળ ૨૩.૩ ચો. કિ.મી. છે. અનેક હિન્દી ફિલ્મો અને વિવિધ ટીવી સિરિયલોના શૂટીંગથી અહીંના ઐતિહાસિક મહેલો અને કિલ્લાઓ ધમધમતા રહે છે. જયપુર શહેરનાં મકાનોની દિવાલો ગુલાબી પથ્થરની બનેલી હોવાથી તે “ગુલાબી નગર” કે પીન્ક સીટીના નામે પણ પ્રખ્યાત છે. એશિયાનું પ્રથમ નંબરનું વૈભવી ‘રાજમંદિર’ થિયેટર અહીં જ આવેલું

# યાત્રા સૃષ્ટિ

છે. જયપુર અને તેની આસપાસ અનેક દર્શનીય સ્થળો આવેલા છે.

**હવા મહેલ :** હવા મહેલ જયપુરનું સર્વોત્તમ સ્થાપત્ય સ્મારક છે. મુખ્ય રાજમાર્ગ પર આવે આ વિશાળ અને રમણીય મહેલ સ્થાપત્ય કલાનો ઉત્તમ નમુનો છે. પાંચમાળ ઊંચા આ મહેલમાં દીવાને આમ અને દીવાને ખાસના વિશાળ સભામંડપ આવેલા છે. હાલ આ મહેલમાં પ્રવેશ બંધ છે. પર્યકટો બસમાં બેઠા બેઠા જ આ મહેલની ભવ્યતા જોઈ શકે છે.

**સીટી પેલેસ :** જયપુરની મધ્યમાં આવેલ આ મહેલ વિશાળ વિસ્તારમાં પથરાયેલ છે. મોગલ અને રાજસ્થાની શૈલીના સ્થાપત્યના નમુનારૂપ આ મહેલમાં બીજા અનેક મહેલો છે. હાથીદાંત અને પીતળના વિશાળકાય દરવાજા અને ભવ્યતાનું પ્રતીક છે. આ મહેલમાં મ્યુઝિયમ પણ આવેલું છે.

**જલ મહલ :** વિશાળ સરોવરના મધ્યમાં આવેલ આ ભવ્ય મહેલમાં શાહી પરિવાર ઉનાળામાં નિવાસ કરતો. પાણીના તરંગોમાં મહેલનું પ્રતિબિંબ અત્યંત આકર્ષક લાગે છે. અત્યારે તો પાણી વગરનો આ જલમહલ સુકો મહેલ બની ગયો છે.

**જંતર મંતર :** સીટી પેલેસ પાસેજ આવેલી આ એક વેધશાળા છે. નક્ષત્રો અને ગ્રહોની જાણ મેળવવા માટે આ વેધશાળા ૧૭૨૮માં મહારાજા જયસિંહે બંધાવી હતી.

**બીરલા ટેમ્પલ :** ઊંચાઈ પર વિશાળ પ્રાંગણમાં બીરલાગ્રુપ દ્વારા આરસના આ મંદિરમાં રાધા કૃષ્ણની મૂર્તિ અને મંદિરના પ્રાંગણમાં ભગવાન શિવની પ્રતિમા છે. મંદિર ભવ્ય અને વિશાળ છે.

**રાજમંદિર સિનેમા :** એશિયા ખંડનું આ પ્રથમ નંબરનું સિનેમા ગૃહ છે. સિનેમાગૃહની અંદરનું દશ્ય કોઈ ભવ્યાતિભવ્ય રાજમહેલ જેવું છે. કાચના વિશાળ ઝુમ્મર, મખમલી ગાલીચા, દીવાલોમાં કોતરણી અને દીવાલોમાં રેલાતી રોશની વિ.રાજાશાહી વૈભવની યાદ અપાવે છે. જયપુર ગુજરાતી સમાજની નજીક આવેલા આ સિનેમામાં પર્યટકો અવશ્ય પિક્ચર જોવા જાય છે.

**આમેર પેલેસ :** જયપુરથી ૧૧ કિમી. દૂર જયપુર- દિલ્હી રસ્તા પર આવેલો આ પેલેસ રાજપુત શિલ્પકલાનો શ્રેષ્ઠ નમૂનો છે. મહેલનું પ્રવેશદ્વાર સંસારનું સર્વશ્રેષ્ઠ પ્રવેશદ્વાર છે. પહાડ નીચે સરોવરમાં પડતું પેલેસનું પ્રતિબિંબ મનલુભાવન છે. આ મહેલ બપોરના ૧ થી ૪ બંધ રહે છે.

**જયગઢનો કિલ્લો :** જયપુરથી ૧૪ કિમી. દૂર અરવલ્લીની પર્વતમાળાઓથી ઘેરાયેલો આ કિલ્લો તેની રહસ્યમયતા માટે સમગ્ર ભારતમાં પ્રખ્યાત છે. ત્યાં જવા માટે ૫ કિ.મી. ના ચઢાણ દરમ્યાન ૩૫ થી વધુ સર્પાકર વળાંક આવે છે. આ સમયે કોઈ હીલસ્ટેશન પર જઈ રહ્યા હોઈએ એવું લાગે છે. આ કિલ્લામાં ૫૦ ટન વજનની એક મહાકાય ‘જયબાણ’ તોપ રાખવામાં આવી છે. તોપ ફોડવા માટે એમાં ૧૦૦ કિગ્રા. દારૂગોળા ભરવો પડે છે. આ કિલ્લો સવારના ૧૦ થી સાંજના ૪.૩૦ સુધી ખુલ્લો રહે છે.

**નાહરગઢ કિલ્લો :** જયપુરથી ૧૩ કિમી દુર શહેરની ઉત્તરે એક ઊંચી ટેકરી પર જયસિંહ મહારાજાએ આ કિલ્લો બંધાવ્યો હતો. જેનો દેખાવ જયપુરના તાજ સમાન છે. યુદ્ધની દષ્ટિએ આ કિલ્લાનું ખૂબ જ મહત્વ હતું. આ કિલ્લા પરથી જયપુર સીટીનું અવલોકન કરવાનો આનંદ અનેરો છે.

**કનક વૃંદાવન :** આમેર જતાં રસ્તામાં ખીણોના કુદરતી સૌંદર્ય વચ્ચે કલાત્મક ગોળ છત્રીઓના સ્તંભ પર બનેલી જાળીઓ દેખાય છે. મંદિરની સામેજ ઉંચી દીવાલો વચ્ચે આવેલ ઈરાની ગાર્ડન પીકનીક માટેનું સુંદર સ્થળ છે. અહીં અનેક પિક્ચરના ગીતોના શૂટીંગ થાય છે.

**મુખ્ય શહેરોથી અંતર :**

- આગ્રા : ૨૨૩ કિમી.
- ચિત્તોડગઢ : ૩૨૦ કિમી.
- જોધપુર : ૩૪૩ કિમી.
- અજમેર : ૧૩૮ કિમી.
- બીકાનેર : ૩૨૧ કિમી.
- ખજૂરાહો : ૬૦૦ કિમી.
- દિલ્હી : ૩૦૦ કિમી.
- ગ્વાલીયર : ૩૪૭ કિમી.
- ભરતપુર : ૧૭૫ કિમી.
- આબુ : ૫૦૯ કિમી.
- નાથદ્વારા : ૩૨૦ કિમી.
- ઉદયપુર : ૩૭૪ કિમી.

## રાજસ્થાનનાં અન્ય જોવાલાયક સ્થળો

**નાથદ્વારા :** ઉદયપુરથી ૪૮ કિમી. દૂર નાથદ્વારા વૈષ્ણવોનું પ્રસિધ્ધ તિર્થ છે. વ્રજભૂમિની જેમ જ શ્રીનાજીની અહીં આરાધના થાય છે. મંદિરમાં દર્શનાર્થીઓની ભારે ભીડ રહે છે.

**અજમેર :** જયપુરથી ૧૩૨ કિ.મી. દૂર આવેલ અજમેર પહેલા અજયમેરૂ તરીકે ઓળખાતુ ખ્વાજા શરીફની દરગાહના દર્શને અહીં દેશભરના મુસ્લિમો આવે છે.

**પુસ્કર :** અજમેરથી ૧૧ કિ.મી. દૂર નાગપર્વતની પાછળ આવેલ પુસ્કરમાં બ્રહ્માજીનું ભવ્ય મંદિર છે. અહીં એક વિશાળ સરોવર આવેલું છે. સરોવરમાં સ્નાનનું ધાર્મિક મહત્વ છે.

**જેસલમેર :** બીકાનેરથી ૩૩૦ કિ.મી. અને જોધપુર થી ૨૯૦ કિ.મી. દૂર રણ વિસ્તારમાં જેસલ મેર પહેલા અત્યંત દૂર્ગમ ગણાતું હતું. ચોમેર રેતીના ઢૂવાઓ વચ્ચે જેસલમેરનો કિલ્લો આવેલો છે.

**ચિતોડગઢ :** અજમેરથી ૧૮૨ કિ.મી. અને ઉદેપુરથી ૧૧૫ કિ.મી. દૂર આવેલા ચિતોડગઢમાં જેટલા જંગ ખેલાયા એટલા જંગ વિશ્વમાં ભાગ્યેજ કોઈ ગઢ પર ખેલાયા હશે. ૧૮૦ મી. ઊંચી પહાડી પર આવેલો અને ૭૦૦ એકર જમીનમાં ફેલાયેલો આ કિલ્લો અજોડ છે. આ ગઢ આજે પણ શૌર્યની ગાથા સંભળાવે છે.

(અનુ. પેઈજ ૩૨ ઉપર)

# યુવા સૃષ્ટિ



**યુવાનોના પ્રેરણાસ્રોત**
**સ્વામી વિવેકાનંદ**

## વર્તમાન પીડા

# પુનરુદ્ધારનું કાર્ય અને કાર્યકર્તા

**હે ભારત!**

પારકાના આ અનુકરણ વડે, પરકીયોના આ અધમ અનુકરણ વડે, આ પરતંત્રતા વડે... માત્ર આ સામગ્રી વડે સંસ્કૃતિના અને મહાનતાના ઉચ્ચતમ શિખરોને તું સર કરી શકીશ ખરો ? શૂરવીર અને ઉદાત્ત માટે જ યોગ્ય એવા સ્વાતંત્ર્યને આ શરમજનક નિર્માલ્યતા દ્વારા તું પ્રાપ્ત કરી શકીશ ખરો ?

**હે ભારત!**

ભૂલીશ નહિ કે તારો સ્ત્રીત્વનો આદર્શ છે સીતા, સાવિત્રી, દમયંતી. ભૂલીશ નહિ કે તારા પૂજનીય દેવ છે યોગીઓના પણ યોગી ઉમાપતિશંકર. ભૂલીશ નહિ કે તારો સંસાર, તારી સંપત્તિ કે તારું જીવન ઈન્દ્રિયસુખ માટે નથી, વ્યક્તિગત સુખ માટે નથી.

ભૂલીશ નહિ કે માતૃભૂમિની યજ્ઞદેવી માટેની આહુતિ તરીકે જ તારો જન્મ થયો છે. ભૂલીશ નહિ કે તારી સમાજવ્યવસ્થા અનંત અને સર્વવ્યાપી માતૃત્વનું પ્રતીક છે. ભૂલી નહિ કે નીચલા વર્ણના લોકો, અજ્ઞાની, દરિદ્ર કે અભણ, મોચી કે ભંગી : બધાં જ તારાં રક્તમાંસ છે, તારાં ભાઈઓ છે.

હે વીર! દઢ બન, હિમ્મત ધારણ કર. તું ભારતવાસી છે એનું અભિમાન ધારણ કર અને ગર્વભેર પુકાર, 'હું ભારતવાસી છું, હરેક ભારતવાસી મારો ભાઈ છે.' કહે, "અભણ કે ગરીબ અને સાધનહીન, બ્રાહ્મણ કે શુદ્ર સહુ ભારતવાસી મારા ભાઈઓ છે."

કેડે લંગોટીભેર રહીને પણ ગર્વભેર ઊંચામાં ઊંચા સાદે પુકારજે; "ભારતવાસી મારો ભાઈ છે, ભારતમાતા મારું જીવન છે. ભારતના દેવદેવીઓ મારા ઈષ્ટ છે. મારું બાળપણનું પારણું, મારા યૌવનનું વિહાર - ઉપવન, મારી વૃદ્ધાવસ્થાનું પવિત્ર સ્વર્ગ-કાશી-ભારતનો સમાજ છે."

બંધુ કહેજે; "આ ભારતની ભૂમિ જ મારું ઉચ્ચત્તમ સ્વર્ગ છે, ભારતનું કલ્યાણ એ જ મારું કલ્યાણ છે." અને વારંવાર રટજે તથા દિનરાત પ્રાર્થના કરજે કે, "હે ગૌરીપતિ! જગત માતા! મારામાં પુરુષત્વ ભરી દો, હે શક્તિમાતા! મારી અશક્તિઓને હરી લો, મારા અપૌરુષને હરી લો અને મને પૌરુષવંત બનાવો!"

**પુનરુદ્ધારના કાર્યક્ષેત્રમાં પ્રવેશનારને**

શારીરિક શક્તિથી ભારતનો ઉદ્ધાર નહિ થાય; એનો ઉદ્ધાર તો થશે આત્માની તાકાતથી. એનો ઉદ્ધાર વિનાશ ધ્વજ લહેરાવવાથી નહિ થાય; એનો ઉદ્ધાર તો થશે શાંતિ અને પ્રેમનો ધ્વજ ફરકાવીને સંન્યાસીની કંથા ધારણ કરીને.

તમારા દિલમાં સૂતેલા દિવ્યત્વને જગાડો. ભૂખ અને તરસ સહન કરવા એ તમને શક્તિ આપશે; ગરમી ને ઠંડી વેઠી લેવા બળ આપશે; વૈભવશાળી મહાલયોમાં બેસવું, જીવનની સુખસામગ્રીમાં ડૂબી જવું અને થોડીક ધર્મ વાનગી પીરસવી એ અન્ય દેશો માટે ઠીક લેખાતું હશે! બાકી ભારતની પ્રેરણા તો કોઈ અનોખી જ છે. સ્વયંપ્રેરણાથી જ એ બનાવટી મહોરાને પકડી પાડે છે. તમારે એનો ત્યાગ કરવો પડશે. **મહાન બનો, કોઈપણ મહાન કાર્ય બલિદાન વિના સિદ્ધ થતું નથી.**

તમારા વૈભવવિલાસો જતા કરો; તમારાં સુખો, તમારી નામના, કીર્તિ યા પદવી તમારું જીવન પણ ન્યોછાવર કરો; માનવસાંકળનો એક પુલ બનાવી દો એટલે એ દ્વારા કરોડો જીવનસાગર ઓળંગી જાય. કલ્યાણનાં સર્વ પરિબળો સંગઠિત કરો. ક્યા ધ્વજ નીચે તમે આગેકૂચ માંડો છો એની પરવા ન કરો; ભલે એ નીલવર્ણો, ભૂરો કે લાલ હોય. એ બધા જ રંગોનું મિશ્રણ કરી દો. શ્વેત રંગનો પ્રકાશિત ચમકાર પ્રગટ કરો. એ જ પ્રેમનો રંગ છે. આપણે કર્તવ્ય કરી છૂટવાનો છે, ફલપ્રાપ્તિ આપોઆપ થશે.

હું ભાવિમાં દષ્ટિપાત કરતો નથી. હું એ જોવા પણ માગતો નથી. પરંતુ એક આબેહુબ જીવંત દશ્ય હું જરૂર જોઈ રહ્યો છું. આપણી પ્રાચીન માતા ફરી એકવાર જાગ્રત થઈ છે. પોતાના સિંહાસન ઉપર પુનઃ યૌવન પ્રાપ્ત કરીને વિરાજી છે. અગાઉ કરતાં એ અનેક ગણી પ્રભાવિત જણાય છે. શાંતિ અને આશીર્વાદના સ્વરથી સમગ્ર જગતમાં એની ઘોષણા કરો.

**પ્રેમ દુર્ગમમાં દુર્ગમ દ્વાર ખોલી નાખે છે**

**પ્રેમ અશક્યમાં અશક્ય દરવાજા ખુલ્લા કરી દે છે. પ્રેમ વિશ્વના તમામ રહસ્યોનું સિંહદ્વાર છે.** માટે મારા ભાવિ સુધારકો ! ભાવના રાખતાં શીખો. ભાવિ દેશભક્તો ! તમારા દિલમાં ભાવના છે ? દેવતાઓ અને ઋષિઓનાં કરોડો સંતાનો પશુત્વને આરે આવીને ઊભાં છે એમ તમને લાગે છે ? યુગોથી કરોડો ભૂખે મરતા આવ્યા છે એ વાતથી તમને દુઃખ થાય છે ? આ સમગ્ર દેશ પર અજ્ઞાન શ્યામ વાદળીની પેઠે ફરી વળ્યું છે એ વાત તમને સમજાય છે ? એથી તમારો જીવ બેચેન બને છે? એથી તમારી નીંદ્રા ઊડી જાય

છે? તમારા દિલમાં આ વાત સોંસરી ઊતરી ગઈ છે? તમારી રગેરગમાં વ્યાપી ગઈ છે ? તમારા હૈયાના ધબકારા સાથે એકતાન બની ચૂકી છે ? એથી તમે પાગલ જેવા બની ગયા છો? પતનના દર્દની પેલી એક વાતે તમારા હૈયામાં ઘર કર્યું છે? તમારી નામના, પદવી, કીર્તિ, પત્ની, સંતાનો, માલમિલકત, અરે ! તમારા દેહનું પણ તમે ભાન ભૂલી ગયા છો?

ઊંડી સહાનુભુતિ-અગ્રિમ આવશ્યકતા

હંમેશ માટે ગરીબાઈ અને અજ્ઞાનમાં ખૂંપી ગયેલાં વીસ કરોડ નરનારીઓ માટે કોને હમદર્દી ઉત્પન્ન થાય છે?

એ પણ માનવી છે એ વાત પણ તેઓ વિસરી ગયા છે. પરિણામે ગુલામી આવી છે. છેલ્લા થોડાક વિચારવંત લોકોની નજરે આ વાત આવી છે, પરંતુ કમનસીબે એનું દોષારોપણ એમણે હિંદુ ધર્મને દ્વારે મૂકી દીધું છે, એમને મન જગતના આ તેજોજ્જવલ ધર્મને દાબી દેવામાં જ શ્રેયનો માર્ગ દેખાય છે. જરા સાંભળો ! પ્રભુકૃપાથી મને એનું રહસ્ય સમજાયું છે. એમાં ધર્મનો બિલકુલ દોષ નથી.

ઊલટું, તમારા ધર્મે તો તમને શીખવ્યું છે કે પ્રત્યેક જીવ તમારો જ આત્મા છે. બાકી વ્યવહારુ ઉપયોગ, વ્યવહારુ હમદર્દીએ દિલની જ ઊણપ છે. પ્રભુએ ફરી એકવાર બુદ્ધ તરીકે અવતાર લીધો અને તમને ભાવનાશીલ બનતાં શીખવ્યું. ગરીબો દુઃખી અને પાપી પ્રત્યે હમદર્દી દાખવવા કહ્યું. પરંતુ તમે એમની વાત પર ધ્યાન આપ્યું નહિં. હિંદુ ધર્મની પેઠે પૃથ્વીના પટ પરનો બીજો કોઈ પણ ધર્મ આટલી ઊંચી કક્ષાએ માનવગૌરવ શીખવતો નથી.

એક દાક્તરના હૈયાથી સેવા કરો

હતાશ ન થશો. ભગવાને ગીતામાં જે ગાયું છે તે યાદ રાખજો.

**कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन**

(ગીતા ૨-૪૭)

'કર્મ કરવાનો જ તમારો અધિકાર છે, ફળ સામે જોવાનું નથી.' તૈયાર થાઓ. પ્રભુએ મને આ જ આદેશ દીધો છે. વિઘ્નસભર અને ત્રાસપૂર્ણ એવા સમગ્ર જીવનમાં હું રગદોળાયો છું. ખૂબ જ નજીકનાં સગાંવહાલાંને મેં કેવળ ભૂખમરાથી હરિશરણ થતાં દીઠાં છે. મારો તુચ્છકાર થયો છે. મારો વિશ્વાસ રાખ્યો નથી. ધિક્કારને અપમાન વરસાવતા મનુષ્યો પ્રતિ હમદર્દી દાખવવાથી મેં સહન કર્યું છે. આ તો દુઃખની શાળા છે. એ મહાત્મા અને પયગમ્બરોની પણ શાળા છે. ત્યાં એ હમદર્દી, ધૈર્ય અને વધારે તો, આપણી નજર આગળ વિશ્વ ઉથલપાથલ થઈ જાય છતાં ડગે નહિ એવી અપ્રતિહત લોખંડી ઈચ્છાશક્તિ કેળવવાના પાઠ એ ભણે છે.

મને એમની દયા આવે છે. એમાં એમનો દોષ નથી. એ બાળક છે. અરે ! સાવ નાદાન બાળક છે, ભલે સમાજમાં એ મહાન ને ઊંચા લેખાતા હોય, ખાવું, પીવું, કમાવું, પ્રજોત્પત્તિ કરવી અને ગાણિતિક ચોક્સાઈથી એકબીજાનું અનુકરણ કરવું. આદિની થોડીક વારની નાનકડી ક્ષિતિજ પાર તેઓ કાંઈ જ જોઈ શકતા નથી. નાનકડા સુખી જીવો! તેઓ એથી વધુ કશું જ જાણતા નથી, એમની ઊંઘ કદી ઊડતી નથી.

સદીઓના દમનને પરિણામે ભારતીય વાતાવરણમાં ગરીબાઈ, હીણપત, દુઃખ ને દર્દના આક્રંદોથી એમના જીવનના સુંદર નાનકડા અભ્યાસ-ખંડોમાં કદીયે ખલેલ પડી નથી. શારીરિક, માનસિક અને નૈતિક જુલ્મોએ ઈશ્વરની પ્રતિમાને કેવળ માલવાહક પશુની કક્ષાએ મૂકી દીધી છે. માતાના દૈવી પ્રતીકને માત્ર પ્રજોત્પત્તિ માટે ગુલામ બનાવી મૂક્યું છે અને ખુદ જીવનને શાપરૂપ મનાવ્યું છે : એ યુગોનું મને ભાગ્યે જ શમણું આવે છે.

પ્રત્યેક નૈતિક મહાત્વાકાંક્ષાઓ પ્રતિ નિર્લેપ, પ્રત્યેક ભાવિ શક્યતાઓ પ્રતિ અજ્ઞાત અને એમનું જ કલ્યાણ કરવા પ્રયત્ન કરનાર પણ હંમેશા કૂદી પડવા તૈયાર એવી મૃત્યુને આરે ઊભેલી આ જનતામાં તમે પ્રાણસંચાર કરી શકશો? લાતો મારી વિરોધ દાખવતા બાળકના ગળામાં દવા રેડવા પ્રયત્ન કરનાર વૈદ્યનું સ્થાન તમે લઈ શકશો?

જાપાનમાં મેં એક વાત સાંભળી હતી. એમની ઢીંગલીઓને કોઈ શુદ્ધ અંતઃકરણથી ચાહે તો તેમાં અવશ્ય પ્રાણસંચાર થાય છે એવી જાપાનની છોકરીઓની માન્યતા છે. જાપાની છોકરી પોતાની ઢીંગલીને કદી ભાંગી નાખતી નથી. અહો મહાભાગ ! ભારતના લોકો પર શ્રીમંતાઈની કૃપા નથી ઉતરી, એમના દમનનો પાર નથી, તેઓ હંમેશ એમને ખરા અંતઃકરણથી ચાહે તો ભારતમાં પણ પુનઃ પ્રાણસંચાર થાય એમ હું પણ માનું છું. હજારો ઉદાર નરનારીઓ જીવનના વૈભવવિલાસો માણવાની સઘળી ઈચ્છા છોડી દે અને નિરાધારતા અને અજ્ઞાનની ગર્તામાં ધીમે ધીમે ઊંડાને ઊંડા ઊતારતા જતા પોતાના કરોડો દેશબંધુઓ માટે પોતાનાથી બનતું કરી છૂટવા તૈયાર થશે તો જ ભારત જાગશે.



**ડો. દિવાકર જૈન**
લેખક ભારતના અગ્રગણ્ય લીવર ટ્રાન્સપ્લાન્ટ સર્જન છે
તથા અનેક ગણમાન્ય પારિતોષિકોથી વિભૂષિત છે.
શેલ્બી મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ, અમદાવાદ ખાતે સેવારત છે.

# લિવરની વાત : આશાથી આરોગ્ય સુધી

નિરોગી જીવન જીવવાની આશા મનુષ્યમાત્રને હોય છે. ૪૫ વર્ષના ભરતભાઈને જમીનની લે-વેચનો વ્યવસાય. ધીકતો ધંધો અને પુષ્કળ કમાણીની સાથે મોટા-મોટા બિલ્ડરો અને વેપારીઓ સાથે દરરોજ ઉઠક-બેઠક થાય રાત-દિવસ ધંધામાં ખુંપેલા ભરતભાઈને તેમના વ્યવસાયી મિત્રવર્તુળમાંથી કેટલાંક વ્યસની મિત્રોનો સંગ મળ્યો અને, ભરતભાઈને દારૂ-સિગારેટના રવાડે ચઢતા વાર ન લાગી. પછી તો દારૂ પીવાનો સિલસિલો વધતો ચાલ્યો અને ભરતભાઈ રાત્રિ-દિવસનું સમયભાન ભૂલીને વ્યસનના વિષચક્રમાં ફસાતા ચાલ્યા.

આર્થિક પાયમાલી સાથે શારીરિક અધોગતિ તરફ ભરતભાઈનું જીવન આગળ વધ્યું. દારૂના અતિશય સેવનને કારણે ભરતભાઈનું વજન અત્યંત વધી જવા પામ્યું. ઉપરાંત, તેમને સતત થાક લાગતો. સામાન્ય સંજોગોમાં પણ ભરતભાઈ અસ્વસ્થતા અનુભવતા. ઉક્ત ફરિયાદોને કારણે તેઓ શેલ્બી મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ ખાતે હેલ્થ ચેક-અપ કરાવવા માટે આવ્યા.

હેલ્થ ચેક-અપ દમ્યાન ભરતભાઈના લોહીના રિપોર્ટમાં લીવરના એન્ઝાઈમ્સનો અસાધારણ વધારો જણાતાં તેમને અલ્ટ્રાસાઉન્ડ (USG) માટે લેવામાં આવ્યા. તમામ પરીક્ષણોને અંતે ભરતભાઈને ફેટી લીવર નામના રોગનું નિદાન થયું.

દારૂના અતિશય સેવનને કારણે ભરતભાઈનું લીવર (યકૃત) હવે જવાબ આપી રહ્યું હતું. ઉપરાંત, દારૂ સાથે લેવામાં આવતો તળેલો ખોરાક, બહારનું ભોજન વિગેરે તેમના નિત્યક્રમનો એક ભાગ થઈ ગયો હતો. ભરતભાઈના લીવરને ગંભીર નુકસાન થઈ ચૂક્યું હતું. જો સમયસર લીવરની સારવાર કરાવવામાં ન આવે તો શરીરના બીજા અવયવોને પણ જોખમ ઉભું થાય તેમ હતું તેમજ, ભવિષ્યમાં તેમને લીવર ટ્રાન્સપ્લાન્ટ કરાવવાની પણ જરૂરિયાત ઉભી થઈ શકે તેમ હતી.

આથી, તત્કાલ ભરતભાઈની સારવાર શરુ કરવામાં આવી. લીવરના કાર્યને ચાલુ રાખવા માટે દવાઓ તથા તેની કાર્યક્ષમતા વધુ સારી અને સુદ્રઢ બને તે માટે અન્ય વિશિષ્ટ દવાઓનો સમાવેશ કરવામાં આવ્યો. ફક્ત દવાઓથી ભરતભાઈની સારવાર સંપૂર્ણ થઈ શકે તેમ નહોતી. તેમની જીવનશૈલીમાં આમૂલ પરિવર્તન આણવું અત્યંત આવશ્યક હતું.

સૌ પ્રથમ ભરતભાઈને દારૂને સેવન બિલકુલ બંધ કરાવવામાં આવ્યું. તેની સાથે સાથે અત્યંત તળેલા અને પ્રોસેસ્ડ ખોરાક વગેરે જેવા તામસિક આહારને તિલાંજલિ આપવામાં આવી. ઋતુઅનુસાર બજારમાં ઉપલબ્ધ ફળફળાદિ, શાકભાજી, અનાજ-કઠોળ વગેરે સહિતની પોષણયુક્ત આહારચર્યા અપનાવવામાં આવી. શારીરિક સાથે માનસિક સ્વસ્થતાને ધ્યાને લઈ ભરતભાઈ માટે એક સુનિયોજિત વ્યાયામ પદ્ધતિ અપવનાવવામાં આવી કે જેમાં સવાર-સાંજ વ્યાયામ સાથે ધ્યાનનો સામવેશ થતો હોય.



નૉર્મલ લીવર



લીવર(યકૃત)ના સ્વાસ્થ્યને નુકસાનકારક ખોરાક

ઉપરોક્ત ફેરફારો પોતાના જીવનમાં આણવા માટે ભરતભાઈ પહેલાં તો તૈયાર ન થયા પરંતુ, તેમાં શેલ્બી ઈન્સ્ટિટ્યુટ ઑફ રિહેબિલિટેશન સાયન્સિસ (SIRS) ની ટીમ કામે લાગી. ભરતભાઈના પરિજનો, ડૉક્ટરો, મનેચિકિત્સક અને મનોવિજ્ઞાનીની અથાગ મહેનતથી ભરતભાઈના જીવન અને સ્વાસ્થ્યની ગાડી ફરી પાટા ઉપર આવી.

મિત્રો, લીવર(યકૃત) આપણા શરીરનું એક એવું અંગ છે, જે રાત-દિવસ અવિરતપણે કાર્ય કરે છે. આપણે જે કંઈ ખોરાક લઈએ છીએ તેને ફિલ્ટર કરે છે અર્થાત ગાળે છે. ઉપરાંત શરીરને જોઈતા મહત્વપૂર્ણ પ્રોટીન્સ પણ બનાવે છે અને આપણને જીવંત રાખે છે. આથી જ આપણું લીવર (યકૃત) આપણા શરીરનું પાવરહાઉસ કહેવાય છે.

લીવરના કાર્યો અદ્‌ભુત છે પરંતુ, આપણું ધ્યાન ભાગ્યે જ તે તરફ જાય છે કારણ કે, આપણને સૌને જે કાર્ય શાંતિથી અને આપમેળે થતું હોય તેની કદર હોતી નથી. જ્યારે લિવરનું કાર્ય ખોરવાય અને તેને કારણે શરીરની સમગ્ર વ્યવસ્થામાં ઉથલ-પાથલ સર્જાય ત્યારે આપણને તેનું મહત્વ સમજાય છે પરંતુ, ત્યારે ઘણું જ મોડું થઈ ગયું હોય છે.

એક સિનિયર લીવર ટ્રાન્સપ્લાન્ટ સર્જન તરીકે, હું આ અંગની અદ્‌ભુત કાર્યક્ષમતાનો સાક્ષી રહ્યો છું તો બીજી બાજુ, જ્યારે તે ક્ષતિગ્રસ્ત થાય અને કાર્ય કરવાનું બંધ કરે ત્યારે તેના વિનાશક પરિણામો પણ મેં પ્રત્યક્ષ જોયા છે. ભરતભાઈની ઉક્ત ઘટના પરથી આપણે જાણ્યુ કે આપણા શરીરમાં રહેલ લીવર (યકૃત) કેટલું મહત્વપૂર્ણ અંગ છે. (૧) તેને જોખમમાં મૂકી શકે તેવા પરિબળો ક્યા ક્યા છે? (૨) અને સૌથી અગત્યનું કે આપણે તેને આજીવન કેવી રીતે સુરક્ષિત રાખી શકીએ.

આપણું લીવર એક અત્યંત કાર્યક્ષમ ડિટોક્સ પ્લાન્ટ છે, જે આપણા શરીરને ડીટોક્સ કરવાનું કાર્ય કરે છે. આપણા શરીરમાં ખાવા, પીવા અને શ્વાસોશ્વાસ દ્વારા શરીરમાં દાખલ થતાં ઝેરી પદાર્થોને લીવર નિષ્ક્રિય કરે છે અને દૂર કરે છે. ઉપરાંત, આપણા આહારમાંથી ચરબી, કાર્બોહાઈડ્રેટ્સ અને પ્રોટીનને પ્રક્રિયા દ્વારા ઊર્જા અને આવશ્યક બિલ્ડીંગ બ્લોક્સમાં રૂપાંતરિત પણ કરે છે, જે આપણા શરીરને કાર્ય કરવા માટે આવશ્યક છે. લીવર પિત્ત ઉત્તપન્ન કરે છે, જે ચરબીને તોડવા અને વિટામિન્સને શોષવા

# આરોગ્ય સૃષ્ટિ




માટે અત્યંત જરૂરી છે. ઉપરાંત, તે શરીરને આવશ્યક પોષક તત્વો બનાવવાનું કારખાનું તો છે જ પરંતુ, લીવર એક અત્યાધુનિક સ્ટોરેજ યુનિટ પણ છે. લીવર છ, ઢ, ઈ, દ્ધ અને મ૧૨ જેવા મહત્વપૂર્ણ વિટામિન્સ તેમજ આયર્ન જેવા મહત્વપૂર્ણ ખનિજોનો સંગ્રહ કરે છે. આપણા શરીરમાં લોહીના ગંઠાવા, રોગપ્રતિકારક શક્તિ અને શરીરમાં પ્રવાહી સંતુલન જાળવવા માટે જરૂરી મહત્વપૂર્ણ પ્રોટીન બનાવે છે. આપણું લીવર ૫૦૦ થી વધુ મહત્વપૂર્ણ કાર્યો કરે છે. ટૂંકમાં, સ્વસ્થ લીવર (યકૃત) વિના, આપણા શરીરના અન્ય કોઈ અવયવો યોગ્ય રીતે કાર્ય કરી શકતા નથી. આમ, લીવર આપણા સર્વાંગીણ સ્વાસ્થ્યનો અદ્રશ્ય રક્ષક છે.

લીવર (યકૃત) દ્વારા થતાં કાર્યો વિશે સમજણ મેળવ્યા બાદ, તેને નુકસાન પહોંચાડતા પરિબળો વિશે પણ સમજવું અત્યંત જરૂરી છે. સામાન્ય સંજોગોમાં આપણા લીવરની રચના અને પ્રક્રિયા ઘણું જ અનુકૂલન સાધે તે મુજબની હોય છે. તે અનેક પ્રકારના ઝેરી પદાર્થોને ગાળીને નિષ્ક્રિય બનાવે છે પરંતુ, તેનાથી એમ સમજી લેવું કે લીવરને ક્યારેય નુકસાન પહોંચતું નથી એમ માનવું અત્યંત ભૂલ ભરેલું છે. આપણું લીવર ક્ષતિગ્રસ્ત પણ થઈ શકે છે પરંતુ, તેની ખબર આપણને ખૂબ મોડી પડતી હોય છે. વિપરીત સંજોગોમાં પણ શક્ય હોય ત્યાં સુધી આપણું લીવર અનુકૂલન સાધવાના પૂરતા પ્રયત્નો કરે છે તથા ક્ષતિગ્રસ્ત થયા બાદ પણ કાર્યાન્વિત રહે છે. જેના કારણે લીવરમાં થઈ રહેલ નુકસાનીનું પ્રમાણ સતત વધતું જાય છે અને એક તબક્કે પહોંચ્યા બાદ તેના લક્ષણો દેખાય છે પરંતુ, કેટલાંક કિસ્સાઓમાં આ નુકસાન એટલું ગંભીર અને ન બદલી શકાય તેવું થઈ જાય છે કે જેને કારણે તેમને લીવર ટ્રાન્સપ્લાન્ટ વિશે વિચારવું પડે છે.

ફેટી લીવર, આલ્કોહોલિક લીવર, હિપેટાઈટીસ બી, હિપેટાઈટીસ સી જેવા રોગો તેમજ ઓટોઈમ્યુન લીવર રોગો સહિત દવાના ઓવરડોઝને કારણે તથા કેટલાંક કિસ્સાઓમાં આનુવંશિક વિકૃત્તિઓને કારણે પણ લીવર ક્ષતિગ્રસ્ત થાય છે.

મિત્રો, આપણે લીવરને ક્ષતિગ્રસ્ત કરતાં કારણો વિશે જાણકારી મેળવી પરંતુ, સૌથી મહત્વનું પાસું છે આપણા લીવરને સ્વસ્થ રાખવાનું. લીવર ટ્રાન્સપ્લાન્ટ સર્જન તરીકે મારા વર્ષોના અનુભવનો નિચોડ જો કાગળ પર ઉતારું તો નીચે દર્શાવેલ સ્વસ્થ જીવન માટે સાત સરળ પગલાં આપણે સૌએ અપવનાવવા જ રહ્યાં.

૧. શરીરનું યોગ્ય વજન જાળવો. તેના માટે ફળો, શાકભાજી, અનાજ અને કઠોળથી ભરપૂર સંતુલિત આહાર લો. પ્રોસેસ્ડ ફૂડ્સ, જંક ફુડ્સ ખાંડવાળા ઠંડા-પીણાં, વારંવાર તળાતા તેલમાં તળેલો ખોરાક, કેક, પ્રેસ્ટીઝ, બિસ્કીટ્સ વિગેરે જેવા ખોરાકને અત્યંત મર્યાદિત માત્રામાં લો. દિવસ દરમ્યાન પુષ્કળ માત્રામાં પાણી પીવો. પાણી પીવામાં સહેજ પણ આળસ કરશો નહીં.

૨. દારૂનું સેવન છોડી દો.

૩. **હિપેટાઈટીસ-બી માટે** જો હજી સુધી રસીકરણ કરાવ્યું ન હોય તો સત્વરે રસીકરણ કરાવવું આ રસીકરણ તમને ગંભીર વાઈરલ ચેપથી રક્ષણ આપશે.

૪. સલામતીમાં જ સુરક્ષા છે. હિપેટાઈટીસ-સી તથા અન્ય રક્તજન્ય રોગોના સંક્રમણને રોકવા માટે પોતાના રેઝર, સોય અથવા ટુથબ્રશ અન્ય કોઈપણ વ્યક્તિઓને વાપરવા આપશો નહીં.

૫. જો કોઈપણ દવાઓ લેતાં હોવ તો ડૉક્ટરે લખેલ દવા મુજબ જ દવા લો. દવાનો ડોઝ ડૉક્ટરની સૂચના પ્રમાણે જ રાખો.

૬. નિયમિત વ્યાયામ કરો. શારીરિક પ્રવૃત્તિ તમને સ્વસ્થ વજન જાળવવામાં, ચયાપચય સુધારવામાં અને ફેટી લીવર રોગના જોખમને ઘટાડવામાં મદદ કરે છે. અઠવાડિયાના મોટાભાગના દિવસોમાં ઓછામાં ઓછી ૩૦ મિનિટ મધ્યમ પ્રકારના વ્યાયામ કરવાનું લક્ષ્ય રાખો.

૭. તમારા ડૉક્ટરની નિયમિત મુલાકાત લો. લીવરની સમસ્યાઓનું વહેલું નિદાન પરિણામમાં નોંધપાત્ર સુધારો લાવે છે.

મિત્રો, જ્યારે દર્દીના ગંભીર રીતે ક્ષતિગ્રસ્ત થયેલ લીવરને બચાવવાના તમામ પ્રયત્નો નિષ્ફળ જાય છે ત્યારે છેલ્લાં વિકલ્પ તરીકે લીવર ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવે છે. લીવર ટ્રાન્સપ્લાન્ટ સર્જન તરીકે મને અનેક દર્દીઓના જીવનને સ્પર્શવાનું અને તેમના જીવનની અવિશ્વસનીય યાત્રાઓના સાક્ષી બનવાનું સૌભાગ્ય મળ્યું છે. આથી, કહી શકાય કે **જીવન-મૃત્યુ વચ્ચે ઝોલાં ખાતા દર્દીને જીવન જીવવાનો બીજો મોકો આપે છે લીવર ટ્રાન્સપ્લાન્ટ.**

લીવર ટ્રાન્સપ્લાન્ટ એક જીવન રક્ષક વિકલ્પ છે. જ્યારે લીવર અત્યંત ગંભીર રીતે ક્ષતિગ્રસ્ત થઈ જાય અને તેના મહત્વપૂર્ણ કાર્યો કરી શકતું નથી. શક્ય તમામ દવાઓ-સારવારમાં જ્યારે સફળતા ન મળે ત્યારે આખરી ઉપાય તરીકે લીવર ટ્રાન્સપ્લાન્ટ (યકૃત પ્રત્યારોપણ)નું સૂચન કરવામાં આવે છે.

**લીવર ટ્રાન્સપ્લાન્ટ એક જટિલ પ્રક્રિયા છે.** આ પ્રક્રિયામાં રોગગ્રસ્ત લીવરને દૂર કરી તેને સ્વસ્થ લીવર દ્વારા બદલવામાં આવે છે. મોટેભાગે સ્વસ્થ લીવર, દર્દીના સગાં-સબંધી પાસેથી મેળવવામાં આવે છે જે મહદઅંશે સરળ પ્રક્રિયા છે કારણ કે, જીવંત અંગ-દાતાના કિસ્સામાં મેળવવામાં આવતા લીવરનો ફક્ત કેટલોક ભાગ જ કાઢવામાં આવે છે, જે ભાગ દાતાના શરીરમાં ફરીથી ઉગી નીકળે છે. ઘણીવખત, મૃત અંગ-દાતા પાસેથી પણ લીવર મેળવવામાં આવે છે.

જોકે આપણા સૌનો પ્રાથમિક ધ્યેય લીવરને ગંભીર નુકસાનથી બચાવવાનો હોવો જોઈએ કે જેથી સ્વસ્થ જીવન જીવી શકાય. હંમેશા યાદ રાખો કે તમારું લીવર એક અદ્રશ્ય હીરો છે, જે તમને સ્વસ્થ રાખવા માટે પડદા પાછળ રહીને અવિરતપણે કામ કરે છે. તેના મહત્વને સમજીને સરળ અને સક્રિય પગલાં લઈને, તમે શરીરના આ મહત્વપૂર્ણ અંગનું રક્ષણ કરી શકો છો અને એક સ્વસ્થ ભવિષ્યમાં પગરવ માંડી શકો છો. તો ચાલો, આપણે સૌ આપણા લીવરને યોગ્ય રીતે જીવનભર સાચવીએ.


મો. ૮૧૨૮૮૦૫૩૧૦

# આરોગ્ય સૃષ્ટિ



ડો. જિતેન્દ્ર અઢિયા (M.D.)
માઈન્ડ ટ્રેનર એન્ડ લાઈફ કોચ
ચેરમેનશ્રી - મોટીવેશનલ કમિટી - VUF

# સગર્ભાઅવસ્થા અને સ્તનપાન દરમ્યાન માતા અને આરોગ્ય

સગર્ભાવસ્થા અને સ્તનપાનનો સમય તે કોઈ પણ સ્ત્રીના જીવનમાં આવતા ખૂબ મહત્વના શારીરિક તબક્કા છે. તેથી જ આ તબક્કાઓમાં સ્ત્રીએ ખોરાક માટે ખૂબ સજાગ રહેવું જોઈએ. આ ઉપરાંત જો માતા દ્વારા પૂરતા અને યોગ્ય પ્રમાણમાં ખોરાક ન લેવામાં આવે તો બાળકનો શારીરિક અને માનસિક વિકાસ થઈ શકતો નથી. અથવા તો બાળક કોઈ ખોડ ખાંપણવાળું જન્મી શકે છે. અથવા ઓછું વજન ધરાવતું હોઈ શકે અથવા તેની રોગો સામે લડવાની શક્તિ ઓછી ધરાવતું હોય તેની શક્યતા ઘણી વધી જાય છે, પરંતુ જે સ્ત્રી સગર્ભાવસ્થા અને સ્તનપાન દરમ્યાન પોતાના આહાર પ્રત્યે સજાગ હોય છે, તે મોટેભાગે ઓછામાં ઓછી મુશ્કેલીઓ સાથે તંદુરસ્ત બાળકને જન્મ આપે છે. માટે તંદુરસ્ત બાળકના જન્મ માટે અને માતાની તંદુરસ્તી પણ જળવાઈ રહે તે માટે સગર્ભાવસ્થા અને સ્તનપાન દરમ્યાન સમતોલ આહાર ખૂબ જ જરૂરી છે. સમતોલ આહાર એટલે ખોરાક કે જેમાં અનાજ, કઠોળ, ફળ, શાકભાજી, દૂધ, ઘી, તેલ, ગોળ વગેરે જેવા બધા જ જરુરી પોષક તત્વો યોગ્ય અને પૂરતા પ્રમાણમાં હોય.

સામાન્ય રીતે સગર્ભવસ્થા પહેલાના મહિનાઓમાં ઉલ્ટી, માથું દુખવું અને ભૂખ ઓછી થવી વગેરે કારણોના લીધે માતા દ્વારા લેવાતા ખોરાકમાં સામાન્ય રીતે ઘટાડો થાય છે. પરંતુ આવા વખતે બાળકનો વિકાસ પણ માતામાંથી જ થતો હોવાથી સ્ત્રીના ખોરાકમાં થોડો વધારો જરૂરી છે. આ વધારો લગભગ તો સગર્ભાવસ્થામાં છ રોટલી ખાવી. ૧ ગ્સાલ દૂધના બદલે ૨ ગ્લાસ દૂધ લેવું. આમ પહેલેથી સંતુલિત અને યોગ્ય ખોરાક લેતી સ્ત્રી સગર્ભા બને ત્યારે પોતાના ચાલુ દૈનિક ખોરાકમાં ૧-૨ રોટલી, ૧ વાટકી કોઈપણ પ્રકારની દાળ અથવા કઠોળ, ૧-૨ ગ્લાસ દૂધ અને ૧-૨ ચમચી ગોળનો વધારો કરવો જોઈએ. સગર્ભાવસ્થામાં



વધારે પ્રમાણમાં દૂધ અથવા ઈંડા લેવા જ જોઈએ. જો ગરીબીના કારણે દૂધ ન મળી શકે તો કઠોળ, દાળ અને અનાજનું મિશ્રણ(ભેગા કરીને) જેમ કે દાળભાત, ખીચડી, રોટલો, દાળ-દહીંનું પ્રમાણ વધારવું જોઈએ. આ ઉપરાંત લોહીની ઉણપ થાય તે માટે કાળા તલ, બાજરી, મઠ, કાળી દ્રાક્ષ, ગોળ, ખજૂર ખારેક, પાલક, મેથી, લીલીભાજી રોજ ખોરાકમાં લેવા જોઈએ. આ ખોરાક સ્ત્રીમાં ઉત્પન્ન થતી લોહીની ઉણપ ઓછી કરવામાં અને આવનારા બાળકના લોહી અને હાડકાના વિકાસ માટે ખૂબ જરૂરી છે. ખુબ નબળું સ્વાસ્થ્ય ધરાવતી સ્ત્રીઓએ ડોક્ટરની સલાહ મુજબ ઉપરથી લોહતત્વ અને કેલ્શિયમની ગોળીઓ લેવી જોઈએ.

સ્તનપાન કરાવતી સ્ત્રીને ગુજરાતીમાં ધાત્રીમાતા કહે છે. ધાત્રી બહેનને સગર્ભાવસ્થા કરતાં વધુ ખોરાકની જરુર પડે છે. લગભગ ચોથા ભાગ (૨૫ ટકા)જેટલો ખોરાકમાં વધારો કરવાની જરૂર પડે છે. પોતાના સામાન્ય ખોરાકમાં સ્ત્રીએ બે ત્રણ રોટલી, એકથી બે વાટકી દાળ, એકબે ગ્લાસ દૂધ, બે ચમચી તેલ અને ગોળ તથા લીલા શાકભાજી અને તાજા ફળો પણ વધારે પ્રમાણમાં લેવા જોઈએ. એટલે કે આ બધો વધારો સામાન્ય ખોરાકમાં નિયમિત થવો જોઈએ. ૨ રોટલી વધારે ખાવાની તેવી જ રીતે બીજી વાનગીઓ પણ આગળ કહ્યા મુજબ વધારવી.

આમ ધાત્રી અવસ્થા દરમ્યાન ખોરાક વધારવો જોઈએ કારણ કે નવજાત બાળક માત્ર માતાના દૂધ પર જ આધાર રાખે છે. તેથી માતાના શરીરમાં દૂધ બનવા માટે અને તે પણ બધા પોષકતત્વો ધરાવતું હોય જેથી બાળકનો વિકાસ સારો થાય અને તે માટે માતાએ ખૂબ દૂધ પીવું જોઈએ. અથવા દૂધની અન્ય બનાવટો જેમ કે દહીં, માખણ વગેરેનો ઉપયોગ વધારે કરવો અને દૂધ ન મળે તો લીલા શાકભાજી, બાજરી, કઠોળ કે રાગી જેવા ધાન્ય, ખજૂર-ખારેક, તલ અને ફળોનો છૂટથી ઉપયોગ કરવો.

### બાળકો અને સમતલો આહાર

બાળકો આ શબ્દ સાંભળતા જ નજર સામે હસતા - રમતા ખીલેલા ફૂલો જેવા ચહેરાઓ આવી જાય છે. આ બાળકો જ આગળ જતા આપણા દેશના ભવિષ્યના ઘડવૈયા છે. અને તેથી તેઓ શારીરિક અને માનસિક રીતે મજબુત અને તંદુરસ્ત બને તે માત્ર માતા-પિતાની જ નહીં પરંતુ સમાજની પણ જવાબદારી છે. આથી તેમના પૂર્ણ વિકાસ માટે અને તેઓ કુપોષણનો ભોગ ન બને તે માટે સમતોલ આહાર બાળકોને આપવો તે ખૂબ મહત્વનું છે. કારણ કે અપૂરતા અને સંતુલિત ખોરાકના લીધે જ બાળકો અનેક રોગોનો ભોગ બને છે. અને તેમનો વિકાસ પણ પુરેપુરો થઈ શકતો નથી. આથી ચાલો આપણે આજે બાળકોના સમતોલ આહાર વિષે જાણીએ.

(અનુ. પેઈજ ૨૪ ઉપર)


Signature®
LUXURY FRAGRANCES
COCKTAIL
DEODORANT & EAU DE PARFUM
પ્રથમ વખત
એક જ DEO માં
દસ
ખુશ્બુ
Signature®
COCKTAIL
DEODORANT BODY SPRAY
200ml / 134g
લાંબા
સમય
સુધી ચાલે
~: Also available :~
EAU DE PARFUM
BAN® SINCE 1966
BAN LABS (P) LTD.
For Suggestions & Feedback Contact Manager - Customer Care: +91 84603 72121 consumer.care@banlab.com www.banlabs.com
MAD/DOM/SIG/CTL/DEO/0200/GUJ/01.001



**હીરજી ભીંગરાડીયા**
લેખક કૃષિ ક્ષેત્રના વરિષ્ઠ નિષ્ણાંત, અનુભવી
અને અનેક એવોર્ડ અને પારિતોષિકથી
વિભૂષિત થયેલ છે.

# ખેતીમાં બહેનોનું બળુકું યોગદાન

જે કુંવારકાએ ગયા ભવમાં પૂરા પૂજ્યા હોય એને જ જાતે ખેતી કરતો હોય તેવા ખેડૂતને ઘેર "ઘણિયાણી" થઈ આવવાનું સદભાગ્ય સાંપડે ! જે માટીડાને ઉગ્યાથી આથમ્યા સુધી જ કામ કરવું તેવો કોઈ મેળ નથી કે નથી નીમ, ટાઢ, તાપ કે ચાલુ વરસાદે કામ નહીં કરવું એવું ! નથી આવતો શનિ-રવિ કે રાષ્ટ્રીય તહેવાર જેવો કોઈ રજાનો વાર, કે નથી આવતી ૫૮ વરહની ઉંમરે નિવૃત્તિ ઉપર જવાની વાર્તા ! ખેડૂત હોય, એને વળી ઉંમર સાથે શી લેવા દેવા ? અરે, આંખે નેજવાં કરીનેય સામો શેઢો કે સીમ ભળાતાં હોય કે આડા-અવળા પડતાં કે ખચકાઈને ચાલતા પણ પગ, જ્યાં સુધી ઢસરડા કરતાંય અંતર કાપવાનું કામ કરતા હોય ત્યાં સુધી ઘરનાં બે-ચાર ઢોરાં ચરાવવાં કે મોલમાં પંખીડાં હોંકારવાં જેવા ખાસ કામો તો વૃદ્ધોએ જ સંભાળવાના હોય છે. "હવે અવસ્થા થઈ" તેવું માની લઈ સીમ-શેઢો છોડી ઘેર રોકાઈ રહેવાનું દુ:સાહસ કરી વાળે તો એને ખેડૂત કુટુંબના ગઢિયા કેમ? "વેપારી પેઢીએ અને ખેડૂત શેઢીએ", 'ઘર' અને 'સીમ' એવા ભેદભાવ ખેડૂત કુટુંબને વળી શા ?

**રેંજીપેંજીના કામ નથી :** ઢોર સાથે ઢોર અને ધૂળ સાથે ધૂળ થઈ જેણે જિંદગી જીવવાની છે, શારીરિક શ્રમમાં પરસેવે નીતરી જવું એ જેનો સ્વાભાવિક ક્રમ છે; એનાથી વધુ શારીરિક શ્રમ માપક યંત્ર હોય તો તેનો પારો ઊંચો ચડી યંત્ર તોડી નાખે ત્યાં સુધીનો શરીરશ્રમ કરવામાં પાછુવાળી જોતો નથી - તેવા ખેડૂત, ધરતીના ધીંગા છોરુની અર્ધાંગના કોઈ જેવી તેવી સ્ત્રી તો ન જ હોઈ શકે ને? એ પણ ધરતી સાથેની ધીંગી મહેનતના ધણીની સાથે રહી, કરવી પડતી મલ્લ જેવી મહેનતના હિસાબે કસાઈને, શરીરના બાંધે એવી બળિયાર બનેલી હોય છે કે એના ધણી કરતાં સહેજે ઉતરતું બળ પોતાને જ મંજૂર નથી તો !

એ તો હવે આ ચાંપ-બટન દબાવ્યા ભેળી મોટર ચાલુ થઈ, કૂવા-બોરમાંથી પાણી બહાર વહેવા માંડે છે. પહેલાં તો હતા પાણી ખેંચવાના કોસ ! "વહેલી સવારે મોં સૂજણું થતાં થતાં રાશ પધોરાઈ જવી જોઈએ, સાંતી-કોસ જવા જોઈએ" એવો ખેડૂત કુટુંબમાં વણલખ્યો હતો નિયમ ! સાંતી - કોસે હાલવાના હોય એ બળદિયાને પણ ખવરાવી - પીવરાવી, ધરાવી તૈયાર કરવાની ચિંતા પુરુષો કરતાં સ્ત્રીઓ જ વધારે કરતી.

આકાશમાં "છોકરાં ઢીબણિયું" તારોડિયું ઊગ્યા (વહેલી સવારના ચાર-સાડાચાર ક્લાક) પહેલાં ઊઠી જવાનું, ઢાંઢાને બે ત્રણ નીરણ ખવરાવી લેવાની, વાસીદું વાળી લઈ ઉકરડે પધરાવી દેવાનું, દૂઝાણાં દોહી લેવાનાં, છાશ ફેરવી વાળવાની, આખા ઘરના કપડાંની ધોણ્યનો ધબાલો - બપોર વચાળે બળદિયા નીરણ ખાઈ, બે ઘડી વાઘોલતા હોય ને 'માટીડો' જ્યારે તડકાની ભમર ભાંગવા બે ઘડી ઝોલે ગયો હોય ત્યારે "ધોઈ નાખશું" એવું નક્કી કરી, સાથે બાંધી લઈ, ધાવણા બચુડાને ઝટ ઝટ છાતીએ વળગાડી, પુરું પેટ ભરાણું ન ભરાણું - "રખડ્યા કરશે એ તો બાજરાના બિસ્કુટ દાબીને" એમ મનોમન વિચારી, ખેડૂત બળદિયાને ઘરમાં નાખે નાખે ત્યા તૈયાર થઈ હાલી નીકળે છે સીમ વગડાની વાટે હારોહાર !

અને ભાઈ ! ખેતી એ ધંધો છે ગજબની ભાત્યનો ! જેટલો હોય તેટલા બધા કામ કરવામાં જાય સમાઈ ! છોકરું, જુવાન, સ્ત્રી કે ઘરડું -બઢિયું, કુટુંબના હોય તેટલાં બધાં કામ કરે તોય તૂટો જ ! વરસના મહિના બાર, પણ ખેતીમાં કામ હોય સોળ મહિનાનું ! કેટલુંક ઊગ્યા પહેલાં અને બાકીનું આથમ્યા પછી ખેંચી કાઢે તોય ખેડૂતને કામ ક્યારેય ખૂટતું હોય તેવું કદિ બન્યું નથી. ખેતીનો પર્યાય જ જાણે કામ, કામ ને બસ કામ જ હોય એમ લાગે છે.

**વિશિષ્ટ કામોમાં પણ પ્રવીણતા :** ખેતીકામમાં નીંદવું, પારવવું, ગોડવું, લણવું, વીણવું, ખળું લેવું, કે ભરવા-ઠાલવવા પૂરતાં જ કામો બહેનો કરે એવું નથી. અરે ! સાંતી ચલાવવા, ગાડું હાંકવું, હેંડલ મારી મશીન ચાલું કરવું કે સોળ લિટરિયો પંપ આખો દિવસ ખંભે વળગાડી મોલાતોમાં દવા છાંટવી વગેરે કામો પુરુષોની સાથોસાથ સ્ત્રીઓ પૂરી પ્રવીણતાથી કરે છે. કોઈ કામ એવું નથી કે જેમાં સ્ત્રીઓ ભાગીદાર ન બનતી હોય ! જરૂરિયાત ઊભી થયે કૂવામાં ચડ-ઉતર કરવાનું કે ટ્રેક્ટર કે જીપ ચલાવવાના સંજોગો ઊભા થાય તો તેમાં પણ હોશિયારી બરાબરની દેખાડી દેનારી બહેનો ખેતીમાં  છે, હા, એવાં કેટલાંક કામો પણ છે કે જે માત્ર બહેનો જ કરતી હોય, ભાઈઓ તે પ્રત્યે દુર્લક્ષ સેવતા હોય. જો કે ઘરકામ, વૃદ્ધોની સેવા, મહેમાન સરભરા, બાળ ઉછેર, રસોઈ બનાવવી કે સાંજે-માંદે કુટુંબના સભ્યોની સુશ્રુષાને આપણા સમાજે સુશીલ અને સંસ્કારી ગૃહિણીની ફરજ ગણી આ બધાં કામો બહેનોના માથે થાપેલાં છે. તે બધી ફરજોથી ખેડુતની સ્ત્રી અળગી થોડી હોઈ શકે ?

**થાક બાક માર્યા ફરે ! :** થાકવાની બાબતમાં પુરુષ પહેલો થાકે છે. એને તો બસ, વાડીથી ઘેર આવ્યો એટલે કામ પુરું ! એ તો બસ વાડીનો રાજા ! ઘર ઘરવાળીનું ! નાવા અને ખાવા બધું તૈયાર જોઈએ, તેમાં પોતે હવે કશુ કરવાનું નહીં ! જ્યારે સ્ત્રીઓએ તો વાડીએ હોય ત્યાં સુધી પુરુષની સાથે ખભેખભો મિલાવી મલ્લ-મહેનત કરવાની અને ઘેર પાછા ફર્યા પછી સંધ્યા વેળાએ દૂજણાં દોહવાનાં, વાળુના રોટલા, ખીચડી-કઢી

# કૃષિ સૃષ્ટિ

બનાવવાનાં, સૌને જમાડવાના, ઢાંકો-ઢૂંબો, વાસણ-કુસણ કરી છોકરાં ઢબુરી, ઢોરાને નીરણ-ચારો કર્યા પછી, પગ વાળીને બેસવાનો માંડ દસેક વાગ્યે વારો આવે ! ઊંઘ તો એવી ગાઢી આવે કે એક ઊંઘે જ પડે સવાર! સ્વપ્નું પણ થોડોકેય પ્રવેશવાનો ગાળો ભાળેતો આવેને ? ફરી પાછું ભરકડું થયું ન થયું, ત્યાં રોજના નિત્યક્રમ મુજબની દિનચર્યા ચાલુ !

એ તો ક્યારેક કોઈના સારાં-મોળાં કામમાં ભળવાનું હોય ત્યારે અગાઉથી સવાઈ ઝડપે કામનો વેગ વધારી ધારેલું કામ આટોપી લેવાય તો જ પ્રસંગમાં થોડુંકેય ભળી શકાય. છતાં દેહ ભલે પ્રસંગમાં સૌને ભળાતો હોય, બાકી એનો જીવડો તો વાડીએ અને ઢોરાંમાં જ ભમતો હોય !

**ખેતીની ખરી કરોડજ્જુ ખેડૂતની ખેડૂતની સ્ત્રીઓ છે.** મોટાભાગનું ખેતીકામ પણ પુરુષોની સરખામણીએ સ્ત્રીઓ જ વધારે કરે છે, અરે ! વધારે જવાબદારીથી અને વધારે ચીવટથી કરે છે. જે જે ખેડૂતોની સ્ત્રીઓ પોતાના ખેતીના ધંધામાં જીવંત રસ લઈ પુરુષોની સાથે ભળતી હોય છે, તેની ખેતીની ભાત્ય જુદી પડ્યા વિના રહેતી નથી.

**ભાંગ્યાનો ભેરુ :** ઘણીવાર એવું બને, કે ખેતીમાં બધી વખતે આપણે ધાર્યું હોય એવું બધું થતું હોતું નથી. ક્યારેક મોલમાં કુદરતી સવા-કવા આવી જાય, વરસાદ ઓછા-વધતા થાય, તળમાં પાણી ખૂટી જાય, પાકમાં જીવાત લાગી જાય, ગાય-બળદ જેવું જાનવર માંદુ થઈને ઓચિંતાનું જીવડુ અડી જવાથી ફાટી પડે - ખેતી ઢોર વગરની, છોકરાં છાશ વગરના થઈ પડે, ઓઘા-ગંજીને આગ લાગી જાય, ખળામાંથી કોઈ તૈયાર માલ ચોરી જાય કે ઊભા મોલને હીમ લાગી જવા જેવા આકસ્મિક અને અણધાર્યા કે કુદરતી પ્રકોપોના ઓચિંતાના ઊતરી પડવા ટાણે પુરુષ લમણે હાથ દઈ, ઢીલો ઢફ થઈ બેસી જાય, ત્યારે તેની પાસે આવી એની ઘરવાળી જ કહેતી હોય છે હિંમતના બે વેણ કે થયા કરે, આપણી મહેનત હશે તો ભગવાન કાલ સામું જોશે ! મરદ જેવા મરદ થઈને આમ મુંઝાણે થોડો પાર આવશે ? ભડ થઈને ભાંગી ગયા ? ઊઠો ! ઊભા થાવ, અને હાથ-મોં ધોઈ લ્યો ! પાણી કાઢું છું, નાહી લ્યો, રોટલા તૈયાર છે. બે કોળિયા ધાન પેટનેય પોગાડવું પડશે ને ? છોકરાંય હજુ ભૂખ્યા ટળવળે છે, થોડું ખાઈ લઈએ અને સૂઈ જઈએ, વહેલું પડે સવાર ! બધું થઈ રહેશે. એકમાં નુકસાન ગયું તો બીજામાં એનો લાભ દઈ રહેશે. તમે શીદ મુંઝાઓ છો? હું છું ને તમારી પડખે ! આવી હિંમત તો ઈશ્વરમાં જેને ભારોભાર શ્રધ્ધા હોય તે સ્ત્રી જ આપી શકેને ? એટલે ખેડૂતના ભાંગી પડતા હૈયામાં હામ પુરી ફરી બેઠો કરવાનું કામ (કહોને પીંછા બેસી ગયેલ મોરલાને ફરી કળાયેલ કરતી જાણે કે ઢેલ !) પણ ખેડૂતની સ્ત્રીઓ જ કરી દેખાડતી હોય છે.

**હિંમતમાં ભાયડા ! :** 'તાકાત' અને 'હિંમત' બંન્નેમાં ભાયડા ! આ બાબતે સૌરાષ્ટ્રની ખેડૂત-સ્ત્રીઓની તુલના કરવી બીજા માટે અઘરી છે. અમારા ગામમાં ઉજીબેન એક પટેલની પટલાણી. તે દિ' એની પુરી જુવાની. બનેલું એવું કે એની વાડીના શાક-બકાલાના ક્યારામાંથી કોઈ રીંગણાં મરચાં, ટામેટાં છાનુમાનું ઉતારી જાય, તેની બરાબરની ગંધ ઉજીબેનને આવી ગયેલી. એક દિ' બોરડીના જ ગામનો એક ટણક જુવાનડો ચારેબાજુ નજર કરતો-લપાતો છૂપાતો આવી પહોંચ્યો અને રોજની જેમ રેઢી વાડીમાં આવી બકાલાના ક્યારામાંથી રીંગણા ઉતારવા વળગી પડ્યો. તે બધું ઉજીબેન જોઈ રહ્યા હતાં. થોડાક રીંગણા તોડવા દીધાં, અને પછી ઝબ દઈને ઝાળા ઓથાણેથી ઊભા થઈને પેલાને કાન પકડી એવો કર્યો ઊંચો ને કે આદમીને ભોંઠપનો પાર ન રહ્યો ! "સાલા ! શાક ખાવું હોય તો પૂછી-માંગીને લઈ જતો હો !" પેલો તો કાન મુકાવવા અમળાવવા માંડ્યો, તો કહે "ઊભો રહે છાનો માનો, અને હું કહું તે પુરુ સાંભળી લે ! મને જવાબ આપ, ગરીશ ક્યારેય રેઢી વાડીમાં ? જોઈ લે આ મારા જમણા હાથની કોણી ! એક કોણી ભેળો મારો ભૂરિયો બળદિયો વાંકો વળી જાય છે. તને જો અડી જાશેને ? તો તું તો પડીકું વળી જઈશ !" પેલો કાન મૂકાવી ગયો તે ગયો ! કોઈ દિ' પાછુવાળી જોયું નહીં, આ હિંમત ! અરે, રાત્રે ખળા-ખળવટનું કામ હોય તો ભલે હોય, દિવસ એવી રાત ! અંધારામાં બીવા-ફીવાનું ખેડૂતની સ્ત્રીને થોડું પાલવે ? અરે, અમે અમારા જૂના ગામ ચોસલાં રહેતા ત્યારે ઘેરથી વાડીએ જતો રસ્તો જ મહણિયા સોંસરવો થઈને નીકળતો !છતાંએ અહુર-સવાર, ટાણે-કટાણે સીમમાં જતાં ક્યારેય ખચકાટ અનુભવ્યો નહોતો! બીક તો મનમાં ભરેલી હોય તો લાગે ! બીક કંઈ બહારથી થોડી આવે છે?

**દાન-પુણ્ય બાબતે :** ચોર ખાય, મોર ખાય અને ઢોર ખાય પછી વધે તે ખેડૂતને ભાગે આવે. ખેતીના ધંધામાં ખળા-ખળવટ વખતે માંગણની પણ કતાર લાગે. એટલું તો એય સમજેને કે ઘેર માગવા ગયે ખોબો મળે, જ્યારે ખળાની પાળીએ વગર માગ્યું ને વગર તોળ્યું - સુંડલાના માપે મળે !

ક્યારેક એવું બને કે પુરુષનો જીવ દેવામાં થોડો પાછો રહે તો ધણિયાણી કહી ઊઠે "આપોને થોડું વધારે, આ થોડું "ઘર" છે ? આ તો "ખળું" ગણાય! અને ખળાની પાળીએ એટલું તો માગે જ ને ! એય વસ્તારી માણહ છે, સાંજ પડ્યે પાલી લોટ ખાઈ જતા હશે, ખરુંને હકુડા ?"

**"કીડીને કણ ને હાથીને મણ, પૂરનારો એ છે.** આખા મલકની ચંત્યા લઈ એ ફરનારો છે. એના ધ્યાન બારું થોડું કંઈ હોય ? આપણે તો ભાઈ પુરુષાર્થ કર્યે જવાનો ! અને કહો તો દિ' નો ક્યાં દુકાળ છે ? ખેતીમાં તો ચાર-પાંચ મહિને મોસમ બદલાય. આ માં નહીં મળે તો આવતી મોસમે દઈ રહેશે. આપણી મહેનત હશે તો એણે સામું જોયા વિના છૂટકો છે કાંઈ !" આ ઈશ્વર પ્રત્યેની શ્રધ્ધા ખેડૂત કરતાં ખેડૂત-સ્ત્રીમાં વધુ જોવા મળતી હોય છે, અને એના જ બળે ખેડૂત અને ખેતી બન્નેનો કાળ-દુકાળના કે અણધાર્યા અકસ્માતો - ઝંઝાવાતોમાં બળ મળ્યા કરતું હોય છે.

- મો. ૯૩૨૭૫૭૨૨૯૭

# કૃષિ સૃષ્ટિ



**એચ. એસ. પટેલ - I.A.S. Rtd.**
નિ. કલેક્ટર, કમિશ્નર
લેખક જાણીતા અખબારોના કોલમિસ્ટ છે.

## લોકોપયોગી માર્ગદર્શન

## સિંચાઇ પ્રોજેક્ટમાં જાહેર હેતુ માટે સંપાદન થયેલ જમીનો રિગ્રાંટ કરતી વખતે સતાપ્રકાર અંગે સ્પષ્ટતા કરવા અંગે

જાહેર હેતુ માટે જમીન સંપાદન અધિનિયમ જુનો કાયદો ૧૮૮૪માં ઘડાયેલ, જે બ્રિટીશ શાશન વ્યવસ્થા દરમ્યાન ઘડાયેલ અને જે ૨૦૧૩માં નવીન કાયદો Fair Compensation Rehabilitation and Resettlement Act ના નામથી ઓળખાય છે. પાયાની બાબત જોઈએ તો ભારતના બંધારણમાં મિલ્કત અધિકારનો મૂળભૂત અધિકાર હતો પરંતુ મુંબઈના મીનરવા મીલ્સના ચુકાદા બાદ બંધારણમાં સુધારો કરી મિલકત ધરાવવાના અધિકારમાં સુધારો કરી નાગરિકનો કાનુની અધિકાર આર્ટીકલ - ૩૦૦એ ઉમેરીને આપવામાં આવ્યો છે. એટલે કોઈપણ નાગરિકની જમીન-મિલ્કત કાયદાની પ્રક્રિયા અનુસર્યા સિવાય જાહેર હેતુમાટે પણ ન લઈ શકાય (Save as provided in Law - Article-300A) જુના જમીન સંપાદન અધિનિયમમાં કલમ- ૪, ૬ અને ૧૧, ૨૦ કલમો મહત્વની મહત્વની હતી. કાયદામાં સંપાદિત થતા જમીન / મિલ્કત ધારણકર્તાને યોગ્ય વળતર આપી જમીન સંપાદન કરી શકાય છે. નવીન ૨૦૧૩ના કાયદામાં બજાર કિંમત મુજબનું વળતર, દિલાસા વળતર (Solatium), પુનઃવસવાટ, પુનઃવસન તેમજ Livelihood સહિતની જોગવાઈઓ છે.

ગુજરાતમાં જે મોટી અને મધ્યમ કદની સિંચાઈ યોજનાઓ ઉકાઈ, ધરોઈ, કડાણા, પાનમ, સરદાર સરોવર, ભાદર, મેશ્વા જેવી યોજનાઓ હાથ ધરવામાં આવેલ છે. અને આ યોજનાઓમાં ડુબમાં (Submerge) જતા ગામો અને જમીનો સંપાદન કરવાનો અને પુનઃવસવાટ કરવાનો વ્યાપ મોટા પ્રમાણમાં હોય છે. સૌથી રાષ્ટ્રીય-કક્ષાની Multistate Project તરીકે સરદાર સરોવરના અસરગ્રસ્તો માટે વળતરના ધોરણો અને પુનઃવસવાટ અને બદલામાં આપવામાં આવેલ જમીનના ધોરણો પણ અલગ હતા. એવું કહેવાય છે કે વિશ્વમાં અને દેશમાં સરદાર સરોવર પ્રોજેક્ટના અસરગ્રસ્તોને જે સહાય આપી છે તે સૌથી શ્રેષ્ઠ છે અને તેના કારણે ઘણા વિપરીત પરિબળો પર્યાવરણ સહિતના હોવા છતાં સરદાર સરોવર યોજના ઘણા લાંબા સમય બાદ પણ પૂર્ણ થયેલ છે. રાજ્ય સરકારે મોટી અને મધ્યમ કક્ષાની સિંચાઈ યોજનામાં સંપાદિત થતી જમીનના સાપેક્ષમાં ઓછામાં ઓછી પચ્ચીસ ટકા જમીન સંપાદન થાય તો, સંપાદન થાય તેટલી જમીન અને વધુમાં વધુ પાંચ એકર જમીનની મર્યાદામાં આપવાની જોગવાઈ ૧૧/૬/૭૯ ના ઠરાવથી સિંચાઈ વિભાગે જુદી જુદી સુવિધાઓ જેવી કે ગામતળ, શાળા, પંચાયત, સમાજભવન, જાહેર મકાનો, વીજળીકરણ, ધાર્મિક જગ્યા, સ્મશાન વિગેરે જોગવાઈઓ કરતો ઠરાવ કરવામાં આવેલ અને આ જોગવાઈ હેઠળ જે વળતરરૂપ ખેતીની જમીન ફાળવવામાં આવતી જે સરકાર જેમ અન્ય સરકારી જમીનો ફાળવે તે રીતે નવીન અને અવિભાજ્ય શરતે ફાળવવામાં આવતી, ત્યારબાદ સરકારે વળતરરૂપ જમીનો આપવા માટે અને સુવિધાઓના માપદંડ અંતે તા.૧૫-૨-૮૯થી સંકલિત ઠરાવ જમન-/૩૯૮૮/૩૨૯૯/I - ચ બહાર પાડવામાં આવેલ. સૌની જાણકારી ખાસ કરીને અસરગ્રસ્તોને જણાવવાનું કે સિંચાઈ વિભાગના મધ્યમ અને મોટી સિંચાઈ યોજનાનું પુનઃવસવાટ પેકેજ અને સરદાર સરોવર યોજનાનું પેકેજ અલગ છે. કારણ કે સરદાર સરોવર બહુહેતુક યોજના અને Multiple State Involve છે. એટલે તે અંગેના ધોરણો અલગ છે અને તેના માટે પુનઃવસન સત્તા મંડળ અને Grievance Redressal Authority (GRA) અલગ છે. જે સુપ્રિકોર્ટના આદેશ અનુસાર રચાયેલ છે.

ગુજરાતમાં જે મોટી અને મધ્યમ કક્ષાની સિંચાઈ યોજનામાં જે ખાતેદારોની જમીન કે રહેણાંકના મકાનો જુની શરતના હોવા છતાં સરકારે ૧૯૭૯માં જે નિર્ણય લીધેલ કે આવી જમીનો નવી અને અવિભાજ્ય શરતે ગ્રાન્ટ કરવી અને આના કારણે ખેડુત ખાતેદારોને લોનાગીરો કે વેચાણના પ્રસંગે મુશ્કેલીઓ પડતી જેથી રાજ્ય સરકારના મહેસુલ વિભાગના તા. ૧૧/૨/૧૯૯૭ના ઠરાવ ક્રમાંક જમન-૩૯૯૭-૪૧-ચ અન્વયે સંપાદન થયેલ જમીનના બદલામાં આપવામાં આવતી જમીનો અંગે શું શરત રાખવી અને ગણવી તે અંગે હુકમો કરેલ છે અને તે મુજબ જો અસરગ્રસ્ત ખેડુત ખાતેદારની જમીન સંપાદન કરવામાં આવી ત્યારે જો જુની શરતની જમીન હોય તો જુની શરતની ગણી અને જો નવી અને અવિભાજ્ય શરતની જમીન સંપાદન કરેલ હોય ત્યારે તે નવી શરતની ગણવાની રહેશે આમ દિવા જેવી સ્પષ્ટ બાબત છે કે જો જમીન મૂળ જુની શરતની હોય તો જુની શરત અને નવી શરત હોય તો નવી શરત. આમ આ જમીનોનો ફક્ત સતાપ્રકાર સુધારેલ ઠરાવ મુજબ ફેરફાર કરવાનો હતો. ખરેખર તો સંબંધિત જમીન સંપાદન અધિકારીઓ જેટલી જમીનો એવોર્ડ મુજબ જુની સત્તા પ્રકારમાં ફેરફાર કરવાનો હતો તે એક જ સંકલિત હુકમ કરી સત્તા પ્રકારમાં ફેરફાર કરવાનો હતો અને એવોર્ડમાં જે નવી શરતની જમીનો હોય તો તે મુજબ સંકલિત હુકમ કરવો જોઈએ અને તે મુજબ તેની હુકમ નોંધ હક્ક પત્રકમાં પાડવી જોઈએ જેથી છુટક છુટક ખાતેદારને તેને આપેલ જમીનના સત્તાપ્રકાર અંગે જમીન સંપાદન અધિકારી કે મહેસુલી અધિકારી પાસે જવું ન પડે અને

(અનુસંધાન પેઈજ ૨૯ ઉપર)

# બાલ સૃષ્ટિ



**સંપાદક :**
**ડો. ભગીરથ કે. પટેલ**
ચેરમેનશ્રી - ઈનોવેટીવ અને ઈનીશીયેટીવ કમિટી
સંપાદક બાળકોના ચાહક અને પ્રેરક છે.

# વાદળાં સુધરી ગ્યાં હાં....



**: લેખિકા :**
**ગિરા પિનાકીન ભટ્ટ**
**બાળ સાહિત્યકાર અને દિલ્હી સાહિત્ય અકાદમી એવોર્ડ વિજેતા**
**મો. ૯૯૦૯૬ ૪૧૨૬૨**

વાદળાં તો ભાઈ ભારે ઝઘડાળુ. આખો દિવસ એકબીજા સામે ઘુરકિયાં કર્યાં કરે. એકબીજા સામે જોઈને લડ્યા જ કરે. સહૂનાં મોંએ એક જ વાત સાંભળવા મળે: આવાં ઝઘડાળુ તો કોઈ દિ' ન જોયાં. પરંતુ એમને સમજાવે કોણ ? ને કહે પણ કોણ ? આકાશનું ઝાઝું ચાલે નહીં, અને એકલું કેટ-કેટલાં વાદળોને સમજાવે ? આ જોઈ ધરતી બિચારી રડે.

એક દિવસ દરિયાને ધરતીએ પૂછ્યું 'ધરતીમા, ઓ ધરતીમા, તમે કેમ રડો છો ? તમારું દુઃખ મને કહો, મારાથી બનશે તો એ દુઃખ હું દૂર કરીશ.'

દરિયારાજા, આ વાદળાં આખો દિવસ ઝઘડ્યા કરે છે, ને મારાથી એ નથી જોવાતું. વળી બધાંય વાદળાં એક જ છેડેથી પાણી ભરે ને એક જ ઠેકાણે ઠાલવે... મારી એક કોર ભીની-ભીની ને બીજી કોર સાવ સૂકીભઠ્ઠ. મારું દુઃખ કહેવું તો કોને, ને સમજાવું તો કોને ? આનું નિરાકરણ લાવી આપનાર કોણ ?

'મારાથી શક્ય હશે ત્યાં સુધી હું પ્રયત્ન કરીશ. તમે જરાય ચિંતા ન કરો. ઓહ ! ધરતીમા, આમાં તે શું મોટી વાત છે ? રડશો નહી. હું કાલે સૂરજદાદાને વિનંતી કરીશ ને કહીશ કે તમારાં કિરણો ચારેકોર ફેલાવો ને ! બસ. પછી વાદળાં એક જ ઠેકાણે ભીડ નહીં કરે, ને ચારેકોરથી પાણી ભરશે.'

બીજા દિવસે આકાશે સૂરજદાદાને પ્રણામ કરી વાત સમજાવી. સૂરજદાદાએ પોતાનાં કિરણો ચારેકોર ફેલાવ્યાં. પછી તો વાદળાંની ભીડ અને ધક્કા-મુક્કી ઓછી થઈ ગઈ. ને સામસામે વાદળોનાં ઘુરકિયાં ધીમે ધીમે બંધ થતાં ગયાં. ધરતીમા તો આ જોઈ ખુશખુશાલ થઈ ગઈ ને દરિયા રાજાને મળી એમનો ખૂબ ખૂબ આભાર માન્યો.

દરિયાદેવ, તમે તો ભારે ચમત્કાર કર્યો હોં.... હવે તો વાદળાં સઘળાં સંપથી રહે છે. હળવે-હળવે ગીતો ગાતાં, હસતાં-રમતાં, રૂના ઢગલામાં અવનવા આકારો ધારણ કરે છે. વળી મસ્તીથી આખા ગગનમાં મ્હાલે છે. ધરતી પરના લોકો વાદળાં જોઈ ખૂબખૂબ હરખાય, ને બાળકો તો અવનવાં ગીતો લલકારે.

વાદળી કેરી પોચી પથારીમાં, સૂરજદાદા પોઢે;
ચાંદા-તારાની વાતો દાદા, કહેતા અમને મોઢે.

બાળમિત્રો, ઝઘડાળુ વાદળાંએ દરિયાની વાત, સૂરજની વાત, ને ધરતીની વાત સાંભળી, માનીને સ્વભાવ સુધાર્યો. કેવાં જાતે જાતે જ સમજી ગયાં કે ભાઈ એક ઠેકાણેથી જ પાણી ન ભરાય કે એક ઠેકાણે જ ન ઠલવાય; જળ તો સહુને જોઈએ. પશુ-પંખી, જીવજંતુ, વનસ્પતિ, માનવો સહુ જીવને જળ જોઈએ. આવા પરોપકારી અને અનુભવી સજ્જનોની વાત સાંભળી ત્યારથી વાદળાં બધે જ વરસે... ને ત્યારથી કોઈ નથી મરતું અહીં તરસે... બાળકો, એક કકળાટથી સો કામ બગડે, ને એકમાત્ર સંપથી સો કામ સુધરે.. ■

## સળગતાં પ્રશ્નોને વાચા આપી રહી છું,
## પરિવર્તનની દિશા સ્વીકારી રહી છું.

કાલે હતી નાનકડી લાડકી બાળકી,
આજે આદર્શ ગૃહિણી બની ગઈ છું.
પરિવર્તનની દિશા સ્વીકારી રહી છું.

કાલે હતાં ઝૂલતાં સુખનાં તોરણ,
આજે દુઃખના દરિયા ઉલેચી રહી છું,
પરિવર્તનની દિશા સ્વીકારી રહી છું.

સવારે હતો તપતો નસીબનો સૂરજ,
સાંજે ક્ષિતિજે ડૂબતાં સૂરજને નિહાળી રહી છું,
પરિવર્તનની દિશા સ્વીકારી રહી છું.

કાલે હતો ચંદ્ર સોળે કળાએ પૂનમનો,
આજે ક્ષીણ થતો અનુભવી રહી છું,
પરિવર્તનની દિશા સ્વીકારી રહી છું.

કાલે હતાં અંગો રુષ્ટ-પુષ્ટ તંદુરસ્ત,
આજે શિથિલ ગાત્રો અનુભવી રહી છું,
પરિવર્તનની દિશા સ્વીકારી રહી છું.

કાલે હતાં જીવનમાં રંગીન પડાવ,
આજે આતમનું ખોળિયું બદલી રહી છું,
પરિવર્તનની દિશા સ્વીકારી રહી છું.

પરિવર્તન સંસારનો નિયમ છે,
એ નિયમના તાપણે તપી રહી છું,
પરિવર્તનની દિશા સ્વીકારી રહી છું.



**- પ્રજ્ઞા પટેલ "પ્રાર્થી" (કલોલ)**



**શૈલેષભાઇ પટેલ**
મેનેજર - વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન

## મહાભારત તથા શક્તિમાન સીરીયલના કલાકાર મુકેશ ખન્નાજી વિશ્વ ઉમિયાધામે ‘મા’ ના દર્શનાર્થે






તારીખ ૧૯-૦૭-૨૦૨૫ના રોજ વિશ્વ ઉમિયાધામ ખાતે મહાભારત સીરીયલના મહાનાયક ભીષ્મપિતામહનો અભિનય કરનાર તથા પ્રસિધ્ધ ધારાવાહિક “શક્તિમાન” એવા સુપરહિટ કલાકાર શ્રી મુકેશ ખન્નાજી માં ઉમિયાના દર્શનાર્થે પધાર્યા હતા. સાથે તેમના આવનારી ગુજરાતી ચલચિત્ર “વિશ્વગુરૂ”નું પ્રમોટ પણ કર્યુ હતું.

## VIBESનો લીડરશીપ ટ્રેઈનિંગ કાર્યક્રમ યોજાયો





હોટલ સિલ્વર ક્લાઉડ, અમદવાદ ખાતે યોજાયેલ આ કાર્યક્રમમાં ૯ ચેપ્ટર્સમાંથી ૧૭૫થી વધુ VIBES સભ્યોએ ઉત્સાહભરી હાજરી આપી.શ્રી આર.પી.પટેલ સાહેબ દ્વારા પ્રેરણા આપતી વાણીને સાંભળી સભ્યોએ પોતાની નવી જવાબદારીઓ માટે દિશાદર્શન મેળવ્યું. જેમાં સફળતા માટેની ચાવીરૂપ બાબતો સમજાવવામાં આવી. મેન્ટર્સ અને લીડરશીપ ટીમ માટેના સત્રનું માર્ગદર્શન શ્રી આકાશ વડાલિયા, મયુર પટેલ અને શ્રી સાગર પટેલ દ્વારા આપવામાં આવ્યું જેમાં નેતૃત્વ વ્યૂહાત્મક માર્ગ દર્શાવવામાં આવ્યો. અંતે ડો.ભગિરથ પટેલના ભાવપૂર્ણ સમાપન સંબોધન દ્વારા સભ્યને VIBESની ભાવના જાળવવા અને નિષ્ઠાપૂર્વક કામ કરવા માટે ઉત્તમ પ્રેરણા મળી.

## સુરત ખાતે સર્વ સમાજના હોદ્દેદારશ્રીઓની મિટીંગ





સુરતની મીટિંગમાં દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાના સંગઠનના હોદ્દેદાર તથા સમાજશ્રેષ્ઠીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં રૂા.૧૦૦૦- ૧ ઇંટના દાન લેખે ૫ લાખ ઇંટની જાહેરાત કરતાં ૫૦ કરોડનું દાન ૫૦ મિનિટમાં એકત્ર થયું હતું. ૫ લાખ ઇંટદાનના સંકલ્પમાં કાળા ચુડા કડવા પટેલ સમાજ, સૌરાષ્ટ્ર કડવા પટેલ સમાજ-સુરત, ઉ.ગુ. કડવા પટેલ સમાજ કચ્છ કડવા પટેલ સમાજ, લાલ ચુડા કડવા પટેલ સમાજ જોડાયા છે.

## ગુરૂપૂર્ણિમાનાના પવિત્ર દિવસે
## નવચંડી યજ્ઞ તથા ધર્મ ગ્રંથોનું પૂજન





અષાઢ મહિનાની પૂનમ એટલે ગુરૂપૂર્ણિમાના પવિત્ર દિવસે વિશ્વ ઉમિયાધામ, જાસપુર ખાતે મોટી સંખ્યામાં ભક્તો જગતજનની મા ઉમિયાના દર્શાનર્થે પધાર્યા હતા. જેમા પૂનમના દિવસે નવચંડી યજ્ઞનું આયોજન પણ કર્યુ હતું. જેમાં યજ્ઞના યજમાનશ્રી પ્રહલાદભાઈ જેઠાભાઈ પટેલ ( સિલ્વર ટ્રસ્ટી )પરિવારે લાભ લઈ મા ઉમિયાના કૃપાપાત્ર બન્યા હતા. આ દિવસે સનાતન ધર્મ ગ્રંથોનું વિશેષ પૂજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના પરમ પૂજ્ય ગુરૂદેવ શ્રી રાજેન્દ્ર પ્રસાદ શાસ્ત્રીજીની દિવ્ય વાણીથી ગુરૂના મહિમા અંતર્ગત ધર્મ સભાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

## વિશ્વ ઉમિયાધામ ખાતે સારસ્વત પરિષદની મીટિંગ




વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા ૧૯ જૂલાઈ શનિવારના રોજ **"વિશ્વ ઉમિયા સારસ્વત પરિષદ"**ની મીટિંગ ચેરમેન શ્રી મફતલાલ પટેલની અધ્યક્ષતામાં મળી હતી. જેમાં ઉપસ્થિત લેખકોએ મા ઉમિયા વિશે વિવિધ પ્રકારનું સાહિત્ય સર્જન કરવાની જવાબદારી સ્વિકારી ઉમદા સહયોગ આપ્યો હતો. સંસ્થાના પ્રમુખશ્રી આર.પી.પટેલે સહુને હૃદય પૂર્વક આવકારી સાહિત્ય પરિષદની જવાબદારી સ્વિકારવા બદલ સૌને અભિનંદીત કર્યા હતા. પ્રો. ડો. જે.એમ. પનારાએ સૌનું સ્વાગત કર્યુ હતું તથા ધવલ માકડિયાએ આભારવિધી કરી હતી. આ મીટિંગમાં પ્રો.મફતભાઈ પટેલ, મણીભાઈ પ્રજાપતિ, પ્રો.ઈશ્વરભાઈ ઓઝા, ડો.ભાવેશ જેતપરિયા, ગિરા પિનાકીન ભટ્ટ, ભૂપેન્દ્ર ધોળકિયા, અજિત દેસાઈ, ધવલ માકડિયા, પ્રો.ડો.જે.એમ. પનારા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## ગોલ્ડ દાન






મા ઉમિયાના સૌથી ઊંચા મંદિરમાં મા ઉમિયાની ભવ્ય સુવર્ણ મૂર્તિ સ્થાપિત થનાર છે, તે મૂર્તિમાં મારૂં પણ સૂવર્ણ દાન માના ચરણોમાં અર્પિત થાય તેવા ભાવ સાથે સ્વામીશ્રી પુરુષોત્તમાનંદજી મહારાજજીએ સૂવર્ણદાન કરી ધન્યતા અનુભવી હતી.

# સમાચાર



**ડો. રૂપલબેન પટેલ**
સમાચાર સંપાદિકા

## યુવા સંગઠન આયોજીત પદભાર સમારોહ








વિશ્વના સૌથી ઊંચા ૫૦૪ ફૂટ મા ઉમિયાના મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ડીસેમ્બર - ૨૦૨૭મા ઉજવવા જઈ રહ્યા છીએ ત્યારે વિશ્વ ઉમિયાધામ જાસપુર ખાતે કેન્દ્રીય યુવા સંગઠન દ્વારા આજે એક સાથે ૨૧ જિલ્લાઓના હોદ્દેદારશ્રીઓ તેમજ સભ્યશ્રીઓને પદભાર સંસ્થાના પ્રણેતા એવ્મ પ્રમુખશ્રી આર. પી. પટેલના અધ્યક્ષ સ્થાને અને યુવા સંગઠનમાં ચેરમેનશ્રી જીતુભાઈ પટેલ, પ્રભારી શ્રી જયેશભાઈ પટેલ તેમજ મહામંત્રી શ્રી સુરેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં એનાયત કરવામાં આવેલ, જેથી નવી જવાબાદારીઓ સાથે યુવા શક્તિ વિશ્વ ઉમિયાધામના નિર્માણ માટે વધુ જાગૃત અને પ્રેરિત બનશે.

## પવિત્ર શ્રાવણ માસના પ્રથમ દિવસે શિવ પૂજા







પવિત્ર શ્રાવણ માસના પ્રથમ દિવસે શ્રી ઉમેશ્વર મહાદેવની રૂદ્રાભિષેક પૂજા વિશ્વ ઉમિયાધામ ખાતે સંસ્થાના પ્રમુખશ્રી દ્વારા કરવામાં આવેલ. શ્રાવણ માસમાં આવનાર દર્શનાર્થીઓ માટે નિ:શુલ્ક ભોજન પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવે છે.

વિશ્વ ઉમિયાધામ
અમદાવાદ

# “મારી ઈંટ મા ના મંદિરે”
## ઈંટદાન અભિયાન

Vishv UMIYA Foundation

“વીરતા પરમો ધર્મ” અને “એકતા પરમો ધર્મ” ના મંત્રને ઉજાગર કરવાના ભાગરૂપે અમદાવાદમાં રૂા. એક હજાર કરોડના ખર્ચથી સનાતન ધર્મના પ્રતીક અને આસ્થાના કેન્દ્ર સમા જગતજનની મા ઉમિયાના વિશ્વના ઊંચામાં ઊંચા મંદિરનું નિર્માણ સંસ્થા દ્વારા થઈ રહેલ છે, જેનો પ્રાણ - પ્રતિષ્ઠા મહોત્સવ ડિસેમ્બર ૨૦૨૭ માં ભવ્યાતિભવ્ય રીતે ઉજવવામાં આવનાર છે.



સમગ્ર બ્રહ્માંડનું કેન્દ્રબિંદુ એટલે શિવ અને શક્તિ. શિવ એટલે દેવાધિદેવ મહાદેવ અને શક્તિ એટલે મા પાર્વતી, જેનું બીજું નામ મા ઉમિયા, કે જેના નવ સ્વરૂપો અને એકાવન શક્તિ પીઠમાંથી આપણને શક્તિ અને ઊર્જા સતત મળતી રહે છે, ત્યારે “હું સનાતની છું” ના ગૌરવ સાથે પ્રત્યેક સનાતની પરિવારનો દરેક સભ્ય જગતજનની મા ઉમિયા પ્રત્યેની આસ્થા - શ્રધ્ધા સાથે મંદિર નિર્માણના ઈંટદાન અભિયાનમાં “મારી ઈંટ મા ના મંદિરે” અંતર્ગત પોતાનું યોગદાન અર્પિત કરે તેવી લાગણીસભર અપીલ આપશ્રીને કરીએ છીએ.

સ્નેહીશ્રી, વિશ્વ ઉમિયાધામમાં નિર્માણાધીન મા ઉમિયાનું મંદિર પ્રત્યેક સનાતની માટે આસ્થા - એકતાનું પ્રતીક, શિક્ષણ અને આરોગ્યનું ધામ અને યુવા - મહિલા સશક્તિકરણનું કેન્દ્ર છે. જ્યાં ધર્મ - સંસ્કૃતિ અને રાષ્ટ્ર હિતની વિચારધારા કેન્દ્ર સ્થાને છે, તેવા મંદિરનું નિર્માણ હાલ પૂરજોશમાં ચાલી રહેલ છે, જેમાં સહભાગી થઈ મા ઉમિયાના કૃપાપાત્ર બનીએ.

**“ધર્મો રક્ષતિ રક્ષિતઃ” મંત્રને યાદ કરીએ - સનાતની એકતા આજની આવશ્યકતા છે.**

## મારું ઈંટદાન
### મા ના ચરણોમાં

એક ઈંટદાન
રૂા.૧૦૦૦/-

બેંક વિગત : A/c. ધી મહેસાણા અર્બન કો.ઓ.બેંક લિ.,
સાયન્સ સીટી શાખા, અમદાવાદ
Bank A/c. No. 00441001001446
IFSC Code - MSNU0000044.

VISA mastercard Google Pay UPI PhonePe

**ઓનલાઈન ઈંટદાન માટે VUF એપ્લિકેશન ડાઉનલોડ કરો**

Mob. Play store માં જઈ Vishv Umiya Foundation App Search કરી Install કરો, App ઓપન કરી મોબાઈલ નંબર એડ કરો, મોબાઈલમાં આવેલ OTP દાખલ કરી આપની સંપૂર્ણ વિગત ભરો, ત્યારબાદ મોબાઈલ એપ્લીકેશનમાં બટન પર ક્લિક કરો. ઓપન થયેલ મેનુમાં Collect Donation પર ક્લિક કરો, ત્યારબાદ ઓપન થયેલ QR Code થી પેમેન્ટ કરી શકાશે.

“વિશ્વ ઉમિયાધામ-જાસપુર”, વૈષ્ણોદેવી મંદિરની સામે, એસ.જી.હાઈવે, અમદાવાદ-૩૮૨૭૨૧
+91 72020 80222/333 vuf.org vishvumiyafoundation

JC SONI JEWELLERS
Soni Jayendrakumar Chunilal (Paliyadwala)
INDIA & USA
National Sponser

VPL - USA TOURNAMENT

Vishv UMIYA Foundation

# Cricket & Volleyball
## TOURNAMENT 2025

## Zone-wise across The **USA!**

**ZONE-01** — New England — Host: *Boston*

| | |
|---|---|
| K.D. Patel | +1 (617) 852-4764 |
| Vishnubhai Patel | +1 (508) 259-2140 |

**ZONE-02** — Pennsylvania — Host: *Scranton*

| | |
|---|---|
| Jigneshbhai Patel | +1 (570) 380-3619 |
| Nitinbhai Patel | +1 (909) 268-2324 |

**ZONE-03** — NJ & NY — Host: *New Jersey*

| | |
|---|---|
| Mahendrabhai Patel (NJ) | +1 (732) 857-5501 |
| Vinodbhai Patel (NY) | +1 (718) 413-8359 |

**ZONE-04** — Maryland — Host: *Maryland*

| | |
|---|---|
| Nareshbhai Patel | +1 (443) 527-1680 |
| Kalpeshbhai Patel | +1 (443) 520-5812 |

**ZONE-05** — TRY STATE (KY, IN, OH) — Host: *Kentucky*

| | |
|---|---|
| Chetanbhai Patel (KY) | +1 (443) 600-2055 |
| Harshadbhai Patel (IN) | +1 (317) 213-1588 |
| Pragneshbhai Patel (OH) | +1 (859) 552-3377 |

**ZONE-06** — Texas — Host: *Austin*

| | |
|---|---|
| Gauravbhai Patel | +1 (737) 990-8910 |
| Rajubhai Patel | +91 98254 58968 |

**ZONE-07** — Tennessee — Host: *Knoxville*

| | |
|---|---|
| Happybhai Patel | +1 (865) 235-0156 |

**ZONE-08** — Alabama — Host: *Montgomery*

| | |
|---|---|
| Pareshbhai Patel (South AL) | +1 (334) 221-8409 |
| Aadeshbhai Patel (North AL) | +1 (256) 738-8097 |

**ZONE-09** — South Carolina & North Carolina

| | |
|---|---|
| Rajbhai Patel (SC) | +1 (586) 722-3759 |
| Ashokbhai Patel (NC) | +1 (252) 508-9898 |

**ZONE-10** — Florida & Georgia — Host: *Jacksonville*

| | |
|---|---|
| Jashminbhai Patel (FL) | +1 (951) 640-2460 |
| Bharatbhai Patel (GA) | +1 (478) 235-2220 |
| Pareshbhai Patel | +1 (352) 361-4479 |

**Dineshbhai C. Patel**
General Secretary - VUF, USA - +1 (240) 893-3390

**R. P. Patel**
**President - VUF**

**Anitaben Patel**
Vice Chairman - VUF, USA - +1 (508) 250-5883

**V. P. Patel** — Central Vice President - VUF
**J. P. Patel** — Chairman - VUF, USA
**Vijaybhai V. Patel** — Vice Chairman - VUF, USA
**Atulbhai P. Patel** — Vice Chairman - VUF, USA
**Bharatbhai Patel** — Vice Chairman - VUF, USA

A Place of Divinity, Unity and Energy
VISHV UMIYADHAM
Ahmedabad

**Team: Vishv Umiya Foundation, USA**

VISHV UMIYA FOUNDATION · ISO 9001:2015 · Reg. A/4445/Ahmedabad

Central Office: Vishv Umiyadham, S. G. Highway, Jaspur, Ahmedabad 382721 Gujarat, India
+91 7202080222 / 333 · contact@vishvumiyafoundation.org



વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા ગાંધીનગર ખાતે
Vishv UMIYA Foundation
VUF INSTITUTE CIVIL SERVICES
GPSC MMEP
" Mains Mentorship Enrichment Program "
લાઇબ્રેરી, રહેવા અને જમવાની સગવડ સાથે
Admissions Started
Daily 1 કલાક Answer Writing / Daily Evolution
Daily Quick Revision Lecture
One to one Mentorship
2 Full mock Test સંપૂર્ણ Free
સોમ થી શનિ, 10 અઠવાડિયા સુધી સુનિયોજિત કાર્યક્રમ
Answer Writing સાથે સંપૂર્ણ અભ્યાસક્રમ આવરી લેવામાં આવશે.
JOIN NOW
72020 80202
Vufics, C/o Radiant School Of Science,
Kh Road, Sargasan, Gandhinagar 382421

Registered Under "R.N.I. No. GUJGUJ/2023/84401" Permitted to post at Ahmedabad PSO, on 8th date of every Month under Postal Regd. No. G-GNR-354 issued by SSP GNR valid upto 31/12/2025
Off. : Vishv Umiyadham - Jaspur, Opp. Vaishnodevi Temple, S. G. Highway, Ahmedabad, Gujarat - 382721



siban

Residential & Retail Spaces

At GIFT City

www.gujrera.gujarat.gov.in/MAA14625



સંજયભાઈ પટેલ

(વિસલપુર)

Sales executives

+91 99743 52727



THE CITADEL

COMMANDING THE CITYSCAPE

RETAIL AND OFFICE SPACES

AT ISCON AMBLI ROAD

PR/GJ/AHMEDABAD/DASKROI/AHMEDABAD MUNICIPAL CORPORATION/CAA14269/171024/311229

GUJRERA.GUJARAT.GOV.IN